


જરથોશ્તી ઈલ્મે ક્ષ્નૂમ સીરીઝ, નં૦ ૨ જું.

જરથોશ્તી ઇલ્મે "ક્ષ્નૂમ" ની ચાવીથી ખોલાયલી "સુદરેહ-કુસ્તી" ની ઉંડાણ સમજણ.

"તાવીલ-ઈ-સુદરેહ"

The Inner Deep Scientific Rationale of the Sacred Shirt "Sudreh."

લખનાર તથા પ્રગટ કરનાર:

બહેરામશાહ નવરોજી શરાફ.

માછલી પીઠ, સુરત.

સને ૧૨૮૩ યઝદેઝરદી—સને ૧૯૧૩ ઇસવી

આ પુસ્તક નવરોજી નશરવાનજી બીલીમોરીયાએ ચેરાગ પ્રીન્ટીગ પ્રેસ, ભોઇવાડ લેન, કોટ, મુંબઇમાં પ્રગટ કરનાર માટે છાપ્યું છે.

નજર નામે યાને અર્પણ પત્ર.

DEDICATION.

"જરથોસ્તનામેહે દરેગો ખદાતહે" ની તાવીલમાં જણાવ્યું છે તેમ "ઉલ વુજુબ" યાને કુદરતમાં નિરમાણ થયલાં આસ્માનોની ગરદેશના ઇન્કલાબ યાને નતીજા તરીકે ઇરાન સલ્તનત તારાજ થયા પછી બચેલા બસ્તે-કુસ્તીઆંનો માટે સઘળી પાયમાલી છતાં તે દીવસ બખ્તાવર હતો, કે જે દીવસે વ્હાલાં વતન ઇરાન સર જમીનનો કીનારો હમેશને માટે છોડી દઇ, નેહાવંદની ગમખાર લડાઇ પછી આસરે એક સૈકાના એયામ બાદ, જરથોસ્તી દીનના અસલ મુળ તત્વોની જાળવણીને ખાતર, પોતાનાં ઘરબાર, વાડી વજીફા, માલમત્તા, જાગીર, રાજપાટ, વગેરે પોતાનું સર્વસ્વ, ફકત પોતાના પ્યારા ધર્મ ઉપરની જાનફેશાંનીને ખાતર મુકી દઇ, હીંદુસ્તાનની પનાહ આપનારી જમીન ઉપર "પારસી" તથા "જરથોસ્તી" નામ કાયમ

પાળી તે ગોફેનશીન સાહેબ દેલાન સાહેબો તથા તેઓનાં પાસબાન આબેદાન આબેદ સોષાવરેજ મરજબાનજી સાહેબ તરફના આશીરવાદ મેળવતા રહે,—તમામ જરથુસ્ત્રોતેમો તરફ પુષ્કળ માનની લાગણી બતાવતા રહે,—વખ્શુરે વખ્શુરાંન રમ્જગો અશો સ્પિતમાન જરથુસ્ત્ર સાહેબ ઉપર બેશુમાર સના ઓ દરૂદો ગુજારતા રહી,—તમામ અશોઇનું શ્રેષ્ઠમાં શ્રેષ્ટ અને ગાલેબમાં ગાલેબ કૌવત મેળવી,—તમામ યજદી કવિ-ઉલ–કવિ શકિતઓની મારેફતથી, દાદાર અહુરમજદની દરગાહ "ગરોન્માન" માં અમરદાદની અમર્ગીનું "ઉશ્તા" પામી "અહુર-મજદી તખ્ત" નજદીક પહોંચો!

આમીન! આમીન!! આમીન!!!

શરૂઆતના બે બોલ (Foreword)

મારા ખુદાની મહેરબાનીથી "જરથોશ્તી ઇલ્મે ક્નૂમ સીરીઝ" ની શરૂઆત થઇ ચુકી છે, એટલે ધીમે ધીમે જરવાન યાને વખતને અનુસરતી જરથોશ્તી ઇલ્મે ક્નૂમની મારફતે દીનને લગતી બાબદોની કંઇક સમજણ આ હાર-માળા રૂપે મળતી રહેશે એવી વકકી સીરીઝ નં૦ ૧ ના દરેક દીનદાર વાંચનારે રાખી હશે, એ બનવા જોગ છે, અને માર્ગમાં કેટલીએક કુદરતી રીતે આવતી અડચણો પછી અંતે આ "જરથોશ્તી ઇલ્મે ક્નૂમ સીરીઝ નં૦ ૨ જું" બહાર પાડતાં ખુશાલીથી મારા ખુદાનો ઉપકાર માનું છું.

સીરીઝ નં૦ ૧ લું વાંચ્યા પછી "જરથોશ્તી દએન" પોતાની અંદર કેઇ કેઇ બાબદો સમાવી દે છે તેનો દરૂસ્ત ખ્યાલ તે ચોપડી વાંચનારને આવ્યો હશે, અને તેમાં જણાવેલી દરેક બાબદ છુટી છુટી લેઇને લોકોના હાલના માદા (mental equipment) ને અનુસરતું તુલોતવીલ બ્યાન બહાર પાડવાને માટે ચાલુ ઉલટભરી અરજ કરવામાં આવતી હતી. જરથોશ્તી ઇલ્મે ક્નૂમની મારફતે જરથોશ્તી દએનની દરેક બાબદો સમજવા માટેની કોમમાં દીનદારો તરફથી ચાલુ ઉમંગ અને જાનફેશાની પ્રદર્શીત થયા કરવાને લીધે એક ઘણીજ અગત્યની તથા આપણી સૌથી નજદીકની બાબદ "સુદરેહ-કુસ્તી" ની સમજણ આપવાને માટે કેટલાક મીત્રો તરફથી અરજભર્યું દબાણ કરવામાં

આવ્યું હતું. પણ સુદરેહ તથા કુસ્તી બેઉ બાબદો ઘણીજ લંબાણ તાવીલ સમાવી દેતાં હોવાને લીધે હાલમાં આ સીરીઝ નં૦ ૨ માં ફકત સુદરેહનીજ તાવીલ આપવાનો વિચાર દરૂસ્ત લાગ્યો છે.

આ સુદરેહનીજ બાબદ સીરીઝ નં૦ ૨ જાં માટે કાંય પસંદ કરવામાં આવી તે ઇલ્મ્યતથી કહેવાની આગમજ કેટલીએક બાબદોનો હ્યાં ખુલાસો કરવાની જરૂર છે. પહેલાં-તો એ કે આ ઇલ્મે ક્ષ્નૂમ "કલમી" થઇ શકે એવો નથી યાને બરાબર સમજવાને માટે કાગળ ઉપર લખી યા છાપી શકાય એવો ઇલ્મ નથી; કારણ ફકત એટલુંજ છે કે આ ઇલ્મ ભાષામાં અને તેણી વળી હાલની ચાલુ ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં દર્શાવવો ઘણોજ મુશ્કેલ છે. જોકે જબાનની મારફતે આ ઇલ્મ પુરેપુરો મેળવી શકાતો નથી છતાં જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ તેની પોતાની ઉસ્તાદી જબાનમાં ઉસ્તાદ સાહેબ તરફથી સમજીને તેહસીલ કરવો એ વળી ઓરજ વાત છે. જયારે આ ઇલ્મને ગુજરાતી યા ઇંગ્રેજી ભાષામાં રજુ કરવામાં આવે છે ત્યારે ઇલ્મ સમજાવનાર જે કંઇ તાલેબે-ઇલ્મને કહેવા માંગે છે તે આબેહુબ ધ્યાનમાં ઉતારી (convey) શકાતું નથી. ઉસ્તાદ સાહેબ એક ચીજ કહે છે જયારે તાલેબે-ઇલ્મ કંઇ બીજીજ ચીજ તે ઉપરથી સમજે છે. આ કારણને લીધેજ "જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુત" ના કલાસોમાં કોઇબી જણને નોટ લેવા દેવામાં આવતી નથી, કારણકે પશ્ચીમ તરફની સ્થુળ કેળવણી

પામેલી મગજ શકિત આ ઇલ્મ વાજબી રીતે નહી સમજી શકવાને લીધે પછી ઘણો અર્થનો અનર્થ થવાનો સંભવ રહે છે. આ સીરીઝ રૂપે લખાણ બહાર પાડતી વખતે બી ભાષાને માટે ઘણીજ બારીક સંભાળ લેવી પડે છે, છતાં પણ જો આ લખાણોને ધીરજથી એક પછી એક મરકજ યાને પોઇંટ લઇને ગંભીર અભ્યાસ તરીકે વાંચવામાં નહી આવે, અને ઉપર ટપકેથી ન્યુસપેપરની ખબર મીસાલ યા નવલકથા મીસાલ વાંચી જવામાં આવે તો પછી આવી રીતે ઉતાવળથી વાંચનારને સમજ નહી પડે, અને ઇલ્મનો અસલ સરશોક (essential spirit) મેળવી નહી શકે એ બનવા જોગ છે.

વળી આ ઇલ્મે ક્ષ્નૂમ સમજવાને માટે કુદરતમાં પોતાનામાં જેટલી ધીરજ છે તેટલીજ ધીરજ દરેક તાલેબે-ઇલ્મ યાને ઇલ્મે ક્ષ્નૂમ સમજવા માટેના તલબગારે રાખવાની જરૂર છે. બીજા શબ્દોમાં બોલ્યે તો શરૂઆતમાં ઇલ્મે ક્ષ્નૂમ સમજતી વખતે પએગામ્બર સાહેબના "અકવાલો" યાને જે ખાતરદારીથી બુલંદ કોલો કુદરતના કાયદાની મ્હાન ક્રીયા બાબે આપેલા છે તે કોલ ઉપર સંપુર્ણ એતેકાદ રાખીને વખ્શુરે વખ્શુરાન સાહેબના આજ્ઞુરફરો માન્ય રાખવાં જોઇએ છે. હાલમાં પશ્ચિમની સ્થુળ કેળવણી લીધેલી મગજ શક્તિ ફક્ત "માકુલાત" યાને મગજશક્તિ (reason) થી બધુંજ સમજી લેવા માંગે છે, અને કાંય! કેમ! શામાટે! વગેરે સવાલો શરૂઆતથીજ પુછવા મંડી જાય છે. જે પ્રમાણે

એક નાના બાળકે પોતાના પીતા ઉપર પ્રેમભર્યો એતબાર રાખી પોતાના પીતાના સખુન તથા શીખામણો માન્ય રાખી ચાલવું જોઇએ, અને પછી તે શીખામણો પ્રમાણે ચાલી મોટું થઇ તે ઉમરે પુગીને પોતાની પુખ્ત સમજદારીથી પીતાની અગાઉની શીખામણો કાંય કેમ અને શામાટે આપવામાં આવી હતી તે તુરત પોતાની મેળે સમજી શકે છે, તે પ્રમાણે હાલની ગમે એવી પશ્ચિમની સ્થુળ કેળવણી પામેલી મગજશક્તિની હાલત એક બાળક મીસાલ હોવાને લીધે વખ્શુરે વખ્શુરાંન સાહેબના અકવાલ ઉપરજ રહીને ઇલ્મે ક્ષ્નૂમ ચોકસ દરજજા સુધી તેહસીલ કરી, તે મુજબ અમલ કરવાથીજ જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમની ઘણીજ ચહડતા દરજજાની બાબદો કાંય! કેમ! વગેરે બધું સમજ પડવા માંડે છે. જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ તો એક મહાન દરીયાવ છે, અને તેટલા માટે પશ્ચિમ તરફની સ્થુળ કેળવણીના નાનકડા પાણીના નાળાંની અંદર એક દેડકા મીસાલ રહેતી મગજશક્તિએ પોતે બધુંજ પાણી જોઇ લીધું છે એવું માની લેવું જોઇતું નથી. જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમના તલબગારે તો તદન ખાકસારીથી પીઠ પહોળી રાખી, તથા છાતીમાં હીમત રાખીને પોતાના ખુદાની મહેરબાનીથી ઘણુંજ સંભાળથી ધીમે ધીમે આ મોટા દરીયાવમાં સહેલ કરવા માટે કદમે કદમે આગળ વધવાનું છે. આવી રીતે ત્યારે પોતાના ધર્મ તરફના સંપુર્ણ એતેકાદથી આ ચોપડી વાંચીને "ફ્રેહા ફીધેલાં

અંતઃકરણ તરફથી મન તરફ વળણ લઇને" પછીજ હરેક દીનદાર જરથોશ્તી, ઇલ્મે ક્ષ્નૂમની મારેફતથી આ સુદરેહની તાવીલ સમજી લેઇને જરથોશ્તી દએનની બુલંદીનો છાપ પોતાના અંતઃકરણમાં સદા કોતરી રાખશે એવી આશા રાખવામાં આવે છે.

જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ લખાણ રૂપે બહાર પાડવાનું કાર્ય કેટલું બધું મુશ્કેલ છે તથા આ ઇલ્મની મારફતે "જરથોશ્તી દએન" જે ગોયા તમામ સૃષ્ટિ રચનાનો કાયદો છે તે સમજવાને માટે કેટલી બધી ધીરજની જરૂર છે આ એ બીના હરેક વાંચનાર પોતાના ધ્યાનમાં રાખશે. વળી આ નં૦ ૨ જામાં ઇન્ડેકસ તથા ફુટ-નોટ આપવાનું ધોરણ અખત્યાર કરવામાં આવ્યું છે. અવસ્તા અને પહેલવી શબ્દો નહી જાણનારાઓને કદાચ ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝના લખાણો અને તેમાં જગેજગ વપરાતા લોગતો કદાચ ઘણા નવાઇ જેવા લાગે એ બનવા જોગ છે, અને તેટલા માટે અવાર નવાર ફુટ-નોટ આપીને બતાવવામાં આવ્યું છે કે અમુક શબ્દો અવસ્તાના ગાથા, યજશ્ને, વગેરે લખાણોમાં યાતો પહેલવી કેતાબોમાં વપરાયલા છે. આપણા પુરેપુરાં એકવીસ નુસ્કોમાંથી જમાનાની ગરદેશને લીધે જે કંઇ ઘણોજ નાનો દોઢેક નુસ્ક જેટલો ભાગ હાલમાં મોજુદ બચેલો છે તેમાં પણ ઘણીએક જાણવા લાયક જરથોશ્તી દએનને લગતી બાબદો આવેલી છે, તથા તે "ઇલ્મે ક્ષ્નૂમ" ની ચાવીથીજ ખોલીને સમજી શકાય છે, એમ બતાવવાને ખાતર ફુટ-નોટ

આપવામાં આવી છે. જે જે શબ્દો સીરીઝ નં૦ ૧ લા માં આવી ગયલા છે તે શબ્દોના અર્થો જોવાને માટે ફુટ-નોટમાં સીરીઝ નં૦ ૧ લામાં જોવા માટે કહેવામાં આવ્યું છે. આ ફુટનોટમાં જે જે અવસ્તા પહેલવીની સાહદતો આપવામાં આવેલી છે તે સાહદતો ચોકસ એકજ ચમનમાં યાને બાબદમાં આબેહુબ લાગુ પડે છે એમ માની લેવું નહી, કારણ કે ફૂટનોટમાં આપેલી અવસ્તા સાહાદતોના ભાવાર્થ "સ્તોત" ને કાયદે સમજવાને માટે વળી ચોપડી ભરાય એટલું લખાણ થવા જાય છે. ફૂટ-નોટની મતલબ ફક્ત વાંચનારને એટલુંજ બતાવવાની છે કે આ ઇલ્મે ક્ષ્નૂમનું શીક્ષણ જે એકવીસે એકવીસ નુસ્કની સમજણ ધરાવે છે તેને હાલના બચી રહેલાં મોજુદ અવસ્તા અને પહેલવી સાહીત્ય તરફથી પણ ઘણો મોટે ભાગે ટેકો મળે છે અને અવસ્તા પહેલવી તેના ખરા અસલ અર્થમાં સમજવાને માટે ગાથામાં જણાવેલાં "ક્ષ્નૂમ" ની ચાવીનીજ જરૂર છે.

હવે ત્યારે "સુદરેહ" ની તાવીલ આ સીરીઝ નં૦ ૨ જામાં આપવાની મતલબ આ છે. "સુદરેહ-કુસ્તી" શું મુફલેસ કે શું તવંગર દરેકે દરેક બસ્તેકુસ્તીઆન તરીકે જન્મ લેનાર બાળકને પહેરાવવામાં આવે છે, અને આખી જીંદગી સુધી બસ્તેકુસ્તીઆંન તરીકે સુદરેહ-કુસ્તી ની ફરજ યાને પાદીઆબ-કુસ્તી અદા કરવી પડે છે. કુદરતી રીતે હાલની કેળવાયલી મગજશક્તિ સવાલ કરે કે

"આ સુદરેહ આવી રીતની બનાવટનો પહેરવાની મતલબ શું? વળી તેની ઉપર ઉનની આવી બનાવટની કુસ્તી શા માટે વીંટાળવી જોઇએ? અને દીવસમાં દરેક ગેહ્‌માં તથા બીજી ફરજો અદા કરતી વખતે પાદીઆબ-કુસ્તી શામાટે કરવાં જોઇએ? સુદરેહ પેહેરવો, કુસ્તી બાંધવી, ઘડી ઘડી પાદીઆબ-કુસ્તી કરવામાં હાંસલ શું?" આવા સવાલો કુદરતી રીતે ઉભા થાય એ બનવા જોગ છે, અને આવા સવાલોના વાજબી સંતોષકારક જવાબ "માકુલાતી મગજ-શક્તિ" ને નહી મળે તો પછી કોમ ધર્મની બાબદમાં "અકવાલ ઉપરના એતેકાદ" ની ગેરહાજરીમાં પછાત પડતી જાય એ બનવા જોગ છે. પણ તે પેદા કરનાર હોર-મજદના શુક્ર કરીએ છીએ કે આવી આવી બાબદો સમજ-વાને માટે "જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ" તેના પાસબાનો સાહેબદેલાંન સાહેબો તરફથી મળવા લાગ્યું છે!

આ સીરીઝ નં૦ ૨ જું વાંચતાં વાંચતાં દીનદાર વાંચનાર જોઇ શકશે કે સુદરેહ-કુશ્તી "બરજીશી જીરમ" ને લગતી જરથોશ્તી દએનની તમામ તરીકતો પાળવા માટેનો પાયો છે, અને આ પાયો જ્યારે પોતાની અંદર આટલી બધી સાયન્તીફીક ઉંડી સમજ સમાવી દે છે તો પછી "બરજીશી જીરમ" ની કેટલી બધી બુલંદી હોવીજ જોઇએ તેનો ખ્યાલ વાંચનારને આવી શકશે. "જીરમ" પોતે શું છે તથા જીરમ પ્રમાણેજ તમામ પેદાયશ, ઉરવાનો, ધર્મો તથા ધર્મ લાવનારા પએગામ્બર અને

મ્હાન પુરૂષોના વર્ગો થયલા છે એ બાબદ પણ જણાવવામાં આવી છે. વળી બસ્તેકુસ્તીઆનોની પોતાનીજ જીરમની દએનની તરીકતો પાળ્યાથી પોતાના ઉરવાનની નાજી કેવી સહેલાઇથી કરી શકાય છે તે સમજાવવામાં આવ્યું છે, અને આ તમામ તરીકતો પાળવા માટેનો જે પાયો સુદરેહ-કુસ્તીનો છે તેને હમેશાં સાચવી રાખી તથા માનથી જાળવી રાખી આપણી ભવિષ્યની ઓલાદને પણ ચાલુ એ ઉત્તમ વારસો સાચવવા માટેનું શિક્ષણ આપવાની આપણી ફરજ બિચારીશું એમ તમામ તાવીજ્ઞે-સુદરેહનું લખાણ વાંચ્યા પછી મક્કમ ઠેડાવ દરેક દીનદાર વાંચનાર કરશે. જે પ્રમાણે વજ્શુરે વખ્શુરાન સાહેબ, વંદીદાદની ૧૯ મી પરગરદમાં જણાવવામાં આવ્યું છે તેમ, અહેરેમનને કહે છે કે—

"નોઇત હે અપસ્તવાને વંઘઉહીમ દએનાંમ માજદયસ્નીમ નોઇત અસ્તચ, નોઇત ઉશ્તાનેમ્ચ નોઇત બઓદસ્ચ વીઉરવીસચાત,"—"મારાં હાડકાં ભાંગી જાય, મારો જાન જાય તથા મારી શુદ્ધ બુદ્ધ છુટી પડે તોબી ભલી માજદયસ્ની દએનને હું મુકનાર નથી!",—તે પ્રમાણે આપણ બસ્તેકુસ્તીઆંનોબી હમેશાં યાદ રાખીશું કે, "આપણા હાડકાં ભાંગી જાય, આપણી તમામ દુન્યવી ચીજો જતી રહે, જાન જવાનોબી જોખમ હોય, તોબી આપણે ઉરવાનને "તનજજુલ" યાને ઉતરતી હાલતમાંથી "તુરક્કી" યાને ચહડતી હાલતમાં લઇ જવાનું પાયારૂપી સાંધન-સુદરેહ-કુસ્તી-

ને કદી છોડનાર નથી !" આએજ પ્રમાણે આપણા ઇરાની ન્યાગાનોએ કર્યું છેજ. સુદરેહ–કુસ્તી જેવાં બુલંદ આલાતને બચાવવાને ખાતર, દરેકે દરેક મોતેબર જરથોશ્તી ક્રીયાકામોની જાળવણી કરી, પોતે જરથોશ્તી તરીકેજ રહેવાને ખાતર અનેક હાદેશાઓ જમાનાની ગરદેશને લીધે ખમીને પણ હીંદુસ્તાન તરફનો માર્ગ તેઓએ લીધો હતો, અને હુયાં આવ્યા પછી પંચરંગી કોમોમાં વસવાટ કરયા છતાંબી પોતાનો સુદરેહ–કુસ્તી છોડયો નથી. ખુદાના શુક્ર કરીશું કે આપણે જેમ આપણાં ન્યાગાનોને પગલે ચાલીને તમામ જરથોશ્તી તરીકતો તથા ક્રીયાકામો અને સુદરેહ–કુસ્તી સાચવી રાખ્યાં છે તેમ આપણી ભવિષ્યની ઓલાદ પણ બધી જરથોશ્તી ક્રીયાકામો સાચવી રાખી, તરીકતો પાળી, સૌથી અગત્યના સુદરેહ–કુસ્તીના પાયાને કાયમ રાખે !

આ જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૨ જાના સંબંધમાં હવે વધુ ખુલાસો કરવાનો રહ્યો નથી. ફક્ત એટલુંજ કે "સુદરેહનું ચિત્ર" તથા "જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુત" ના ચિત્રો ઉપર વાંચનારનું ખાસ ધ્યાન ખેંચવાનું છે. પહેલાં ચિત્રની મદદથી સુદરેહના સાંધા તરીકતથી કેમ બનાવવા તે બરાબર સમજી શકાશે, અને બીજાં ચિત્રો ઉપરથી "જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ" ની મોતેબર બુલંદ નેમનો ખ્યાલ આવી શકશે. પુઠાં ઉપરનાં એમબૉસ કીધેલાં ચિત્ર તથા આ "જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ

ઇન્સ્તીત્યુત" ના ચિત્રની વાજબી સમજણ ખુદાની મહેરબાનીથી કોઇ ભવીષ્યના પ્રસંગ ઉપર રાખીશું.

સેવટે જે જે મીત્રોએ આ ચોપડી બહાર પાડવાના હરેક કાર્યમાં હરકોઇ રીતે મને મદદ કરી છે તે સઘળાઓનો સામટો ઉપકાર આ તકે માનું છું.

બહેરામશાહ નવરોજી શરાફ.

માછલી પીઠ, સુરત,

સોમવાર, તા૦ ૪ થી ઑગસ્ટ, ૧૯૧૩.

સાંકળ્યું.

પાનું.

પ્રકરણ ચોથું.

પ્રકરણ પાંચમું.

પ્રકરણ છઠું.

પ્રકરણ સાતમું.

પ્રકરણ આઠમું.

પ્રકરણ નવમું.

પ્રકરણ દશમું.

પ્રકરણ અગ્યારમું.

પ્રકરણ બારમું.

પ્રકરણ તેરમું.

પ્રકરણ ચૌદમું.

પ્રકરણ પંદરમું.

પ્રકરણ સોલમું.

પ્રકરણ સતરમું.

પ્રકરણ અઢારમું.

પ્રકરણ ઓગણીસમું.

પ્રકરણ વીસમું.

પ્રકરણ એકવીસમું.

ચીત્રો.

જરથોશ્તી ઇલ્મે "ક્નૂમ" ની ચાવીથી ખોલાયલી "સુદરેહ-કુસ્તી" ની ઉંડાણુ સમજણ.

—o—

"તાવીલ-એ-સુદરેહ"

પ્રકરણ પહેલું.

"**શએહાંન શએદ**" યાને રોશનીઓમાંની સૌથી બુલંદ રોશની (The Light of Lights) ને ધ્યાનમાં લઇને,—"મજદા," "અહુરા," પેદા કરનાર દાદાર "અહુરમજદ," "અમશાસ્પંદો," "મીનો," "દએ," "ફરોગો," તથા "યજદો" નો તનાસુલી સીલસીલો યાને ચાલુ સંબંધ (Concatenation) જાળવીને,—વખશુરે વખશુરાંન રમ્જગો અશો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબને યાદ કરી,—તમામ જરથુશ્ત્રોતેમો યાને વખશુરે વખશુરાંન સાહેબના જાયનશીનોની અવલ મારેફતથી તથા જરથોશ્તી સાહેબદેલાંન ટોળાના પાક ઉસ્તાદ સાહેબ સોશાવરેજ મર્જબાન સાહેબની હુયમ મારેફતથી આ જરથોશ્તી ઇલ્મે ક્નૂમની ચાવીની મદદથી "તાલેબે ઇલ્મ" યાને ઇલ્મની તલબ કરનારાઓને વાસ્તે "સુદરેહ" ની "તાવીલ" યાને ઉંડાણુ સમજણુ (inner deep exposition) આપવાની ખાકસારીથી કોશેશ કરવામાં આવેછે.

જરથોશ્તી દએનમાં સમજાવેલી એક ખાસ બાબદ—"જીરમ."

જરથોશ્તી દએનની મોતેબરી જે અચુક ઇલ્મે "ક્ષ્નૂમ" ની મદદથી સમજવાની જરૂર છે તે ઇલ્મે "ક્ષ્નૂમ" ની અંદર એક સૌથી બુલંદ બાબદ "જીરમ" અને તનાસુલી "**અસ્નો ખાઓ**" યાને દરેક જીરમના અરક (progenesis of all planets as distinguished from this Earth) ને લગતી છે. તમામ પેદાયશની આગમચ તો બીલકુલ "**વાહેદે હકીકી**" યાને એકયતા (Unity , that one Absolute) હતી, પણ સૃષ્ટિની પેદાયશનું "મરકજ" યાને બીંદુ (point) ની શરૂઆત થવા સાથેજ દ્વીત્યતા યાને બેપણું (duality) અને દુઇમાં દુઇપણું થતું ગયું, દાખલા તરીકે ત્રણપણાનો કાયદો (trinity) અને ત્યાર પછી અનેકયતા (plurality) અને ત્યાર પછી અગણયતા (multiplicity) અને જુદાપણું (diversity) એમ થતું ગયું, જેના પરીણામમાં આ બધી ચમત્કારીક પેદાયશોની રચના આપણી આસપાસ અને આપણી અંદર, ઉપર તથા નીચે, ચારે દીશાએ આપણે જોઇએ છીએ.

"મજદયસ્ની દએન" પ્રમાણે "મીનોઇ આલમ" ની શરૂઆત થયા પછી જે બીજી આલમ પેદા થાયછે, તે "જીરમાની" અથવા "નુરાની આલમ" ના નામથી ઓળખાયછે. આ "જીરમાની આલમ" માં જે જે પેદાયશોની

જાત જાતની ક્રિયાઓ થાયછે, તે તમામ ક્રિયાઓમાં સાત "જીરમો" નું બનવું, અને સાતમાંની દરેક "જીરમ" નું એક મેકથી જુદા પડવું (differentiation and classification), આ બાબ ઘણોજ સમજવા લાયક છે.

તમામ રોશનીનીજ બનેલી સાત જીરમો. જીરમમાં ખાકનું તત્વ છેજ નહીં.

"કએવાન" યાને શની (Saturn), "બરજીશ" યાને બ્રેસ્પતી (Jupiter), "હાશેમ" યાને મંગળ (Mars), "આફતાબ" યાને રવી (Sun), "નાહીદ" યાને શુક્ર (Venus), "અતારદ" યાને બુધ (Mercury), "મહાતાબ" અથવા "દએ" યાને ચંદ્રમા (Moon)—આ બધી સાત જીરમો પોતાની જીરમાની આલમમાંના સાત આસ્માનો ઉપર પોતપોતાના દરજજા પ્રમાણે કેવી રીતે ગોઠવાઇ જાય છે, તથા દરેક જીરમમાં કેટલી કેટલી "**અસ્પંદી**" યાને સુક્ષ્મ વજનના "**સરશોક**" યાને તત્વ રહેલા છે તે બધી બાબદો "મઝદયસ્નની દએન" ના "હુસ્તી"ના બાબમાં તુલોતવીલ રીતે વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલી છે, પણ હાલને તબક્કે આ બધી બાબદ જોકે ઘણી સમજવા લાયક છે છતાં ધ્યાનમાં ઉતારવી ઘણીજ બીકટ થઇ પડે એમ છે. હાલમાં ફકત આટલુંજ ધ્યાનમા રાખવાની જરૂર છે કે આ જુદી જુદી જીરમનો "સરશોક" (the essential) તદન બુલંદ રોશની (luminous light) છે, અને કોઇબી જીરમમા ખાક (physical matter) નું તત્વ છેજ નહી.

"સ્થુળ ખાક" (ponderable physical matter) તો છેક "જીસ્માની આલમ"ને માટેનું તત્વ છે, અને "જીસ્માની આલમ"ની ઉપરની આલમ જે "અરવઇ આલમ" ને નામે ઓળખાય છે ત્યાં "સુક્ષ્મ ખાક" (etheric matter) ની શરૂઆત થાય છે. હવે ત્યારે "અરવઇ આલમ" થીબી ચહડતે દરજ્જેની જે "જીર-માની આલમ" છે તેમાં ખાકનું તત્વ બીલકુલ આવી શકતુંજ નથી.

આસ્માનોની "ગરદેશ."

આ બધી "જીરમો" ને લગતાં આસ્માનોની "ગરદેશ" યાને ફરયા કરવું (revolutions), તથા તે "ગરદેશ"ના તમામ કાયદાઓ જે બારીક હીસાબોથી ભરપુર છે તે પણ વખશુરે વખશુરાંન સાહેબે અસરકારક રીતે સમજાવેલા છે, અને આ "ગરદેશ"ના "ઇન્ફ્રાલ" યાને પરીણામ તરીકે "જીરમાની આલમ"ની નીચેની બેઉ આલમો "અરવઇ" તથા "જીસ્માની આલમો" ઉપર તરેહતરેહની અસરો ચાલુ આવ્યા કરે છે, અને એજ "ગરદેશ"ના પરીણામ તરીકે આ નીચેની બેઉ આલમોમાં હરેકે હરેક જુદા જુદા બનાવોની "તબદીલ તેહદીલ" યાને ફેરફારો અને ઉઠલપાઠલ (permutations and transformations) થયા કરે છે.

પ્રકરણ બીજું.

આ દુનીયાનો આધાર "જીરમ" ઉપર; "જીરમ" પ્રમાણે ઉરવાનોના દરજજા; તમામ પેદાયશનું વહેંચાઇ જવું "જીરમ મુજબ."

દરેક "તાલેબે ઇલ્મ" યાને જ્ઞાનના સાચા શોધકે (earnest seeker after genuine knowledge) આ "જીરમ" ની બાબદ ઉપર સૌથી પહેલાં ખાસ ધ્યાન કાંય આપવુંજ જોઇએ, તેનું કારણ એજ છે કે "જીરમ" તો "અરવઈ" તેમજ "જીસ્માની" બેઉ આલમની દરેકે દરેક પેદાયશનો પાયો છે, અને દેખીતી તેમજ અણુદીઠ દરેક પેદાયશની ખાસ્યતનો આધાર પોતાને લગતી જીરમ ઉપરજ રહેલો છે.

એટલુંજ નહી, પણ એથીબી વધુ ધ્યાન પુગાડવા જોગ તો એ છે કે તમામ "ઉરવાનો" જીરમના કાયદા પ્રમાણે પોત પોતાના મરતબા પ્રમાણે વહેંચાઇ ગયલાં (classified) છે, અને સાત જીરમને લગતાં ઉરવાનોના સાત મુખ્ય વર્ગો (seven chief classes of souls) થયલા છે.

તમામ "જમાદાત" "નબાદાત" કે જે બેઉની અંદર "આલા" યાને ઉંચા, "મ્યાના" યાને મધ્યમ તથા "અદના" યાને ઉતરતા એમ ત્રણ દરજજા છે તે ત્રણ દરજજા સુદ્ધાં,અને "હૈવાનાતે મુતલક" તથા "હૈવાનાતે નાતેકા"

—આ બધા ચારે વર્ગોની દરેક પેદાયશ ખનીજ, વનસ્પતિ, જાનવર, તથા માનવી—પોત પોતાની જીરમ પ્રમાણેની અસરો ધરાવેછે, અને દરેક પેદાયશ પોત પોતાની જીરમને લગતી પેદાયશ તરીકેજ ઓળખાય છે. દાખલા તરીકે, "હેવાનાતે નાતેકા" મા એક બસ્તે કુસ્તીઆંન જરથોશ્તીનું ઉરવાન "બરજીશી જીરમ" ને લગતું છે; "હેવાનાતે મુતલક" માં એક તદન સફેદ બાલનો "ગાવ" યાને ગોધો(વરસ્યો) ખાલેસ "બરજીશી જીરમ" નો છે. "નબાદાત" માં "અએસમ" યાને સુખડ, અગર, લોબાંન, બોએ વગેરે બાળવાની ચીજો તથા જરથોશ્તી ક્રિયાકામોમાં વપરાતાં ઉરવર "બરજીશી જીરમ" ને લગતાં ઉરવર યાને ઝાડ-પાન છે; "જમાદાત" માં "બરજીશી જીરમ" ને લગતાં સોનું, પોખરાજ વગેરે છે. આનો ફકત છુટા છવાયા દાખલા આપવામાં આવ્યા છે, પણ તમામ પેદાયશ એજ રીતે પોત પોતાની જીરમના મરતબા પ્રમાણે ખાલેસ યા મુરક્કબ દરજ્જામાં વહેંચાઇ ગયલી છે.

દુન્યાના બધા ધર્મો "જીરમ" પ્રમાણે મરતબામાં જુદા પડે છે; પોતાનીજ જીરમને લગતી દીનની તરીકત પાળવાની માનવીની ફરજ.

વળી આ "જીરમ" ના મ્હોટા બુલંદ અચુક કાયદા પ્રમાણેજ દરેક જુદા જુદા ધર્મો અને દીનોના વર્ગો (differentiations) થયલા છે, અને દરેક જીરમને લગતી

દીનના મ્હાન પુરૂષો પોતપોતાની જીરમના મરતબા પ્રમાણેજ પોતપોતાની દીનના કાયદા આપી ગયા છે. "જીરમ" ના આ ઉસુલ્યાતી યાને અસલ કાયદાને આધારેજ "મુરક્કબ્યાત જીરમો" યાને જીરમોની એકમેકની ભેળસેળ અસરોના પરીણામ તરીકે કોઇ એક ધર્મના જુદા જુદા પેટા–ધર્મો થયલા છે, તથા એક ધર્મના અનેક ફીરકાઓ (sections) પણ એજ બુલંદ ગુહ્ય કાયદાને આધારે થયલા છે.

"જીરમ" ના આ મ્હાન કાયદાને લીધેજ દરેક માનવીએ પોતાની "ઉન્મત" યાને કોમ (community) ને લગતીજ જીરમની જે "તરીકતો" યાને જીંદગી ગુજારવાના કાયદાઓ (canons of life) તે જીરમની દીનના મ્હાન પુરૂષે શીખવ્યા હોય તેજ "તરીકતો" પ્રમાણે અમલ કરવાની જરૂર છે. આમ અમલ કરવામાં ઘણી ઉંડી મતલબ સમાયલી છે, કારણકે પોતાનીજ જીરમને લગતી દીનના કાયદાઓ પ્રમાણે ચાલુ જીંદગી ગુજારયાથીજ તે માનવી પોતાની જીરમના મરતબા મુજબ કુદરતના અચુક કાયદાથી પોતાના ઉરવાનને આગળ વધારી શકે છે.

નીતિ રીતીના બાબમાં દીનો લગભગ એક સરખી હોઇ શકે,—પણ ક્રિયાકામના બાબમાં તો જીરમના મરતબા પ્રમાણે તેઓ જુદીજ હોય છે.

દરેક જીરમની દીનમાં નીતિ રીતિ તો લગભગ એક સરખીજ રીતે શીખવેલી હોય છે—દાખલા તરીકે દરેક

જીરમની દીનમાં સાચ્ચુંજ બોલવાનું ફરમાન આપવામાં આવેલું છે, પણ તે નીતિ રીતિના સબબો યાને ખાસ કારણો તથા તેની "**તરીકત, મારેફત, હકીકત, અને વહેદાન્યત*** " ના બાબમાં દરેક જીરમના મરતબા પ્રમાણે ઘણોજ ફરક પડી જાયછે. એ બાબદ સહેલાઇથી સમજવા માટે શરૂઆતમાં ઘણીજ બીકટ છે, અને તેટલા માટે ફકત સમજણને ખાતર આપણે એક અમથી સરખામણી (rough analogy) લઇશું. દાખલા તરીકે, એક હાલના જમાનાની ઈંગ્રેજી નિશાળની અંદર પહેલાથી તે સાતમા ધોરણ સુધી ઈંગ્રેજી ભાષા યાતો દાખલાની બાબદ શીખવવામાં આવેછે. પણ તે દરેક ધોરણમાં ઈંગ્રેજી યા દાખલા શીખવવાની રીતીઓ, તથા તેને શિષ્યોના ધ્યાનમાં ઉતારવા માટેની યુકિતઓ, તેના સબબો તથા તે શીખવવાની મતલબો, વગેરે સમજાવવાને ખાતર તે દરેક ધોરણના મરતબા પ્રમાણેનું ક્રમ (curriculum) અગાઉથી ગોઠવીને નક્કી કરી રાખવામાં આવેલું હોય છે. આ સ્કુલનો દાખલો તદન આબેહુબ લાગુ પડે છે એમ માની લેવું નહી, પણ ફકત સમજણને ખાતર—જુદી જુદી જીરમને લગતી જુદી જુદી દીનો કેવી રીતે "તરીકત, મારેફત, હકીકત તથા વહેદાન્યત " માં જુદી જુદી હોવીજ જોઇએ તેનો સહેજ ભાશ આપવાને ખાતર—આ દાખલો રજુ કરવામાં આવ્યો છે.

---

* જુવો "ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં. ૧ લું પાનું ૭૭.

આ ઉપરાંત દરેક જીરમની દીનો એક ખાસ બાબદમાં તો પોત પોતાના મરતબા પ્રમાણે એક મેકથી તદન જુદીજ પડેછે; અને આ ખાસ બાબદ ઉરવાનની "તરક્કી" યાને બુલંદ હાલત મેળવવા માટેની જીવતાં જીવત તથા ગુજર પામવા પછીનાં "ક્રિયાકામો" ને લગતી છે.

"મજદયસ્ની દએન" પ્રમાણે દરેક જુદી જુદી જીરમના ઉરવાનોને "**નીસ્તી**" થતી વખતે યાને સ્થુળતા ગૃહણ કરતી વખતે (during the process of Infoldment of Soul into matter) જે જે જીરમને લગતા "**સ્તોત**" યાને ધ્વનીથી ઉત્પન્ન થતા રંગો (vibrationary colours) મળેલા હોય છે, તે "સ્તોત" ના મરતબા સમજીનેજ દરેક જીરમની દીનના મ્હાન પુરૂષે પોત પોતાની જીરમને લગતી ઉન્મતને માટેના ઉરવાનોને વાસ્તે જુદી જુદી ધર્મ-ક્રિયાઓ (sacred rituals) આપેલી હોયછે.

દરેક દીન "રાસ્ત" છે પણ "મરતબા" માં ફરક છે; બધા ધર્મો "એક" છે આમ બોલી શકાય નહી.

આ ઉપરથી આપણે સહેલાઇથી સમજી શકયે છીએ કે દરેક દીન રાસ્ત છે,—બધા ધર્મો બરહક્ક છે,—કારણ કે દરેક જીરમના મ્હાન પુરૂષો પોતપોતાની જીરમના મરતબા પ્રમાણે પેદાયશની રચનાના કાયદાઓ પીછાણીને,

પોતપોતાના મરતબા સમજીને, પોતપોતાની દીનો શીખવી ગયા છે. દરેક ધર્મોની પોતપોતાની ધર્મ-ક્રિયાઓ પણ તે ધર્મોની જીરમના ઉદવાનો માટે તદન બરહક્ક અને વાજેબ છે. ફરક તો ફક્ત "મરતબા"નો છે. દરેક જુદા જુદા ધર્મોના મરતબા આપણે હમેશાં ધ્યાનમાં રાખવાની સૌથી પહેલી અગત્યતા છે. જો આ મરતબાની બાબદ ધ્યાનમાં રાખવામાં આવે તો પછી દરેક દીન યાને ધર્મ પોતપોતાના મરતબા પ્રમાણે બરહક્ક છે આમ દરેક ગમથી જરૂરજ સ્વીકાર કરવામાં આવશે. દુન્યામાં જે બધી "જીહાદ" યાને ધર્મને માટેની લડાઇઓ (crusades) થયલી છે તે ફકત જુદા જુદા ધર્મોના આ "મરતબા" બાબેની અજ્ઞાનતાને લીધેજ થયલી છે.

અલબતાં બધા ધર્મો એકજ છે આમ તો સચ્ચાઇની રૂએ કુદરતની બીનાથી ઉલટા ગયા વગર બોલી શકાયજ નહી, કારણકે ઉપર સમજાવેલા "જીરમ"ના મરતબા પ્રમાણેજ બધી દીનોના પણ મરતબા થયલા છે. આપણે સ્કુલનો દાખલો હ્યાં પાછો સમજણને ખાતર લઇશું. જે પ્રમાણે એક સ્કુલમાં સાતેસાત ધોરણ એકજ છે આમ કોઇબી વિચારવંત શખ્સ કહી શકે નહી, જો કે સ્કુલની જે સેવટની મતલબ રાખવામાં આવી છે તે મતલબને ખાતર સાતે સાત ધોરણની જરૂર તો સ્વીકારવામાં આવે, તેજ પ્રમાણે દુન્યામાંના સાત જીરમને લગતા ધર્મો એકજ છે આમ કોઇબી દાનેશમંદ શખ્શ જરથોશ્તી ઇલ્મે

"ક્નૂમ"ને આધારે "જીરમ"નો બાબ સમજી રહ્યા પછી કહી શકે નહી, જોકે "હસ્તી"માંથો "નીસ્તી" કરા પાછ. "નીસ્તી" માંથી "હસ્તી"માં જવાની (to return to the Original Pristine Purity) જે અસલ નેમ શાખવામાં આવેલી છે તે નેમ પાર પાડવાને ખાતર સાતે સાત "જીરમો," તથા તે જીરમોને લગતી પેદાયશો, તથા તે જીરમોને લગતી તમામ દીનોની હૈયાતીની જરૂર તો છેજ.

પ્રકરણ ત્રીજું.

પોતાના ધર્મની તરીકત પાળવાને બદલે બીજા કોઇ ધર્મની તરીકતની અમલ્યાત કરવાથી ઉરવાનની થતી કઢંગી હાલત; તરીકત તો ઉરવાનનો ખોરાક છે.

આવી રીતે "જીરમ" ને લગતી બાબદનો સહેજ ભાશ લીધા પછી—સાત જીરમો, તથા દરેક જીરમને લગતાં ઉરવાનો અને પેહાયશો તથા મ્હાન પુરૂષો અને ધર્મો જીરમના બુલંદ કાયદાને આધારેજ એકમેકથી પોત-પોતાના મરતબામાં જુદાં પડે છે એ બાબદ સહેજ ધ્યાનમાં લીધા પછી—દરેક જીરમને લગતાં ઉરવાને આ દુન્યામાં પોતાનીજ જીરમને લગતી દીનની તરીકતો પ્રમાણે કાંય ચાલવું જરૂરનું છે, તથા તે ઉરવાન જો કોઇ બીજા ધર્મની તરીકત પ્રમાણે અમલ કરે તો પોતાને કેવી કઢંગી હાલતમાં લાવી મુકે છે તે બાબદ ઉપર જરા ધ્યાન રોકીશું, જોકે હાલના જમાનામાં એ બાબદ ઉપર ખાસ લંબાણથી તમામ લોકોનું ધ્યાન ખેંચવાની જરૂર છે છતાં આપણે ટુંકમાંજ હાલ તુરત એ બાબે તપાસ લઇશું. જે પ્રમાણે ખાકી શરીર ટેકાવી રાખવા માટે અને પોતાના લાયક દરજાામાં રાખવા માટેના લાયક ખેરાકની જરૂર છે, તે પ્રમાણે ઉર-વાનને તેના પોતાના દરજાામાં રાખવા માટે—પાછું તેની

પોતાની અસલ હાલતમાં લઇ જવા માટે તેને " ઉરૂ " યાને બસીત (develope, unfold) કરવાને માટે— " તરીકત " ની જરૂર છે.

આ બાબદ ધ્યાનમાં રાખવા માટે નીચલું ગણીત રૂપી પ્રમાણ (Arithmetical Proportion) યાદ રાખીશું—

તરીકત : ઉરવાન : : ખોરાક : ખાકી શરીર

એટલે કે જે પ્રમાણે ખાકી શરીર માટે ખોરાક છે તે પ્રમાણે ઉરવાન માટે તરીકત છે. તરીકત વગર ઉરવાનને તેની અસલ હાલત ઉપર લાવવા માટે પોષણ મળી શકતું નથી, અને આ ઉરવાનનું પોષણ (Spiritual nourishment) આપવાને ખાતરજ દરેક જીરમના મ્હાન પુરૂષોએ પોતપોતાની જીરમને લગતાં ઉરવાનના બંધારણ (Spiritual constitution) ના દરજ્જા પ્રમાણે જુદી જુદી તરીકતો પચી શકે એવી રીતે કુદરતના કાયદા પ્રમાણે આપેલી છે.

ઉરવાનના બંધારણ (Spiritual Constitution) માં જુદી જુદી "અસ્પંદી"ના "સરશોક" હોવાને લીધેજ ઉરવાનના જુદા જુદા દરજ્જા.

ઉરવાનનું પોતાનું પણ બંધારણ (spiritual constitution) છે, યાને કે ઉરવાનની અંદર જે "સરશોક" યાને મૂળ તત્વો (the prime factors) રહેલા છે તે "સરશોક" દરેક ઉરવાનમાં એક સરખા હોતા નથી,

પણ દરેક જુદાં જુદાં ઉરવાનના "સરશોક" જુદા જુદા દરજાની "અસ્પંદી" (powers) માં હોય છે, યાને કે દરેક ઉરવાનની અંદર એક સરખાં સુક્ષમ માપ યાને વજનના "સરશોક" હોતા નથી. ઉરવાનની અંદરના સરશોકની અસ્પંદીના વધતાં ઓછાં પ્રમાણ પ્રમાણે દરેક જીરમને લગતાં ઉરવાનો, તથા ઉરવાનના "શરીફ" અને "ખસીસ" દરજજા,* તેમજ દરેક પેદાયશના ઉરવાનો અગણીત રીતે એકમેકથી જુદાં થઇ રહેલાં છે.

દ રે ક
જી ર મ ના
જુદા જુદા મરતબા
પ્રમાણે,—દરેક જીરમના ઉર-
વાનના જુદા જુદા દરજ્જા પ્રમા-
ણે, દરેક ઉરવાનના જુદાં જુદાં બંધાર-
ણ પ્રમાણે,—દરેક ઉરવાનના જ઼ર-
વાન પ્રમાણે,—દરેક દીનની
અંદર જુદી જુદી તરીક-
તો આપવામાં
આવેલી છે.

ઉરવાનના બંધારણમાંજ આવી રીતનો તફાવત (differentiated spiritual constitutions) હોવાથી દરેક ઉરવાનને માટેની લાયક તરીકત આપવામાં આવેલી

* જુઓ ઇલ્મે ક્નૂમ સીરીઝ ન. ૧ લું, પાનુ ૧૦.

હોય છે. દરેક જીરમને લગતાં ઉરવાનો માટેની તરીકતનો "જમીલો" યાને જથ્થો આપવામાં આવેલો હોય છે, એટલું-જ નહી, પણ એક જીરમના જુદા જુદા દરજ્જાના ઉરવા-નો જેવાં કે "ખાસ ઉલ ખાસ" (most supreme), "ખાસ"(supreme), "આમ" (general), વગેરે વગેરે વર્ગોને માટેની પણ તરીકતો એકજ દીનમાં જુદી જુદી રીતે તે દીનના મ્હાન પુરૂષે આપેલી હોય છે. એથીબી વધુ અજાયબ જેવું તો એ છે કે દરેક જુદા જુદા "જરવાન" યાને જમાના પ્રમાણે તે અમુક જમાનામાં દરેક વર્ગના ઉરવાનથી પાળી શકાય અને તેને પચી શકે એવી તરીકતો ઉરવાનના ખોરાક તરીકે આપેલી હોય છે. જે પ્રમાણે શરીર માટેનો ખોરાક દરેક શખ્સની શરીર-રચના તથા રૂતુના દરજ્જા ઉપર આધાર રાખે છે તેજ પ્રમાણે ઉરવાન માટેનો ખોરાક યાને તરીકત ઉરવાનનું અસલ બંધારણ (the Original Spiritual Constitution) તથા ચોકસ "જરવાન"માં ચોકસ જીરમની અસરના દરજ્જા પ્રમાણે દરેક દીનના મ્હાન પુરૂષો જુદી જુદી રીતે આપી ગયા છે.

પોતાનીજ દીનની તરીકત પ્રમાણે અમલ કરવાના બાબમાં ઉરવાનને માટે "મવાફેકત" નો કાયદો ધ્યાન-માં રાખવાની જરૂર.

બીજા શબ્દોમાં બોલ્યે તો "મવાફેકત" યાને માફક આવવાનો કુદરતનો કાયદો (the law of con-

cordance or adaptability) જેમ શરીરના ખોરાકની બાબદ વખતે ધ્યાનમાં રાખવાની જરૂર છે, તેજ પ્રમાણે ઉરવાનનો ખોરાક યાને તરીકત પણ એજ "મવાફેકત"ના કાયદાને આધારે—ચોકસ "જીરમ"ના ચોકસ "દરજ્જા"ના ચોકસ "જરવાન"માં આગળ વધનારાં ઉરવાનને કેઇ કેઇ તરીકત "માફક" આવશે યાને ચોકસ ઉરવાન માટે લાયક અનુસરતો ખોરાક થઇ પડશે તે બરાબર સમજીનેજ— દરેક ધર્મના શીખવનાર મ્હાન પુરૂષો આપી જાય છે. આ "મવાફેકત" નો કાયદો ઉરવાનની તરીકતના બાબદમાં સો એ સો ટકા કાર્ય કરતો હોવાને લીધેજ દરેક શખ્સે પોતાની જીરમને લગતી દીનના મ્હાન પુરૂષે અમુક જમાનાની અંદર પાળી શકાય એવી જે જે તરીકતો શીખવી હોય તેજ તરીકતો પ્રમાણે અમલ કરવાથી ઉરવાનને લાયક તથા પચી શકે તેવો ખોરાક મળશે, અને તેથી તેનું ઉરવાન પોતાની મેળે કુદરતી કાયદે "ઉરૂ" યાને બસીત થઇ આગળ વધ્યું જશે.

આ ઉપરથી ત્યારે આપણે સહેલાઇથી સમજી શકયે છીએ કે ચોકસ ઉરવાનને પોતાને લાયકની તરીકતનો ખોરાક મળ્યાથીજ તે ઉરવાન આગળ વધી શકે છે, અને આ કુદરતના અચુક કાયદાને આધારેજ બને છે. દાખલા તરીકે "નબાદાત" યાને વનસ્પતિ વર્ગને આપણે લઇશું. "કુલ્યાતી" યાને સામટી રીતે બોલવા (genus) માં તો આખો વનસ્પતિ વર્ગ "નબાદાત" ના નામથી ઓળખાય

છે, યાનેકે એકજ નામથી આપણે આખા વર્ગને ઓળખચે છીએ, પણ "જુજવાવી" યાને છુટી છુટી જાતો બોલવા (species) માં તો તેના અનેક વર્ગો તથા અનેક જાતો અને નામો થઇ ગયલાં છે, અને આ દરેક વર્ગ પોતપોતાની ખાસ્યત ધરાવે છે. કોઇ એક જાતના ઝાડને ઉગાડવા માટે અમુક ખાતરનીજ જરૂર પડે છે, જેમકે ચોકસ જાતના ખારની જમીન, પાણી થોડું, તડકો ઘણો, રોશની ઘણી વગેરે, અને તોજ તે ઝાડ પોતાના દરજજા પ્રમાણે ઉગીને ફળ આપી શકે છે. વળી કોઇ બીજી જાતના રોપાને બીજીજ જાતના ખાતરની જરૂર હોય છે, જેમકે ચોકસ જાતની ધાતુવાળી જમીન, તડકો થોડો, રોશની થોડી, પાણી ઘણું વગેરે. એજ પ્રમાણે દરેક જીરમના ઉરવાનને પોતાને લાયકનીજ ખાતર રૂપી તરીકત આપવાનો કાયદો તદન કુદરતના અચુક કાયદા ઉપરજ રચાયલો છે. આ બાબદ બરાબર રીતે ધ્યાનમાં ઉતારવા માટે એક બીજો દાખલો આપણે લઇશું. એક સ્કુલમાં જતો છોકરો પોતાનીજ સ્કુલના તથા પોતાની સ્કુલના પોતાનાજ ધોરણ મુજબના ક્રમ પ્રમાણે અભ્યાસ કરે છે તોજ તે આગળ વધી શકે છે, અને તે છોકરો કોઇ બીજી સ્કુલ યા પોતાની સ્કુલના કોઇ બીજા ધોરણના ક્રમ પ્રમાણે ચાલવા જતાં પોતાને તદન કઢંગી હાલતમાં લાવી મુકે છે, તેજ પ્રમાણે એક ઉરવાન પોતાની જીરમને લગતી તરીકત પાળવાને બદલે કોઇ બીજી જીરમની તરીકત પાળવાની કોશેશો કરે, અથવા તો

પોતાનીજ જીરમમાંના વર્ગો જેવા કે "ખાસ ઉલ ખાસ," "ખાસ" અને "આમ" એ ત્રણમાંથી જે દરજ્જામાં તે ઉરવાન પોતે હોય તે દરજ્જાને લગતીજ તરીકતો પાળવાને બદલે તે ત્રણમાંના ગમે તે દરજ્જાને લગતી તરીકત પ્રમાણે અમલ કરે તો તે ઉરવાન પોતાને ઘણીજ કઢંગી હાલતમાં લાવી મુકે છે, અને પોતે "ઉરૂ" થઈ પ્રકાશીત થવાને બદલે વધુ અને વધુ "એજાબ" યાને પડદા રૂપી અંધારામાં સપડાતું જાય છે.

દરેક બસ્તે-કુસ્તીઆંને પોતાની બરજીશી જીરમની દીનની, તથા પોતાના ઉરવાનના મરતબાને લગતી, જમાનાનુસાર, "તરીકત" પાળવાની જરૂર.

આવા બુલંદ અચુક કાયદાને લીધેજ દરેક બસ્તે-કુસ્તીઆંનની ફરજ છે કે પોતાની બરજીશી જીરમને લગતી જરથોશ્તી દએનમાં જે જે તરીકતો સમજાવેલી છે તેજ તરીકતો પ્રમાણે અમલ કરવાની કોશેશો કરવી; એટલુંજ નહી, પણ પોતાનું ઉરવાન "ખાસ" યા "આમ" વર્ગમાં છે તે વિષે બરાબર જાણીને પછી હાલના હાશેમી જમાનામાં જે જે તરીકતો "જાયજ" યાને ફરમાનથી ચાલુ રાખેલી (permissible) હોય તેજ તરીકતો પ્રમાણે અમલ કરવાથી પોતાના ઉરવાનની નાજી તેના મરતબા પ્રમાણે કરી શકાશે.

જે પ્રમાણે શરીરના ખોરાકની બાબદમાં એક કોમનો ચાલુ રેવાજી ખોરાક બીજી કોમને પચી શકતો નથી, તથા એકજ કોમના જુદા જુદા શખ્સો માટે પણ હરેકના શારીરીક બંધારણ (physical constitution)ના દરજ્જા પ્રમાણે ખોરાકના દરજ્જા તથા જાતમાં ફેરક પડે છે, તેજ પ્રમાણે ઉરવાનનો ખોરાક યાને તરીકત એક જીરમના ઉરવાન માટે અમુક મુકરર થઇ હોય, તેજ તરીકત બીજી જીરમના ઉરવાનને માટે લાયક હોતી નથી; એટલુંજ નહી, પણ એકજ જીરમના ઉરવાન માટેની તરીકતોબી તે જીરમને લગતાં જુદા જુદા દરજ્જાના ઉરવાનો માટે—"શરીફ" તથા "ખસીસ" દરજ્જાના ઉરવાન માટે યાને મરદો તથા ઓરતો માટે, તેમજ "ખાસ" તથા "આમ" માટે—જુદા જુદા દરજ્જામાં જુદી જુદી રીતે આપેલી હોય છે.

આ બધી સરખામણીઓ તરીકે લીધેલા દાખલાઓ આપણી "જીરમ" ને લગતી બાબદને તદન બધીજ રીતે (in all respects) લાગુ પડતા છે એમ માની લેવું નહી, પણ ફકત સાધારણ દાખલા તરીકે આવી ગુહ્ય અને ઉંડી બાબદને સરલ કરી કંઇબી રીતનો, ઉપરટપકેથી ખાશ લેવામાં મદદ મળે તેને ખાતરજ આવી સરખામણીઓ લેવી પડે છે. "ઉરવાન" ને લગતી તમામ બાબદોના બ્યાન "સુક્ષ્મ" (spiritual) તથા "કદીમ" યાને હુમેશાની (permanent) બાબદોને લગતાં હોય છે, જ્યારે ઉપર આપેલી સરખામણીઓ તરીકે લીધેલા દાખલાઓ

'સ્થુળ" (material) અને "હાદેશ" યાને થોડા વખતની (evanescent) બાબદોને લગતા છે.* ઉરવાનના બાબમા ઝાડના ખાતર જેવું યા નિશાળ જેવું, યા ખોરાક જેવું કંઇબી હોતું નથી. ઉરવાન જે રીતે આગળ વધે છે, અને "ઉરૂ" યાને બસીત થાય છે તે બાબદ તો અતિષય ગુહ્ય અને ભેદી છે, અને તે બાબદને લગતાં જરથોશ્તી દએનમાં વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલાં તુલોતવીલ બ્યાનો આપણી ગમે એવી હાલની કેળવાયલી તથા પ્રબળ મગજ શક્તિમાં સહેલાઇથી ઉતારવાં હાલને તબક્કે બહુ મુશ્કેલ છે. તેટલા માટેજ આવી આવી જાણીતી સ્થુળ સરખામણીઓ આપવાની ફરજ પડે છે કે જેથી કોઇ અમુક ઉરવાને પોતાનીજ જીરમને લગતી દીનની,—યાને સાધારણ રીતે (practically) જે દીનમાં તે ઉરવાને આ દુન્યામાં જન્મ લીધો હોય તેજ દીનની,—તરીકતો, અને વળી પોતાના ઉરવાનના દરજાને લગતીજ તરીકતો કાંય પાળવી જોઇએ તે બાબેના "ઉલ વુજુબ" યાને કુદરતના અચુક કાયદા (the Law of Nature) વિષેનો સહેજબી ભાશ લેવાઇ શકાય.

---

* આ બાબદમા હયા ચેતવણી તરીકે ખાસ ધ્યાન ખેંચવાની જરૂર છે કે કદાચ સ્થુળ બાબદમાં એક કોમનો શારીરીક ખોરાક ઘણે લાબે વખતે બીજી કોમને પચી શકે, પણ સુક્ષ્મ રીતે ઉરવાનના બાબમાં એક જીરમની તરીકત જો બીજી જીરમવાળો પાળેછે તો તે તરીકત માફક (adaptable) આવવાને બદલે સામી ઉરવાનને આકુળ વ્યાકુળ કરી નાખી વધુ "એન્ગ્ર" માં લાવી મુકે છે.

પ્રકરણ ચોથું.

"જીરમ" ઉપરથી કુદરતમાં "પએ-દર-પએ" (Gradations) ના કાયદાની વાજબી પીછાણ.

આ "જીરમ" નો બાબ જે અચુક રીતે "મજદયસ્નની દએન" (Law of Infoldment) તથા "જરથોશ્તી દએન" (Law of Unfoldment) માં વખશુરે વખશુરાંન રમ્જ-ગો અશો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબે સમજાવ્યો છે તે ઉપરથી "પએ-દર-પએ" યાને કદમે કદમે આગળ વધવાનો કાયદો (Law of Gradations) કુદરતમાં કેવો અચુક રીતે કાર્ય કરે છે, તેનો કંઇક ખ્યાલ આપણે કરી શકયે છીએ. દરેક જુદી જુદી તરેહના ઉરવાનો "પએ-દર-પએ પએ દર-પએ" યાને પગથીયે પગથીયે (step by step) કેવી રીતે ધીમે ધીમે આગળ વધે છે તે પણ આ "જીરમ" નો બાબ ધ્યાન-માં લીધાથીજ સમજ પડી શકે છે. "જીરમ" નો બાબ તો આખી સૃષ્ટિ રચના સમજવા માટેની ગોયા એક ચાવી છે, અને તમામ પેદાયશને એકમેક સાથે કેવી રીતની "ખીશી" યાને સંબંધ તથા જોડાણો છે, તથા છેક "મજદા" થી તે "ખનીરથ બામી" સુધીની તમામ પેદાયશો એકમેક સાથે દરેકે દરેક જોડાઇને કયા બુલંદ

કાયદાથી એક "વીત"* યાને અખંડ સર્વવ્યાપકપણું One Stupendous Wholc ; One Harmonious Omnipresence) બનીને રહેલી છે તે ઘણીજ ગુહ્ય બાબદ સમજવામાં આ "જીરમ"ના વર્ગો થવાની બાબદ ઘણી સરસ રીતે મદદ કરે છે.

છેકુ "મજ઼દા"થી તે "ખનીરથ બામી" સુધીની એકવીસ મુખ્ય પેદાયશો.

તમામ રોશનીનો એક ગોળો "શએદાંન શએદ" યાને "નૂર ઉલ અનવાર" એટલે બુલદમાં બુલંદ રોશની, કે જેમાંથી "શહેમ ઉલ શહેમ" યાને આબેહુબ નેમ ટાંકેલી હોય તેમ "તનાસુલ્લી ઉસુલ્યાતે ઉરવાન" યાને તમામ ઉરવાનોનું મૂળ છે, તે "શએદાંન શએદ" માંથી નીચે જણાવેલી એકવીસ પેદાયશ બરપા થાય છે:—

૧. મજદા. ૨. અહુરા. ૩. અહુરમજદ. ૪. અમશાસ્પંદો. ૫. મીનો. ૬. દએ. ૭. ફરોગો. ૮. યજદો. ૯. ઉરવાનના ૨૭ કુલ્યાતી વીભાગો. ૧૦. ઉરવાનના ૨૭ માંથી ૭૨૯ જુજવાવી વીભાગો. ૧૧. ગાથા. ૧૨. જીરમોના ઉરવાનો. ૧૩. "દુખુલ" થયલાં ઉરવાનો. ૧૪.

---

* અવસ્તામા "હોરમજદ યશ્ત' મા દાદાર અહુરમજદના નામોમાં "વીત નાંમ અહમી" શબ્દો આવે છે તે "વીત"ની સમજણ "જીરમ"નો બાબ સમજ્યાથી મળી શકે છે.

"સુબુત" થયલાં ઉરવાનો. ૧૫. "ખારજી" થયલાં ઉરવાનો. ૧૬. "શશ કેશ્વરો"ના ઉરવાનો. ૧૭. ત્રણ "જરેહુ"ના ઉરવાનો. ૧૮. સુક્ષ્મ ચાર અનાસરોના સ્તોત મેળવનારાં ઉરવાનો. ૧૯. સ્થુળ આતશ, બાદ, આબ તથા ખાકના સ્તોન મેળવેલાં ઉરવાનો. ૨૦. જમાદાત, નબાદાત, તથા હૈવાનાતના ઉરવાનો. ૨૧. "ગેલશાહે સલીમ" યાને "કુવતે ચીમ"—પહેલ વહેલાં આદમનું ઉરવાન.

આ બધી તમામ પેદાયશ—"હસ્તી"માંથી "નીસ્તી" થતી વખતે યાને બુલંદમાં બુલંદ શ્રેષ્ટ અતિ સુક્ષ્મ સ્થિતીમાંથી નીકળી ઉરવાન સ્થુળના તરફ જતી વખતે—કેવી રીતે "મજદયસ્ની દએન" પ્રમાણે જુદી જુદી પડતી ગઇ, અને તેના અગણીત વર્ગો (differentiate) થતા ગયા, તે બાબેની અચુક સમજણ "જીરમ"નો બાબ તુલોતવીલ સમજ્યાથી મળી શકે છે. જરથોશ્તી ઇલ્મે "ક્નૂમ"નો કોઇબી બાબ સમજવા માટે "જીરમ"ના બાબ ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર પડે છે, અને તેટલા માટે હયાં શરૂઆતમાં "જરથોશ્તી દએન"ના ઇલ્મે "ક્નૂમ"ની અંદર સમજાવેલા "જીરમ"ના બાબની મોતેબરી ઉપર "તાલેબે-ઇલ્મ" જાનફેશાન

વાંચનારનું ખાસ ધ્યાન પહેલ વહેલાં ખેંચી સહેજ ઝાંખો ખ્યાલ આપવા માટેની કોશેશ કરવાની ફરજ પડી છે.

"જીરમ"નો બાબ સહેજ ધ્યાનમાં લઇને હવે આપણે "બરજીશી જીરમ"ને લગતી દએન યાને "જરથુશ્ત્રી દએન" ઉપર ધ્યાન રોકીશું. "જરથુશ્ત્રી દએન"ની અંદર કુદરતના કયા કયા બુલંદ કાયદાઓને આધારેની તરીકતો, ધર્મ-ક્રિયાઓ, વગેરે વગેરે કેઇ કેઇ હેરત પમાડનારી બુલંદ બાબદોના બ્યાનો વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલાં છે તેનો એક ટુંકો અને વખતને અનુસરતો ઘટતો જમીલો "ઇલ્મે ક્ષનૂમ સીરીઝ નં૦ ૧." માં "જરથોશ્તી ધર્મ સમજવા માટે ઇલ્મે ક્ષનૂમની ચાવી" એવાં મથાળાં હેઠળ અપાઇ ચુકયો છે, જેની સાથે વાંચનાર અત્યાર આગમજના જાણીતા થઇ ચુકયા હશે. આ તમામ "જરથોશ્તી દએન"ની તરીકતોમાંની ફકત એકજ તરીકત—**સુદરેહ-કુસ્તી**—ની બાબદ ખુદાના હોકમથી હાથ ધરીશું.

પ્રકરણ પાંચમું.

"તાવીલ-એ-સુદરેહ," યાને સુદરેહમાં સમાયલી કાર્યસાધક, ઉંડી, સાયન્તીફીક ભેદી મતલબ. બરજીશી જીરમની ઓળખાણ આપનારૂં સાંધન, તથા તરીકત પાળવા માટેનો પાયો—"સુદરેહ-કુસ્તી."

એક બસ્તે-કુસ્તીઆંન જરથોસ્તી પોતે બરજીશી જીરમનો છે એમ તે પોતે જે સુદરેહ-કુસ્તીનું પેહરણ પહેરે છે તે ઉપરથી ઓળખાઇ આવે છે. આપણે પોતે જરથોશ્તી દીનમાં જન્મેલા છીએ તથા આપણે "દએને બેરેજીશ્ત" યાને સૌથી બુલંદ દીનને લગતાં છીએ, તથા બરજીશી જીરમને લગતી દીનના આપણે છીએ, એમ યાદ આપનારાં ઘણાએક મોજુદ સાંધનોમાં એક અચુક અને આપણી સૌથી નજદીકનું—આપણી સાથે દરપળે ઘણોજ નીકટ સંબંધ ધરાવનારૂં—બુલંદ સાંધન "સુદરેહ-કુસ્તી" છે. આ "સુદરેહ-કુસ્તી" ઉરવાનની તરક્કી* યાને બુલંદ હાલત લાવવાને માટે વખશુરે વખશુરાંન રમ્જ-ગો સાહેબે જે અસરકારક "આલાતો" હથ્યારો કાર્યસાધક રીતે વાપરવા માટે આપ્યાં છે તેમાંના શરૂઆતના ત્રણ બુલંદ આલાતોમાં (૧) "સુદરેહ-કુસ્તી" (૨) આતશે વહરારાન" યાને આતશબહેરામ (૩) જરથોશ્તી ક્રીયાકામોમાં સૌથી અગત્યનો

---

* જુઓ ઇલ્મે ક્નૂમ સીરીઝ નં. ૧ લું, પાનું ૪૯.

"વરસ્યો" છે; અને આ ત્રણ આલાતોમાંનું સૌથી અગત્યનું તથા પાયા મીસાલ પાળવા માટે પાયા મીસાલ પગથીયું—"સુદરેહ-કુસ્તી" છે.

તરીકતોને ઉરવાન તરફ પહોંચાડનારી મારેફત (instrumentality) "સુદરેહ-કુસ્તી."

જે પ્રમાણે ખાકી શરીર તથા ખાધેલા ખોરાક વચ્ચેનું કાર્યસાધક જોડાણ કરી આપનાર અંગ હોજરી છે, અને હોજરી પોતે પોતાની મારેફત (instrumentality) થી ખોરાકને શરીર તરફ પહોંચાડી આપી શરીરને લાયક હાલતમાં રાખવાની ખોરાક લેવાની આપણી જે નેમ છે તે નેમને બર લાવે છે, તેજ પ્રમાણે તમામ તરીકતો—જે ઉરવાન માટેનો ખોરાક છે—તે તરીકતોને ઉરવાન સાથનું કાર્યસાધક જોડાણ કરી આપનારી મારેફત "સુદરેહ-કુસ્તી" છે. આ સુદરેહ-કુસ્તીનું બુલંદ આલાત પોતાની મારેફતથી જે તમામ તરીકતોની આપણે અમલ્યાત કરીયે છીએ તે તરીકતોના જમીલાને ઉરવાન તરફ પહોંચાડી ઉરવાનને "ઉરૂ" યાને બસીત કરવાની જે નેમથી આપણે તરીકતોની અમલ્યાત કરયે છીએ તે નેમ પાર પાડવામાં કીમતી મદદ કરે છે.

બરજીશી જીરમના ઉરવાનને માટે બરજીશી જરથોસ્તી દએનનીજ તરીકતો પાળવાની જરૂર છે અને તોજ તે બરજીશી જીરમનું ઉરવાન પોતાની નાજી કરી શકશે

એ બીના તો હવે આપણે સહેલાઇથી સમજી શકયે છીએ. આ બરજીશી જીરમની તમામ તરીકતો પાળવાને વાસ્તેજ સુદરેહ–કુસ્તીના બુલંદ આલાતની જરૂર છે. જે પ્રમાણે ખોરાક ગમે એવો સરસ હોય પણ તેને જેરવનારૂં અંગ યાને હોજરી જુક્તને કાયદે લાયક દરજાનું હોય નહી તો તે ખોરાક તે શરીરને માટે નકામો જેવો થઇ પડે છે, તેજ પ્રમાણે બરજીશી જરથોશ્તી દએનની શ્રેષ્ટ તરીકતોનો ખોરાક ઉરવાનને આપવા માટે લાયક મારેફતની યાને સુદરેહ–કુસ્તીની જરૂર જુક્તને કાયદે છે. સુદરેહ–કુસ્તી વગર બરજીશી જીરમની તરીકતો પાળી શકાયજ નહીં, કારણકે બીયું ગમે તેવું સરસ હોય છતાં તેને લાયક ખાતરવાળી જમીન, પાણી, ગરમી, તડકો, રોશની, હવા વગેરેની જુક્ત નહી મળવાથી તે બીયું લાયક ફળ આપી શકતું નથી, તેજ પ્રમાણે બરજીશી જીરમની તરીકતો ઘણી શ્રેષ્ટ હોવા છતાં સુદરેહ–કુસ્તીની જુક્ત નહી મળવાથી તે લાયક "ઇન્‌ફ્રાલ"—ઉરવાનને "ઉરૂ" કરી ઉરવાનની નાજી કરવાનો વાજબી નતીજો—લાવી શકશે નહી.

"સુદરેહ–કુસ્તી" ને લગતા સમજવા લાયક સવાલો.

ઉરવાનની નાજી કરવાને વાસ્તે જે મતલબથી જરથોશ્તી દએનને લગતાં ઉરવાને જરથોશ્તી દએનની તરીકતો પ્રમાણે જીંદગી ગુજારવી જોઇએ, તે મતલબ પાર પાડવાના કાર્યમાં સુદરેહ–કુસ્તીની આટલી બધી ખાસ

અગત્યતા હોવાને લીધેજ આ ખાકી દુન્યામાં હૈયાતી ભોગવતી વખતે જરથોશતી દએન પ્રમાણે ચાલવાનો એકરાર કરનાર બરજીશી જીરમના ઉરવાનને વાસ્તે સુદરેહ–કુસ્તી પહેરવાનો હુકમ વખશુરે વખશુરાંન સાહેબે આપેલો છે. એક ખાસ પીછાણ કરાવનારી (distinguishing) "આજીરફર" યાને દરરોજ પાળવાની ધાર્મિક ફરજ તરીકે સુદરેહ–કુસ્તીને શા માટે ગણી છે, તથા સુદરેહ–કુસ્તી કેટલી બધી ઉંડી તથા સાયન્તીફીક "તાવીલ" યાને અંદરના ભેદી ભાવાર્થ (inner deep meaning) થી ભરપુર છે, તે બાબે વખશુરે વખશુરાંન સાહેબે તુલોતવીલ બ્યાન આપેલું છે. તેટલા માટે વખશુરે વખશુરાંન સાહેબ ઉપર હજારો દરૂદ હોજો એવી દુવા સાથે સુદરેહ–કુસ્તીની આ સાયન્તીફીક ઉંડી મતલબ—ઉરવાનને "ઉરૂ" કરીને મીનોઇ વૃદ્ધિમાં તેને આગળ વધારવા માટે સુદરેહ–કુસ્તીની "ખીશ્કારી" યાને કુદરતે તેને સોંપી આપેલું કાર્ય (allotted function) સમજવાની કોશેશ કરીશું.

૧. સુદરેહની બનાવટમાં સુદરેહ "**એકજ આખાં કપડાંમાંથી**" કાંય બનાવવો જોઇએ ?

૨. સુદરેહ "રૂનાજ કપડાં" (cotton cloth) નો કાંય?

૩. સુદરેહ "સફેદજ રંગનો" કાંય ?

૪. સુદરેહના "નવજ સાંધા" કાંય ?

૫. સુદરેહ "નીચેથી આખો ગોળ" કાંય ?

૬. સુદરેહ "નીચેથી મોહરી (border) સીવેલો" કાંય?

૭. સુદરેહ ઉરવાનને "ઉરૂ" કરવામાં તથા શારીરીક તનદુરસ્તી જાળવવામાં કેવી રીતે અગત્યનો થઇ પડે છે—

આ બધા સવાલો ખુદાની મહેરબાનીથી એક એક પછી સમજવાની કોશેશ કરીશું.

એજ પ્રમાણે સુદરેહથીબી વધુ અજાયબી પમાડનારૂં તથા સુદરેહની સાથે ચાલુ જુફ્ત તરીકે કાર્ય કરનારૂં જરૂરયાતી આલાત જે "કુસ્તી" છે તેને લગતા પણ અનેક સમજવા લાયક સવાલો ઉભા થાય છે.

૧. કુસ્તીની બનાવટમાં કુસ્તી "આખી ગોળજ" કાંય વણવી જોઇએ?

૨. કુસ્તી "ઉનનીજ" કાંય?

૩. કુસ્તી "ચોકસ જાતનાજ ઘેટાંના ઉનની" કાંય?

૪. કુસ્તી "તરીકતથીજ વણવી" કાંય?

૫. કુસ્તી "બોતેરજ તારની" કાંય?

૬. કુસ્તી "તરીકતથીજ કાપવી" કાંય?

૭. કુસ્તીથી ઉરવાનને કેવી રીતે ફાયદા થાય છે—

આ મુખ્ય સવાલો "તાવીલ-એ-કુસ્તી" માં સમાઇ જાય છે, અને આ બધી બાબદો ધીરજથી બરાબર ધ્યાનમાં

લીધા પછી સુદરેહ-કુશ્તી ઉર્વાનને માટે એક નાદર બખ્તર કેવી રીતે છે તેનો ઘણોજ બુલંદ, અક્કલ પસંદ ખ્યાલ આપણુને આવી શકે છે, અને આ રીતે જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ આપણી ધર્મ તરફની ફેદાગીરીમાં વધારો કરી આપણી “ જરથોસ્તી ” શબ્દ તરફની જાનફેશાનીને સદા મુસ્તકીમ રાખવામાં કીમતી મદદ રૂપી ફાલો આપે છે.

પ્રકરણ છઠ્ઠું.

એક ચેતવણી—ઇલ્મે ક્નૂમ તેહેસીલ (acquire) કરતી વખતે ખાસ ધીરજની જરૂર.

ઇલ્મે ક્નૂમ સમજાવતી વખતે વારંવાર ધ્યાન ખેંચવાની જરૂર છે કે જરથોશ્તી ઇલ્મે ક્નૂમ જે તમામ ઇલ્મોનો ઇલ્મ—બુલંદમાં બુલંદ જ્ઞાન—"ફરહંગાંન ફરહુંગ" (Knowledge of Knowledges—the Master-Science) છે, તે તમામ જ્ઞાનના જાળાંની એક અખંડ વણુત (the perfect web of All Knowledge) છે. આમ હોવાને લીધે જરથોશ્તી ઇલ્મે ક્નૂમનો કોઇબી એક "ચમન" યાને શાખા પકડીને કોઇ અમુક બાબદ સમજાવતી વખતે તેમાં વીંટલાયલી બીજી અનેક બાબદોના સંબંધો આવી જાય છે. આમ ચાલુ દરેક બાબદ વખતે બનતું હોવાને લીધે પેલી બીજી બાબદો સમજાવવા માટે અસલ મૂળ બાબદથી વેગળા (digress) થવું પડે છે. ઘણીવાર "જરથોશ્તી ઇલ્મે ક્નૂમ ઇન્સ્તીત્યુત"*નાં કલાસોમાં ઘણીએક બાબદો એવી રીતે સમજાવવી પડે છે કે ત્યાં બેઠેલા તાલેબે-ઇલ્મ મેમ્બરો શરૂઆતમાં એમજ માની લે છે કે ઉસ્તાદ સાહેબ પોતાની અસલ મૂળ બાબદ ભુલી જઇ કોઇ બીજીજ બાબદ ઉપર બોલ્યા જાય છે. પણ જ્યારે સેવટે પાછી

* એ ઇન્સ્તીત્યુતની નેમો શું શું છે તે જાણવા ઇચ્છતા હમદીનોએ "એરચશાહ બીલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ, મુંબઇ"ને સરનામે એ ઇન્સ્તીત્યુતની ઓફીસમાં લખવું.

અસલ મૂળ બાબદ ઉપર ઠેકો મારવામાં આવે છે ત્યારેજ પેલી મૂળ બાબદને અખંડ રીતે ચોકસ દરજ્જે ખ્યાલમાં લેવાઇ શકાય છે, અને તેજ વખતે મૂળ બાબદથી વેગળા (digress) થવાની મતલબ અને જરૂરયાત પીછાણી શકાય છે. એજ પ્રમાણે "ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ"ના લખાણોમાંથી કોઇ કોઇ વાર ખાસ લોગતો (technical terms) યા કોઇ અગત્યની અમુક બાબદ ખાસ સમજાવવાને ખાતર મૂળ બાબદથી જે વેગળાં લખાણો (digressions) આવે, તે લખાણો ધીરજ*થી અને ધ્યાનથી વાંચીનેજ તાલેબે-ઇલ્મને આગળ ચાલવાની અરજ કરવામાં આવે છે.

એક બીજી ધ્યાન ખેંચનારી બીના—જરથોશ્તી દએનમાં રૂપીયાના ચૌદ આનાભાર ઉરવાન તથા અણુદીઠ આલમોને લગતું જ્ઞાન, અને ફક્ત બેઆની ભાર બાકી શરીર તથા આ દુન્યાને લગતા તમામ કાયદાઓનું શિક્ષણ;

ઉરવાનની તરક્કીને માટેજ જરથોશ્તી દએન.

એક બીજી બાબદ ઉપર હજી વધારે ધ્યાન આપવાની જરૂર છે. "જરથોશ્તી દએન" સમજાવતી વખતે વખશુરે વખશુરાંન સાહેબની મતલબ એ હતી કે કુદરતના ઉસુલ્યાતી હોરમજદી કાયદાઓ જાહેર કરવા, કે જે કાય-

* ઇલ્મે ક્ષ્નૂમને લગતાં ભાષણો દરમ્યાન શ્રોતાજનોને પણ ખાસ ધીરજ રાખવાની ઘણી જરૂર પડે છે.

દાઓ મુજબ અમલ કરયાથી ઉરવાનને પાછું તનાસુલી "હસ્તી"માં લઇ જવાની બુલંદ નેમ પાર પાડી શકાય. આ રીતે ઉરવાનને પાછું હસ્તીમાં જવાની ખાસ છેલ્લી મતલબ* (final goal) હોવાને લીધેજ જરથોશ્તી દએનમાં એક રૂપીયાના ચાદ આના જેટલા પ્રમાણમાં ઉરવાન તથા મીનોઇ અને બીજી અણુદીઠ આલમોને લગતા કાયદાઓનું જ્ઞાન સમજાવવામાં આવ્યું છે, જ્યારે ફકત બે આના પ્રમાણ જેટલું આ શરીર તથા બાકી દુન્યા વગેરે તમામ બાબદોનું સંપુર્ણ ધ્યાન આપવામાં આવ્યું છે.

તેટલા માટે જરથોશ્તી દએનની કોઇબી તરીકત યા કોઇબી બાબદ સમજતી વખતે સુક્ષ્મ મધ્યબિંદુથી યાને ઉરવાનને લગતી દ્રષ્ટિ (Spiritual standpoint) થી દરેક બાબદો ધ્યાનમાં લેવાની ખાસ વધારે તજવીજ કરવી જોઇએ, અને અમુક તરીકતથી ફકત શારીરીક ફાયદા થાય છે કે નહી તે ઉપર લક્ષ આપવાની યાને કે સ્થુળ મધ્યબિંદુ (physical standpoint) થી જરથોશ્તી દએનની કોઇબી બાબદ સમજવાની જેમ બને તેમ ઓછા પ્રમાણમાં કોશેશો થવી જોઇએ.

ઉરવાનની તરક્કીની બાબદ—ઉરવાનને પાછું "હસ્તી" તરફ લઇ જવાની બાબદ—વખશુરે વખશુરાંન સાહેબે

* જુઓ અહુનવદ ગાથા હા ૨૮ ફ. ૪. "યે ઉરવાનેમ મેન ગઇરે વોહુ દદે હઆ મનંઘહા."

એટલીતો મજબુત રીતે ધ્યાનમાં રાખી છે કે આ સૌથી અગત્યની બાબદને લગતા "મીથ્ર" યાને વિચારો હંમેશાં કાયમ રાખવાને ખાતેર વખશુરે વખશુરાંન સાહેબની પછીના તેવણુના જાયનશીનો પણ પાજંદ કલામોમાં એ બાબદને લગતા ઘણાએક ફકરા મુકી ગયા છે.

"પ ખીશીએ યજદાંન દારહોમ; પ ખીશીએ યજદાંન દાશ્તન અએ બહોદ કુ અગર તશ અજાં રસદ કે ઇન તન રવાન રા બેઆવાયદ દાદન બેદેહુમ.* "

માએની.

"યજદોના સંબંધમાં ચાલું રહું છું (કારણકે મારા ઉરવાનને હસ્તી તરફ લઇ જવાનું છે); યજદોની ખીશી (relationship) થી રહેવું નો અર્થ એ થાય છે કે જો કંઇ એવું બનવા પામે કે રવાનને ખાતર આ શરીર આપવુંજ પડે તો હું આપી દેવું."

ઉરવાનની અસલ હસ્તી તરફ જવાની બાબદને લગતા મીથ્રને કાયમ રાખનારૂં આ જે સુંદર વાક્ય છે, તેની તાવીલ ઘણી ઉંડી અને સમજવા લાયક છે, પણ હાલ તુરત એ વાક્ય ઉપરથી આપણે સહેલાઇથી સમજી શકયે છીએ કે **ઉરવાનનીજ તરક્કીનો** વિચાર વખશુરે વખશુરાંન સાહેબે ઘણોજ ધ્યાનમાં રાખીને જરથોસ્તી દએનની તમામ તરીકતો આપેલી છે. એજ પ્રમાણે દરેક

---

* જુઓ પતેત પશેમાની કરદો ૧.

ન્યાએશ તથા યશ્તમાં છેડે ભણાતું વાકય ઉરવાનની તરક્કીના મીથ્રને માટે છે.

"મન આંનો આવાયદ શુદન."
"ત્યાં મારે જવાનુંજ છે."

આ વાકયની ઉપર લંબાણુથી લખાણુ કરી શકાય એવી ઉંડી તાવીલ એમાં સમાયલી છે જે ભવિષ્યમાં ખુદાનું ચહાવું હશે તો ઇલ્મે ક્નૂમ સીરીઝના કોઇ નંબરમાં આપવામાં આવશે. પણ આપણા અસલ બુલંદ ભણતરોમાં બચી રહેલાં આવાં આવાં વાકયો ઉપરથી આપણે આટલું તો યાદ રાખીશું કે જરથોશ્તી દએનની દરેક તરીકતમાં ઉરવાનની બેહતરી—"હસ્તી"માં ગરોથ્માન તરફ જવાનો ઉરવાનનો પોતાનો હક્ક—ખુબ રવેશે ધ્યાનમાં રાખીને પછીજ વખશુરે વખશુરાંન સાહેબે દરેક તરીકત એક પછી એક સમજાવી છે.

હવે ત્યારે સુદરેહ—કુસ્તી જે બીજી બધી તરીકતોનાં ખાસ પાયા મીસાલ છે, તે સુદરેહ—કુસ્તીમાં પણ ઉરવાનનીજ તરક્કી થઇ શકે એવી કાર્યસાધક, ઉંડી ભેદી અસરો સાયન્તીફીક રીતે સમાવેલી હોવી જોઇએ એ બીના ચાલુ ધ્યાનમાં રાખીને સુદરેહની બનાવટ વિષે કંઇક સમજવાની કોશેશ કરીશું.

---

* જુઓ કોઇબી ન્યાએશ તથા યશ્તને છેડે ભણાતો ફકરો "ગોરજે ખોરેહ અવજયાદ."

પ્રકરણ સાતમું.

સુદરેહની "સાજ્રની" યાને બનાવટ.

સફેદ રંગનો—રૂના કપડાનો—એક આખા કટકામાંથીજ બનાવેલો—તરીકત મુજબનો સુદરેહ.

સુદરેહના નવ સાંધાઓ અને તેની ખુબીઓ. સુદરેહ ઉપરથી ઉપજતો "જરથોશ્તી દએન" ની બુલંદીનો ખ્યાલ.

સુદરેહની બાબદ જરથોશ્તી દએનના "વસ્ત્ર" ના બાબમાં વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલી છે. "વસ્ત્ર" અવસ્તા શબ્દ છે, અને તેનો અર્થ પોશાક અથવા પહેરણ (dress, apparel) થાય છે. યઓજદાથ્રેગર મોબેદો માટેના તરીકત મુજબના પોશાક, ગુજર પામેલાં ઉરવાનોની ક્રીયાકામોમાં લેવો જોઇતો સ્યાવ, તથા જુદે જુદે વખતે ચોકસ હીંગામો ઉપર દરેક બસ્તેકુસ્તીઆંન મરદ તથા સ્ત્રીએ કુદરતના ચોકસ કાયદાને આધારે કેવા કેવા અને કયા કયા રંગના પોશાકો પહેરવા જોઇએ, તથા જુદી જુદી જાતના અને જુદા જુદા રંગના પોશાકો પહેરવાથી તે પહેરનારના "મીથ્ર" યાને વીચારો તથા "ખોરેહ" અને "ઉરવાન" ઉપર થતી સારી યા માઠી અસરો વગેરે વગેરે પોશાકને લગતી અનેક બાબદો આ "વસ્ત્ર" ના બાબની અંદર સમાઇ જાય છે.

હવે તરીકત મુજબનો સુદરેહ નીચે જણાવ્યા મુજબની સાત ચીજ (points) ઉપર આપણું ખાસ ધ્યાન ખેંચે છે:—

૧. રૂનાજ કપડાં (cotton cloth) નો.

૨. સફેદજ રંગનો.

૩. એક આખા કટકામાંથી બનાવેલો.

૪. બરાબર નવ સાંધા સાથનો.

૫. પહેરનારના ગુંઠણ સુધીનો લાંબો.

૬. નીચેથી આખી ગોળાઇ સાથનો. (completely circular)

૭. નીચેથી તમામ મોહરી યાને કીનારી સીવેલો. (rim-sewn)

સુદરેહના નવ સાંધા કેવી રીતે બનાવવા જોઇએ?

રૂના કપડાંના એક આખા કટકામાંથી ગળાંનો ભાગ કાપી લીધા પછી જે કટકો કાપી કહાડયો હોય તેમાંથીજ બે ચીજો યાને ગરદન ઉપરનો "ગીરદો" તથા છાતી ઉપરનું "ગેરેબાન" બનાવવાં. બે બાજુ ઉપરના (sideways) આખા સાંધા કરવા. કોણી (elbow) સુધીની ટુંકી બે બાંય કરવી. હવે જો મરદ માટેનો સુદરેહ હોય તો નીચેથી જમણી બાજુના મોટા આખા સાંધાની બેઉ બાજુ ઉપર એક એક "તીરી" કાટખુણાના

આકાર (angular form) માં બનાવવી, તથા **ડાબી** બાજુના મોટા સાંધાની સમાંતર (parallel) એક "તીરી" બનાવવી. જો સ્રીને માટે સુદરેહ બનાવવો હોય તો નીચેથી **ડાબી** બાજુના મોટા આખા સાંધાની બેઉ બાજુ ઉપર કાટખુણાના આકાર (angular form) માં એક એક "તીરી" બનાવવી, તથા **જમણી** બાજુના મોટા સાંધાની સમાંતર (parallel) એક "તીરી" બનાવવી. આ પ્રમાણે "ગીરદો+ગેરેબાન+જમણી બાંય+ડાબી બાંય+જમણો આખો સાધો+ડાબો આખો સાંધો+કાટખુણાના આકારની બે તીરી+સમાંતર એક તીરી" મળીને નવ* સાંધા તરીકત મુજબના સુદરેહમાં હોવા જોઇએ. અસલ જરથોશ્તી દએનની તરીકત પ્રમાણે તમામ સુદરેહની બનાવટ આવી રીતની હોવી જોઇએ. આવીજ રીતની બનાવટમાં કેવી ભેદ ભરેલી ઉંડી મતલબ છે, તથા ઉરવાનને બુલંદ હાલતે પહોંચાડવા માટે આવીજ રીતનો બનાવેલો તરીકત મુજબનો સુદરેહ કેવી સાયન્તીફીક રીતે મદદ કરતા થઇ પડે છે તે સહેજ સમજવાની હવે કોશેશ કરીશું, અને ઉપર જણાવેલી સાતે સાત ચીજો (points) ને એક એક પછી હાથ ધરીશું.

---

* જુઓ સુદરેહનું ચિત્ર સમજણ માટે.

પ્રકરણ આઠમું.

૧. સુદરેહ રૂનાજ કપડાં (cotton cloth) નો કાંય હોવો જોઇએ ?

આ સવાલનો સંતોષકારક જવાબ મેળવવા માટે જરથોશ્તી દએનના બે મૂળ કાયદાઓ (First Principles of Zoroastrian Law of Unfoldment) ઉપર બરાબર ધ્યાન આપવું જોઇએ.—

જરથોશ્તી દએનની અંદર ઉરવાનની તરક્કી યાને ઉંચ હાલત લાવવાને માટે "ખોરેહ" જાળવવાની ઘણી એક મારેફત (instrumentality) બતાવવામાં આવી છે. આ "ખોરેહ" શબ્દ કંઇ નવો નથી, અને એનો અર્થ પહેલી સીરીઝમાં* અપાઇ ચુકયો છે. ખોરેહને ઘણુંજ સરસ સુક્ષ્મ રાખ્યાથીજ "ઉરવાન" આગળ વધી શકે છે, અને તેટલા માટેજ ખોરેહને જાળવવાનું ખાસ અગત્યનું ફરમાન આપ્યું છે, એટલુંજ નહી, પણ દરેક જરથોશ્તીએ પોતાના ખોરેહને કેવી રીતે અશોઇથી રાખવું તે બાબે અગણીત પુષ્કળ કાયદાઓ જરથોશ્તી દએનમાં વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલા છે.

સુદરેહની બનાવટ રૂનાજ કપડાંની કાંય હોવી જોઇએ તે બાબદ સાથે "ખોરેહ"ની બાબદને ઘણોજ અતલગનો સંબંધ રહેલો છે, અને રૂના કપડાંનો સુદરેહ

---

* જુઓ ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૧ પાનું ૧૫.

તરીકતથી પહેરનારનું ખોરેહ જાળવવામાં ખાસ કીમતી સેવા બજાવે છે. આ બાબદની સમજણ તદન હાલની વીદ્યા (modern science) ના કાયદાનુસારજ છે એમ સાયન્સ નો દરેક વિદ્યાર્થી કબુલ કરી શકશે.

બદનમાંથી નીકળતા પ્રવાહો ઉપર સુર્યના અણુદીઠ કીરણોનું કાર્ય.

માનવીનું ખાકી શરીર ચાર અનાસરોનું બનેલું છે, અને તેટલા માટે તે "હુઇર" યાને (waste matter) થી ભરપુર છે. આ "હુઇર" ના બારીક અણુદીઠ પ્રવાહોને ખુરશેદ ચાલુ પોતાની તરફ ખેંચી લેયા કરે છે. શમ્સના સ્વા યાને અણુદીઠ કીરણો (unseen rays) "ઇન્‌ફેસાલ" યાને પોતાના બીંદુથી દૂર જવાના જોશ (Centrifugal force) ના કાયદાથા મહેરના સાત* તબક્કામાથી પસાર થઇને પછો મહેરના "અઇપિ-દખ્યૂ" તબક્કાની મારફતે માનવીના બદનમા આવીને દાખલ થાય છે. એજ "ઇન્‌ફેસાલ"ને કાયદે માનવીનું બદન પોતાની અંદરથી "હુઇર" ના પ્રવાહોને ચાલુ બહાર ફેંકી દે છે. જેમ દરેક બાબદમાં તેમ આ બાબદમાં પણ "ઇન્‌ફેસાલ" ની સાથે "દૂઇ" ને કાયદે "ઇત્તેસાલ" યાને પોતાના બીંદુ તરફ ખેંચાઇ જવાના જોશ (centripetal force) નો કાયદો કાર્ય કરે છે. તેટલા માટે

* જુઓ ઇલ્મે ક્નૂમ સીરીઝ નં૦ ૧ પાનુ ૩૨.

જે પ્રમાણે માનવીનું બદન શમ્સના સ્વાને "ઇસ્તેસાલ"ના કાયદાથી મહેરની મારફતે પોતાની નજદીક આવતી વખતે પોતા તરફ ખેંચી લેછે, તેજ પ્રમાણે બદનમાંથી નીકળતા "હઇર" ના પ્રવાહોને એજ "ઇસ્તેસાલ" ને કાયદે શમ્સ પોતાની તરફ ખેંચી લે છે. આ ક્રીયા તદન કુદરતી રીતે થાય છે, કારણ કે જો આ રીતે "હઇર" શરીરની બહાર ખેંચાઇ જાય નહી તો ખોરેહ પવિત્ર રહી શકે નહી, અને તેથી ઉરવન આગળ વધી ઉંચ હાલતે આવી શકે નહી.

હવે આ "હઇર" નીકળવાની ક્રીયા થતી વખતે કુદરતી રીતે ત્યાં "અસરે તારીકી"* યાને કે મીનોઇ વૃદ્ધિમાં ખલલ કરનારી અસર (process of spiritual disorder) પેદા થાય છે. આમ થવાનું કારણ એ છે કે શમ્સ ના સ્વા શરીરમાં સીધાં (direct) દાખલ થાય છે ત્યારે "હઇર"ના પ્રવાહ સાથે જોશ ભેર ઘસારો (friction) થાય છે, અને આ જોશભેર થતા ઘસારાના પરીણામમાં એક ત્રીજી "ખાસતર" યાને વીજળીક શકિત બરપા થાય છે, અને આ "ખાસ્તર" આપણા ખોરેહનો બગાડ કરી ખોરેહને "ફતે" કરે છે યાને કાપી નાંખે છે.

પણ શુક્ર તે વખશુરે વખશુરાંન સાહેબ ઉપર કે જ્યાંબી કુદરતી ક્રીયાથી "અસરે તારીકી" પેદા થતી હોય

---

* જુઓ ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ. નં ૧. પાનું ૪૦.

તેને કુદરતનાજ "જુજ" ના કાયદાથી જરથોશ્તી દએનની તરીકતની અમલ્યાતથી "અસરે રોશની" * યાને મીનોઇ વૃદ્ધિમાં મદદ કરનારી અસર (process of spiritual order) માં પાછું ફેરવી નાંખવું (transmutation) એ જરથોશ્તી દએનની એક બુલંદ મોતેબરી છે, અને આ બુલંદીના પ્રતાપને લીધેજ સુદરેહ રૂના કપડાંનો બનાવવાનું ફરમાન આપવામાં આવેલું છે.

રૂની અંદર કુદરતી રીતે એવો "સરશોક" યાને અસલ તત્વ (inherent characteristic property) હોય છે કે શખ્સના સ્વાને રૂ પોતાની અંદરથી પસાર થવા દેતી વખતે નરમ યાતો ઠંડા (mild) કરી નાંખે છે, અને સ્વાને ભાગી નાંખીને (in a refracted condition) આડકતરી રીતે (indirectly) શરીરમાં દાખલ થવા દે છે. આવી રીતે રૂના કપડાંના સુદરેહમાંથી પસાર થઇને શખ્સના સ્વા બદનમાં દાખલ થાય છે, તેથી શખ્સના સ્વા અને "હુઈર" નું જોશભેર ઘસાવું (friction) થઇ શકતું નથી, અને આમ ઘસારો નહી થવાથી પેલી નુકસાનકારક "ખાસ્તર" ઉત્પન્ન થઇ શકતી નથી, અને આવી રીતે "અસરે તારીકી" બરપા નહી થવાને લીધે ખોરેહની સુક્ષમતા તથા તેજમાં ન્યુન્તા આવી શકતી નથી.

---

* જુઓ ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ નં. ૧ પાનું ૪૦.

પ્રકરણ નવમું.

માથાંબાના અને ટોપી પહેરવામાં સમાયલી સાયન્તીફીક મતલબ.

જરથોશ્તી દએનમાં શીખવેલા એજ મ્હાન સાયન્તીફીક કાયદાને આધારે માથાં ઉપરના બાલ સફેદ રૂના કપડાંની ટોપી યા માથાંબાનાથી ઢાંકવાનું અસલ જરથોશ્તી ફરમાન છે, કારણ કે માથાના બાલ બરાબર રૂના કપડાના ઢાંકણથી ઢાંકયાથી માથાના બાલમાંથી ચાલુ નીકળતા "તાકુન" યાને અણદીઠ ખરાબ પ્રવાહને શખ્સના સ્વા સાથે તથા "વયુ-ઉપર–કઇરય" યાને વાતાવરણ સાથે ઘસારો થઇ શકતો નથી, અને આવી રીતે પેલી "અસરે તારીકી" ધરાવનારી "ખાસ્તર" બરપા નહી થવાને લીધે તે શખ્સનું ખોરેહ પોતાની અસલ હાલતમાં સુક્ષ્મ અને તેજસ્વી રહી શકે છે. રૂનું કપડું શખ્સના સ્વાને તીક્ષણ રૂપે (in a focus) દાખલ થવા દે છે, જેથી "હુઇર" પોતાના દરજજા પ્રમાણે ધીમે ધીમે બહાર ખેંચાઇ જાય છે, અને તેથી પરીણામમાં ખોરેહને અડચણ થઇ શકતી નથી. દરેક વાંચનાર આ ઉપરથી સહેલાઇથી સમજી શકશે કે એક જરથોસ્તી દએન પ્રમાણે ચાલનાર શખ્સને માટે ખોરેહ જાળવવાનું જે અગત્યનું ફરમાન છે, અને જે બુલંદ ફરમાન શરીર તથા ઉરવાનને લગતા કાયદાઓ મેળવવાને ખાતરજ વખશુરે વખશુરાંન સાહેબે આપેલું છે તે ખોરેહ જાળવવાના ફરમાનનો ખુલ્લી રીતે અનાદર ઉઘાડે માથે રહયાથી યા માથાંબાના બરાબર આગળ વેરથી નહી રાખવાથી કર

વામાં આવે છે. આવી રીતે ઉઘાડે માથે રહ્યાથી યા માથા-માના બરાબર આગળ વેરથી નહી રાખવાથી વખશુરે વખ-શુરાંન સાહેબના એક બુલંદ ફરમાનનો અનાદર થાય છે એટલુંજ નહી, પણ ખોરેહ નહી જળવાયાથી—ખોરેહની સુક્ષ્મતા તથા તેજસ્વીપણું ચાલુ ખોહી દીધાથી—કુદરતી કાયદે શરીરને લગતાં તથા ઉરવાનને લગતાં દુઃખો અને માઠી અસરો ઉત્પન્ન થાય છે. ખોરેહ કેટલી ઉમદા અને અગત્યની ચીજ છે તે ખુદાનું ચાહવું હશે તો ભવિષ્યમાં લંબાણથી સમજી શકાશે, પણ એક જરથોશ્તીએ પોતાના માથાના બાલ હમેશા ચાલુ—અને ખાસ કરીને બંદગી કરતી વખતે તથા ક્રીયાકામને લગતી પવિત્ર જગ્યામાં જતી વખતે તો જરૂર—સફેદ રૂના કપડાંથી બરાબર ઢાંકવા જોઇએ તથા એમ ઢાંકેલા રાખવામાં ઘણીજ સાયન્તીફીક રીતે સમજ પડે એવી મ્હાન મતલબ સમાયલી છે એમ યાદ રાખી, તે પ્રમાણે અમલ કરી, ખોરેહ જાળવ-વાની દરેક જરથોશ્તીની ફરજ છે એમ અંતઃકરણમાં કોતરી રાખીશું.

જુદી જુદી જાતના કપડાં—જેવાંકે રૂ, ઉન, રેશમ, સન વગેરે—ઉપર થતી ખોરશેદના સ્વાની અસર. સુદરેહ ચામડીની લગોલગ પહેર-વાનું સાયન્તીફીક કારણ.

રૂનું કપડું આપણાં શરીરમાંથી નીકળતાં "હઇર" ને ધીમે ધીમે બહાર જવા દેવા માટેનું અગત્યનું કાર્ય બજાવે

છે, એ બીના આપણે ધ્યાનમાં લીધી છે. આ અચુક સાયન્તીફીક બીના ઉપરથી એક ઘણો અગત્યનો સવાલ હ્યાં સમજ પડી જાય છે. સુદરેહ ચામડીની લગોલગ (next to skin) પહેરવાનું ફરમાન ખાસ સાયન્તીફીક કારણોથીજ વખશુરે વખશુરાંન સાહેબે આપેલું છે. શારીરીક તનદુરસ્તીને ખાતર પણ ચામડીની લગોલગ બીજાં કોઇબી જાતના કપડાં પહેરવાને બદલે રૂનુંજ કપડું સુદરેહના આકારમાં એક જરથોશ્તીએ પહેરવું જોઇએ, કારણકે રૂનું કપડું શરીરમાંથી નીકળતાં "હઇર" તથા આફતાબમાંથી આવતા "સ્વા" નો જોશભેર ઘસારો થતો અટકાવી દઇને આપણા ખોરેહને તેજસ્વી તથા પ્રકાશીત રાખવામાં ઘણો કીમતી ભાગ બજાવે છે, અને જે પ્રમાણે ઉરવાનની ઉંચ હાલતને ખાતર ખોરેહ જાળવવાનીં જરૂર છે તેજ પ્રમાણે ખોરેહની જાળવણી શારીરીક તનદુરસ્તીને પણ ઘણો અગત્યનો ફાયદો કરે છે.

ઉનનું આખું પહેરણ ચામડીની લગોલગ (next to skin) રાખ્યાથી "હઇર" ને ધીમે ધીમે શરીરમાંથી બહાર જવા દેવાના સુદરેહના કાર્યમાં હરકત થાય છે. સ્થુળ મધ્યબિંદુથી જોતાં એવું માલમ પડે છે કે પરસેવો ખેંચી લેવાની તથા હરારત યાને ગરમી એકદમ બહાર ખેંચી કહાડવાની શક્તિ ઉનની અંદર રહેલી છે, અને તેટલા માટે ઉનનું પહેરણ ચામડીની અડોઅડ રાખ્યાથી આફતાબના સ્વા એકદમ ઉન મારફતે દાખલ થઇ, ઉન મારફતે જોશભેર

બહાર ખેંચાયલી શરીરની હરારત સાથે મજબુત ઘસારો ઉત્પન્ન થાય છે અને ખોરેહ ને તદન "કતે" કરી યાને કાપી નાંખે છે.

સનનું કપડું ખોરશેદના સ્વાને પોતે ગ્રહણ કરી લે છે, પણ શરીરની અંદર સ્વાને દાખલ કર્યા વગર પાછા સ્વાને બહાર છોડી દે છે (radiates), જેથી કરીને ખોરશેદના સ્વા શરીરમાં જેટલા દાખલ થવા જોઇએ તેટલા થઇ શકતા નથી, અને શરીરમાંનું "હઇર" જેટલા દરજામાં બહાર નીકળવું જોઇએ તે બહાર ખેંચાઇ જઇ શકતું નથી.

રેશમનું કપડું ખોરશેદના સ્વાને તીક્ષ્ણ (focus) કરવાને બદલે છુટા (diverge) કરી કાપી નાંખે છે, અને ફકત સપાટી ઉપરજ (superficially) ગ્રહણ કરે છે, અને શરીરમાં સ્વાને તીક્ષ્ણ (convergency) રૂપે દાખલ (penetrate) થતા અટકાવી ને શરીરની બહાર સ્વાને ફેલાવી દે છે, જેથી શરીરમાંથી નીકળતાં "હઇર" સાથે મજબુત ઘસારો થઇ ખોરેહમાં ન્યુનતા લાવવાનો ઘણો સંભવ રહે છે.

આવી રીતે દરેક જુદી જુદી જાતના કપડાંમાં આફતાબના સ્વાના સંબંધમાં જુદી જુદી ખાસ્યતો હોવાને લીધેજ, તથા રૂના સરશોકમાં ખોરેહની જાળવણી થઇ શકે એવી ખાસ ખાસ્યત હોવાને લીધેજ વખશુરે વખશુરાંન રજ્જ-ગો અશો સ્પિતમાન જરથુશ્ત્ર સાહેબે રૂના કપડાંનો સુદરેહ

પહેરવાનું તથા તેની સાથે જુફ્તને કાયદે ઉનની કુસ્તી બાંધ-વાનું અચુક સાયન્તીફીક ફરમાન "ઉલ વુજુબ" યાને કુદરતી અચુક કાયદા (Law of Nature) ને આધારે આ-પ્યું છે.



પ્રકરણ દશમું.

"માંથ્ર"ના "સ્તોત" ને પકડી રાખનાર— "અસરે તારીકી" ને દૂર રાખનાર—એજમતી આલાત "સુદરેહ." સુદરેહના અસરકારકપણાં (efficiency) ને લીધેજ પહેરવામાં આવે છે.

ઉરવાનની તરક્કીને માટે રૂનો સુદરેહ કેવી કીમતી સેવા બજાવે છે તે બાબે "ખોરેહ" ના મધ્યબિંદુથી આપણે સમજી ગયાં છીએ. હવે એજ બાબદને એક બીજાં મધ્યબિંદુથી સમજીને સુદરેહ જેવાં બુલંદ આલાતની ખરેખરી ખુબી પીછાણવાની કોશેશ કરીશું. ઉરવાનની બહેતરીને માટે જરથોસ્તી દએનમાં "*ખોરેહ" ઉપરાંત જે બીજી બુલંદ મારેફત વખશુરે વખશુરાંન સાહેબે આપેલી છે તે "સ્તોત" ની મારેફત છે. "સ્તોત" યાને ધ્વનીથી ઉત્પન્ન થતા રંગો (vibrationary colours) નો મ્હાન કાયદો કુદરતમાં કેટલો બધો અખંડ રીતે (universally) વ્યાપી રહેલો છે તે વખશુરે વખશુરાંન સાહેબે જાણી લેઇનેજ તમામ અવસ્તા "માંથ્ર" ના કલામો "સ્તોત* યસ્ન" ને કાયદેજ રચીને આપ્યા છે, કે જે અવસ્તા માંથ્રના સ્તોતની

---

*જુઓ ઇજરને હા ૫૫, ફ. ૫, ૬, ૭. હા ૫૮, ફ. ૮. હા ૫૯, ફ. ૩૨. હા ૭૧, ફ. ૧૮.

મદદથી ઉરવાન—ઉપરથી આવતા ૧૦૦૧* સ્તોતના નાળાં-ના ચજદી પ્રવાહો સાથે "ચજ" યાને એકતાન થઈને—પોતે "ઉરૂ" થઇ તરક્કીમાં આગળ અને આગળ વધે છે. "મીથ્ર" તથા "માંથ્ર" તો ઘણીજ બુલંદ બાબદ છે, અને હસ્તીમાંથી નીસ્તી થઇને નીસ્તીમાંથી હસ્તીમાં જવા-ના તમામ કાયદા "મીથ્ર" તથા "માંથ્ર" ઉપરજ રચા-યલા છે, તેટલા માટે "મીથ્ર" અને "માંથ્ર" ની ખીશ્કારી બાબે ખાસ જુદીજ ચોપડી લખવાની જરૂર છે, છતાં સુદરેહ કુસ્તીના બાબમાં "મીથ્ર" અને "માંથ્ર" સાથનો ઘાડો સંબંધ આવવાથી એ બાબદ વિષે આગળ ચાલતાં સહેજ ઉપર ટપકેથી સમજણ લઇશું.

"માંથ્ર"ના સ્તોતને પકડી રાખનાર—"અસરે તારીકી"ને દૂર રાખનાર—એજમતી આલાત "સુદરેહ." સુદરેહના અસરકારકપણા-(efficiency) ને લીધેજ પહેર-વામાં આવે છે.

હ્યાં આપણે માટે ધ્યાનમા લેવાની જરૂર છે કે તરીક-તથી બનાવેલો રૂનો સફેદ સુદરેહ અવસ્તા માંથ્રના સ્તોતને ચાલુ આપણી આસપાસ પકડી રાખવામાં કીમતી મદદ

---

* જુઓ આવાં યશત કરદો ૧ લો.—

"યે ઘહે હજંઘરેમ વઇરયનાંમ, હજંઘરેમ અપધજાર-નાંમ." "(અરદવી સુર) કે જેનાં ૧૦૦૦ ઝરા તથા ૧૦૦૦ નાળા છે."

કરે છે. આ બાબદ સહેલાઇથી સમજવા માટે શરૂઆતમાં કદાચ વાંચનારને કઠણ લાગશે, કારણ કે આ બધું બ્યાન તમામ અણુદીઠ રીતે ચાલતી ક્રીયાને લગતું છે, કે જે ક્રીયા આપણે ખાકી ચશ્મથી જોઇ શકતાં નથી. આફતાબના સ્વામાં એવી ખાસ્યત છે કે તે સ્વા હમેશાં સ્તોતને બધે ફેલાવી દે છે. હવે રૂનો સુદરેહ આફતાબના સ્વાને એમના એમ સીધા શરીરમાં દાખલ થવા દેતો નથી. આ પ્રમાણે રૂનો સુદરેહ આફતાબના સ્વાને આડકતરી રીતે (indirectly) દાખલ કરી આફતાબના સ્વાના જોશને નરમ (mild) કરી નાંખે છે. આવી રીતે આફતાબના સ્વા નરમ થઇને શરીરમાં આડકતરા દાખલ થયાથી અવસ્તા માંથ્રના સ્તોત આપણી આસપાસજ, આપણી સાથેજ, રહી શકે છે. આવી રીતે બુલંદમાં બુલંદ અવસ્તા માંથ્રના સ્તોત મહેરના "અઇપિ–દખ્યૂ"ના તબક્કામાં એટલે કે આપણા ઉરવાનની સૌથી નજદીક રાખી મુકવામાં સુદરેહ ઘણોજ અગત્યનો ભાગ બજાવે છે. માંથ્રના સ્તોત આપણી આસપાસ એક કોટ યાને ફરતા કીલ્લાની દેવાલ મીસાલ ચાલુ રહ્યાથી જે "સ્તોત" ને કાયદે ઉરવાન નીસ્તીમાં ઉતરયું છે તેજ "સ્તોત" ના કાયદાથી પાછું હસ્તીમાં જવાને માટે ઉરવાનને માંથ્રના સ્તોત ઘણાજ મદદગાર થઇ પડે છે, અને આવી રીતે આપણી આસપાસ માંથ્રના સ્તોતને જાળવી રાખવામાં ઘણીજ કીમતી સેવા બજાવનાર સુદરેહ પોતે હોવાથી ઉરવાનની નાજી કરવા માટેનું એક એજમતી

આલાત તરીકે જરથોશ્તી દએનમાં સુદરેહને વાજબી રીતે અગત્યનો તથા લાયક મરતબો આપવામાં આવ્યો છે.

"અસરે તારીકી" ને "અસરે રોશની" માં ચાલુ ફેરવ્યા કરવાની એક જરથોશ્તીની ફરજ; "અસરે તારીકી" ને "અસરે રોશની" માં ફેરવવા માટે એક અગત્યનું આલાત—સુદરેહ.

ખુલંદ માંથ્રના સ્તોત જાળવી રાખવા ઉપરાંત, સુદરેહ એક બીજું અગત્યનું કાર્ય બજાવે છે. દરેકે દરેક જરથોશ્તીની ફરજ છે કે જ્યાંબી "અસરે તારીકી" કોઇ પણ કારણથી ઉત્પન્ન થઇ હોય તેને જરથોશ્તી દએનના કાયદાઓની મારફતે "અસરે રોશની" માં ફેરવ્યા કરવી. આ કાર્ય બજાવવામાં સુદરેહ કીમતી મદદ કરે છે.

આફતાબના સ્વા તો "અસરે રોશની" અથવા "અસરે તારીકી" માંનું કોઇબી પરીણામ હુઇને કાયદે લઇ આવી શકે છે. જે પ્રમાણે આતશને "ગવાહે કરીબ" કહેલો છે યાને કે જે પ્રમાણે આતશ દરેક ચીજની ખાસ્યત બીલકુલ પરખાવી દેનાર છે, અને જેવી જાતની ચીજ આતશ ઉપર બાલવામાં આવે તેજ ચીજની ખાસ્યત બતાવી આપે છે, તેજ પ્રમાણે આફતાબના સ્વા પણ પોતે બીજી ચીજના સમાગમમાં આવવાથી કુદરતી કાયદે તે ચીજની જાત પ્રમાણે "અસરે રોશની" યા "અસરે તારીકી" બરપા કરે છે. પણ એક બસ્તે કુસ્તીઆંન કે જે સુદરેહનું બખ્તર

પહેરીને સજ થયલો છે તે તો હંમેશાં અસરે તારીકીને જરથોસ્તી દએનની તરીકત પ્રમાણે જીંદગી ગુજારીને અસરે રોશનીમાં ફેરવી નાંખવાને કમર કશી રહેલો છે. આ મ્હાન કાર્ય કુદરતમાં બજાવવાની દરેક જરથોશ્તીની ફરજ છે. આપણી સર્વેથી બુલંદ અને ઘણીજ અસરકારક "અષેમ વોહુ" ની બંદગીમાં આપણે ભણ્યે છીએ કે "અમરગીનું ખરેખરૂં સુખ તેને છે કે જે સૌથી સરસ અશોઇને ખાતરજ અશો છે," * યાને કે જે શખ્સ જરથોશ્તી દએનની તરીકત પ્રમાણે ચાલુ જીંદગી ગુજારીને અસરે રોશનીને ચાલુ મદદ કરનાર છે તેજ શખ્સ અશો છે, કારણ કે તે અશોઇના મ્હાન કાયદાને ખાતરજ અશો છે. (He is holy only for the sake of the Law of Holiness—the Law of Asha—the great law of Moral and Spiritual Order Divine). આ રીતે ત્યારે એક બસ્તેકુસ્તીઆંન કે જેણે કુદરતમાં આવી મ્હાન ફરજ બજાવી અશોઇના મ્હાન કાયદાની સંફમાં ચાલુ ઉભું રહેવાનું છે—જેણે દરૂજીથી ઉત્પન્ન થતી અસરે તારીકીને ચાલુ અશોઇથી બરપા થતી અસરે રોશનીમાં ફેરવી†

---

* "ઉશ્તા અહમાઈ હયત અષાઇ વહિશ્તાઇ અષેમ." વળી જુઓ ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ નં૦ ૧ પાનું ૩૯.

† જુઓ ગાથા હા ૪૪, ફ. ૧૪—
"કથા અષાઇ દ્રુજેમ દયામ જસ્તયો"
"કેવી રીતે અષોઇના હાથમાં દરૂજીને સોંપું?" એજ વિચારને

નાંખી "અષ" નાજ કાયદાની પડખે રહેવાનું છે, તે બસ્તે કુસ્તીઆંન ઘણીજ મ્હાન મતલબથી સુદરેહનું બખ્તર વખશુરે વખશુરાંન સાહેબના ફરમાનને માન આપી તેવણુ સાહેબના અકવાલો ઉપર એતેકાદ રાખી ચાલુ પહેરીને ફરે છે.

આવો એક બસ્તેકુસ્તીઆંન સુદરેહની મારફતે પોતાનું ખોરેહ (personal magnetism) જાળવી તથા માંથ્રનાં સ્તોતને એજ સુદરેહની મદદથી પોતાની આસપાસ એક કોટ (fortification) મીસાલ રાખી શારીરીક તનદુરસ્તી તથા ઉરવાનની વૃદ્ધિના બાબમાં ફકત **પોતાનેજ** ફાયદો કરે છે, એટલુંજ નહી, પણ તે બસ્તેકુસ્તીઆંન ખુરશેદના સ્વાની મારફતે ઉત્પન્ન થયલી અસરે તારીકીને સુદરેહ જેવાં બુલંદ આલાતની મારફતે અસરે રોશનીમાં વળણુ (channel) આપી **કુદરતમાં** પોતાની એક મ્હાન ફરજ અણદીઠ રીતે બજાવ્યો જાય છે.

આ ઉપરથી ત્યારે દરેક વાંચનાર આવી બુલંદ જરથોસ્તી સાયન્સને આધારે સમજી શકશે કે શરીરની તનદુરસ્તીને માટે તથા ઉરવાનની તરક્કીને માટે ચામડીની લગોલગ રૂના કપડાંનો સુદરેહ પહેરવો જોઇએ, અને આ

માટે જુઓ ગાથા હા ૩૦, ફ ૮—

"અએઇબ્યો સસ્તે અહુરા યોઇ અષાઇ દદેન જસ્તયો ફ્રુજેમ."

"જેઓ અષોઇના હાથમાં દરૂજીને સોપે છે તેઓને અહુરાની મારફતે શીખવવામાં આવે છે."

ફરમાન વખશુરે વખશુરાંન સાહેબે આપ્યું છે તેની મતલબ જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ ને આધારે તદન સાયન્તીફીક રીતે સમજી શકાય છે. રૂ શરીરમાંથી "હુઇર" ને ધીમે ધીમે બહાર ફેંકવામાં મદદ કરે છે, જ્યારે ઉનના પહેરણને લીધે શરીરમાંથી હુઇર નીકળી શકતું નથી. તેટલા માટે ચામડીની લગોલગ રૂનો સુદરેહ ખોરશેદના સ્વાને આડકતરી રીતે દાખલ કરી, આપણે ઉપર જોઇ ગયાં તેમ, ખોરેહ જાળવવામાં તથા માંથ્રના સ્તોતનો કોટ (fortified wall) કરવામાં કીમતી આલાત તરીકે કાર્ય કરી, શારીરીક તનદુરસ્તી તથા ઉરવાનની વૃદ્ધિના બાબમાં તદન અગત્યની તથા અવશ્યની ચીજ તરીકે થઇ પડે છે. એજ પ્રમાણે દરેકે દરેક આપણી ચાલુ રહેલી જરથોશ્તી આજુરફરો તથા ક્રીયાકામોમાં કેવી ઉંડી, સાયન્તીફીક, કાર્યસાધક, અને અસરકારક પરીણામો લાવનારી સચ્ચાઇ સમાયલી છે તથા દરેકે દરેક જરથોશ્તી આજુરફર અને ક્રીયાકામ અર્થ વગરના ખાલી ખોખાં (meaningless dead symbols) નથીજ—આમ જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ શીખવે છે.

પ્રકરણ અગ્યારમું.

૨. સુદરેહ સફેદજ રંગનો કાંય હોવો જોઇએ? જરથોશ્તી "ઇલ્મે સ્તોત" યાને રંગ વિદ્યા (chromatics) જાણવાની ખાસ જરૂર. તમામ અવસ્તા માંથ્રનું મૂળ "યથા અહૂ વઇર્યો"નો કલામ.

જરથોશ્તી દએનની મોતેબરીના જે બુલંદ મુસ્તકીમ પાયાઓ છે તેમાંનો એક ઘણોજ બુલંદ પાયો "સ્તોત યસ્ન" ને નામે ઓળખાય છે.

"સ્તોત યસ્ન્ય યજમઇદે યા દાતા અંઘહેઉશ પોઉરૂયેહ્યા."* "સ્તોત યસ્ન કે જે પહેલી હૈયાતીની રચનાના કાયદા છે તેની સાથે હમો એકતાન થઇએ છીએ."

તમામ સૃષ્ટિ રચનાનો પાયો "સ્તોત" યાને ધ્વનીથી ઉત્પન્ન થતા રંગોથીજ થયલો છે એમ ઉપલા અવસ્તા શબ્દો આપણને જણાવે છે. "મીથ્ર" યાને વીચાર (thought), "ઇમ્લો" યાને અવાજ (sound), "સુવરી" યાને આકૃતિ (form), ધ્વની (vibration), "જરવાન" યાને ગતિ (energy), તથા "સ્તોત" યાને રંગ (colour)—આ બધી ચીજો એક મેક સાથે કેવી

* જુઓ યજશ્ને, હા ૫૫, ફ. ૬; હા ૫૮, ફ. ૮; હા ૫૯, ફ ૩૧; હા ૭૧, ફ. ૧૮

રીતનો અતલગનો સંબંધ રાખે છે તે વિષે તુલોતવીલ સાયન્તીફીક રીતે જરથોશ્તી દએનમાં વક્ષુરે વક્ષુરાંન સાહેબે સમજાવેલું છે. "હસ્તી" તથા "નિસ્તી"ની તમામ રચના "સ્તોત"થીજ થયલી છે, અને નીસ્તીમાંથી પાછી હસ્તી પણ "સ્તોત"નેજ કાયદે થનાર છે. 'હોશે બાંમ" યાને હસ્તીની શરૂઆત થતી વખતે "મુસ્ત સલાએ અવલ" (the first emanation) ના મરકજ આગળ જે ઉસુલ્યાતી પહેલવહેલો "અહુનવર"* નો નાદ વ્યાપી રહેલો છે તે નાદને બરાબર સમજી લેઇને "અહુનવર"ના નાદના સ્તોતને આબેહુબ મળતો આવતો સ્તોત ઉત્પન્ન કરનારો કલામ—"યથા અહૂ વઇરયો"નો એજમતી કલામ—વક્ષુરે વક્ષુરાંન સાહેબે રચ્યો હતો. "અહુનવર"ના કુદરતી નાદની સાથે બરાબર એકતાન (attune) થઇ શકે એવા સ્તોત ઉત્પન્ન કરનારા બુલંદ "યથા અહૂ વઇરયો" ના કલામ રચનાર વક્ષુરે વક્ષુરાંન સાહેબનું ઉરવાન સૌથી આગળ વધેલું અવસ્તામાં† શા માટે કહેવામાં આવ્યું છે

* જુઓ યજશ્ને, હા ૧૯, ફ ૮

"આએ આસ્માન પેદા થવાની આગમજ, પાણી, જમીન, ઓરવર તથા ચોપગા જાનવરોના પેદા થવાની આગમજ, બે પગવાળા અશો નરના જન્મની આગમજ, અમશાસ્પદોના પેદા થવા પછી, આએ સુરજના બનાવેલા શરીરની આગમજ, આએ કલામ "યથા અહુ વઇરયો" અહૂ તથા રતુને લગતો છે તે હું જાહેર રીતે બોલ્યો હતો"

† જુઓ ફ્રવરદીન યશ્ત, ફ ૧૫૨—

"જરથુશ્ત્રેમ વીસ્પહે અંઘહેઉશ અસ્તવતો અહૂમ્ચ રતૂમ્ચ પઓઇરીમ્ચ દકએષેમ યજમઇદે."

તેનું કારણ હવે આપણાથી સમજી શકાય છે. આ "યથા અહૂ વઇરયો"ના ખાસ કલામ ઉપરથીજ "સ્તોત યસ્ન"ને કાયદે તમામ "માંથ્ર સ્પેન્ત" તથા "ફ્રશુષો માંથ્ર" રચવામાં આવેલા છે. આવી રીતે કુદરતી "અહુનવર"ના નાદને માફક આવતા તથા એકસાન થતા "યથા અહૂ વઇરયો"ના કલામ ઉપર તમામ "માંથ્ર" ની રચના કરનાર વક્ષુરે વક્ષુરાંન સાહેબની "આસ્ને વીર" ની શક્તિ કેવી બુલંદ રીતે ખીલેલી હોવી જોઇએ—(અને આ "આસ્ને વીર"ની શક્તિ સાધારણ રીતે ગમે એવા કાબેલમાં કાબેલ શખ્સમાં પણ બીલકુલ ખીલેલી હોતી નથી),— તથા "સ્તોત યસ્ન" યાને અવાજની ધ્વનીથી ઉત્પન્ન થતા રંગોની ક્રીયાના કાયદાઓ વિષેનું તેવણ સાહેબનું જ્ઞાન કેટલું બધું બુલંદ હોવું જોઇએ—તે બાબે કંઇક ભાશ આપણને મળી શકે છે.

સ્તોત યસ્નમાં જાતજાતના રંગો વિષેના બયાન.

હવે ત્યારે જે દએનની અંદર "સ્તોત યસ્ન" * ને પુષ્કળ ખાસ અગત્યતા આપવામાં આવેલી છે—જે જરથોશ્તી દએન ગોયા પોતે "સ્તોત યસ્ન"નો કાયદોજ છે—

"જરથુશ્ત્ર જે તમામ હાડમંદ હયાતીનો સાહેબ તથા સરદાર છે તથા આગળ વધેલા તરીકા સાથનો છે તેની સાથે હમો એકતાન થઇએ છીએ"

* જુઓ ઇજશ્ને હા ૫૫, ફ. ૪; ૬; ૭ હા ૫૮, ફ. ૮. હા ૫૯, ફ ૩૨; હા ૭૧, ફ. ૧૮

"દાદાર હોરમજદ જે ઘણોજ ફાયદો કરનાર, ફતેહમંદ, તથા દુન્યાની આબાદી કરનાર છે તેણે જે પ્રમાણે "સ્તઓત યસ્ન્ય"

તે જરથોશ્તી બરજીશી હઓનની અંદર હરેક જાતના રંગો ઉપર કેટલું બધું ખાસ ધ્યાન આપેલું હોવુંજ જોઇએ, તથા હરેક રંગની "ખીશ્કારી" યાને કુદરતમાં સોંપી આપેલું કાર્ય (allotted function) કેવી સાયન્તીફીક રીતે સમજાવેલું હોવુંજ જોઇએ તે બાબે આપણી માન્યતા મક્કમ થાય છે.

દેખીતા તેમજ અણુદીઠ સ્થુળ તેમજ સુક્ષ્મ રંગો—તેમનું ઉત્પન્ન થવું તથા જુદી જુદી બાબદમાં તેમની જુદી જુદી અસરો—વગેરે રંગોને લગતી તમામ વિદ્યા તથા તેની શાખાઓ (chromatics) "સ્તોત યસ્ન"ના બાબમાં વક્ષુરે વક્ષુરાંન સાહેબે સમજાવેલી છે. લાલ રંગ "હરારત"

ફેલાવ્યો તે પ્રમાણે તે નજર આગળ રહે અશોઇના તબક્કાઓની પાસબાનીને માટે, અશોઇના રહેઠાણોના રક્ષણને માટે, તથા અશોની તમામ પેદાયશનો હાલ ફાયદો કરનારા તથા હવેપછી ફાયદો કરનારાઓના રક્ષણને માટે "સ્તોત યેસ્ન્ય" ફેલાવ્યો.

"યાદ કરવા લાયક, અસરકારક, શીખવા લાયક, શીખવવા લાયક, મનમાં ગોખવા લાયક, પસંદ કરવા લાયક, અભ્યાસ કરવા લાયક, આરાધનાને લાયક, તથા મરજી પ્રમાણે દુન્યાને 'તાજગી આપવા લાયક, સ્તઓત યેસ્ન્યના ભાગની સાથે હમો એકતાન થઇએ છીએ; સ્તઓત યેસ્ન્ય ના ભણવાને, તેના સ્મરણને, તેના ગાવાને તથા તેની કીર્તીને અમો એકસાન થઇએ"

"સ્તોત યસ્ન્ય નું તમામ લખાણ જે સૌથી સરસ એબારતમાં છે તેની સાથે અમો એકતાન થઇએ છીએ.

"અહુનવરની સાથે હમો એકતાન થઇએ છીએ; સૌથી સોહામણા અરદીબેહેસ્ત અમશાસ્પંદ સાથે હમો એકતાન થઇએ છીએ; ફ્ષુષો-માંથ્ર-હાદોખ્તની સાથે હમો એકતાન થઇએ છીએ; સ્તઓત યેસ્ન્ય જે પહેલી હૈયાતીના કાયદા છે તેની સાથે હમો એકતાન થઇએ છીએ."

"સ્તઓત યેસ્ન્યની સંપુર્ણતાની સાથે હમો એકતાન થઇએ છીએ."

યાને ગરમી કાંઇ અને કેવી રીતે આપે છે; લીલો રંગ જખમને રૂજ લાવે એવી રીતે ખોરશેદના સ્વાને વીજળીક શક્તિ આપીને (magnetising) કેવી રીતે કાર્ય કરે છે; આસ્માની બ્લુ રંગ કેવી રીતે ઠંડક અને સજીવન શક્તીનો રંગ છે, તથા પીળો રંગ "મ્યાના" યાને મધ્યમ અસરનો કેવી રીતે છે; જે પ્રમાણે રૂનો સરશોક આફતાબના સ્વાને આડકતરા દાખલ કરવામાં મદદ કરે છે, તેજ પ્રમાણે સફેદ રંગ ખોરશેદના સ્વાને કેવી રીતે નરમ અને મ્યાના ઠંડા (mild) કરે છે; "યથા અહૂ વઇરયો"નો આખો એજમતી કલામ ભણ્યાથી ત્રણ જાતના અણુદીઠ રંગો—જેવા કે "ફુલકી" યાને આસ્માની બ્લુ, "જરદી" યાને પીળો તથા "પોશીદા સુરખી" યાને મર્જ (merge) થયલો લાલ રંગ—કેવી રીતે બરપા થાય છે;—તે તમામ રંગોને લગતાં બ્યાન "સ્તોત યસ્ન"માં આવી જાય છે. રંગની મદદથી દરદો સાજાં કરવાની વીદ્યા (chromopathy) જે હાલમાં ઘણી આગળ વધતી સાયન્સ તરીકે લેખાય છે તે તમામ સાયન્સ "સ્તોત યસ્ન"ના "માંથ્ર બએષજ"* યાને તનદુરસ્તી આપનારા માંથ્રને લગતા બાબમાં વક્ષુરે વક્ષુરાન સાહેબે હજારો વરસો અગાઉ સમજાવેલી છે.

---

* જુઓ અરદીબહેશ્ત યશ્ત, ફ ૬.—

"બએષજનાંમ બએષજયોતેમો યત માંથ્રેમ-સ્પેન્તેમ-બએષજયો."

"માંથ્રવાનીથી સાજુ કરનાર વૈદ્યોમાં ઘણોજ તનદુરસ્તી આપનાર છે."

જરથોશ્તી દએનમાં સફેદ રંગની ખુબી.
દરૂજીની સામે લડનારો સફેદ રંગ.

“સ્તોત યસ્ન” કેવી બુલંદ સાયન્સ છે તેનો સહેજ ખ્યાલ લીધા પછી હવે સુદરેહ સફેદજ રાખવાની મતલબ ઉપર આપણે આવીશું. સફેદ રંગ બધા રંગોમાં “ઉસુલ” નો યાને પહેલવહેલો (original prime) છે, તથા તે “મીજાની” યાને પ્રમાણ સાચવનારો છે. છેક ઉપરના આસ્માનના આ ઉસુલ્યાતી સફેદ રંગ (The Original White Color) ની સાથે આ સ્થુળ આંખે દેખાતા કોઈબી સફેદ રંગનો મુકાબલો થઈ શકતોજ નથી. તે ઉસુલ્યાતી સફેદ રંગનો “આબ” યાને પ્રકાશ (lustre) એટલો બધો તો તેજસ્વી છે કે નરી આંખે તો જોવાઈ શકાયજ નહી, અને ખાસ બંદગીની શ્રેષ્ટ હાલત* વખતેબી તે રંગ જોતાંને વાર આંખમાં પાણી ભરાઈ આવે છે.

જે અસલ હાલત ઉપર પાછા આપણુને જવાનું છે—ઉરવાનને હસ્તીના મરકજ ઉપર લઈ જવાનું છે—તે માટેના ઉસુલ્યાતી સફેદ રંગના ચાલુ આપણા “મીથ્ર” રાખવા માટે સુદરેહ સફેદ રંગનો પહેરવાનું ફરમાન છે.

---

* આ હાલતને “સેજદા” નું નામ આપવામાં આવેલું છે, જેના બે મરતબા “આસુ” તથા “નિમ્રુ” ને નામે ઓળખાય છે. ચાલુ અશોઈની અમલ્યાતથી તથા ચોકકસ “માથ્ર” ના ભણવાથી આ હાલતે પુગી શકાય છે.

આપણી આસપાસ જે બધી દરૂજીઓ ઉત્પન્ન થવાનો સંભવ છે—"દરૂજીએ પેશીસ, દરૂજીએ હીખ્ર, દરૂજીએ હષી* દરૂજીએ સએની,* દરૂજીએ ઘષી, દરૂજીએ બુજી, દરૂજીએ નસુમ"* વગેરે તે બધી દરૂજીઓની અંદર "સ્તોત"ને કાયદે તબદીલ તેહદીલ યાને ફેરફારો કરવા માટે—અસરે તારીકી કે જે બધી દરૂજીનો સમેત્યાત (sum-total) છે તેને અસરે રોશની કે જે બધી અશોઇનો જથ્થો છે તેમાં ફેરવી નાંખવા (transmutation) ને માટે—વળી સફેદ રંગ ઘણી કીમતી મદદ કરે છે.

તમામ દરૂજીની ખરાબ અસરને તોડી નાંખવા ઉપરાંત, ઉપરથી આવતા ગુબારના પ્રવાહોને અસરે રોશનીમાં ફેરવી નાંખવા માટે સફેદ રંગ ઘણોજ અવશ્યનો ભાગ બજાવે છે. એથીબી વધુ સફેદ રંગ પોતે "ખાલેસ" હોવાથી, યાને દરેક રંગને પોતાની અંદર મર્જ કરવાથી પોતે ગાલેબ થતો હોવાથી, બીજા રંગોની અસર પોતાની

---

* જુઓ ખુરદાદ યશ્ત, ફ૦ ૨

"યો અએષામ દએવનામ હજંઘરાઇ હજંઘરો પઇતિશ, બએવરાઇ બએવનો, અહાક્શતાઇ અહાક્શતયો પઇતિશ, નામેનિ અમેષનામ સ્પેન્તનામ હઉર્વતાતો જબયોઇત, નસૂમ જનત, હષિ જનત, ઘષિ જનત, સએને જનત, બૂજિ જનત"

"જે કોઇ આએ હજારગણા હજાર, દશ હજારગણા દશ હજાર, તથા બેહદગણા બેહદ દેવોની સામે થઇને અમશાસ્પંદોમાથી ખોરદાદના નામને યાદ કરે, તો તે શખ્સ નસુશ દરૂજીને મારે, હષી દરૂજીને મારે, ઘષી દરૂજીને મારે, સએની દરૂજીને મારે, તથા બુજી દરૂજીને મારે."

ઉમર નહી હોવાથી, ખુરશેદના સ્વાના બધા રંગોને એક સરખી અસ્પંદી યાને સુક્ષ્મ વજન (potentiality) માં રાખે છે. સફેદ રંગની આવી સાયન્તીફીક ખાસ્યત હોવાને લીધે એક માણસના શરીરને માફક આવે તથા તેને જરૂર હોય તેટલાજ રંગો તે શરીર ખેંચી શકે એવી અજાયબ જેવી શક્તિ સફેદ રંગ તે શરીરને આપે છે, કારણકે સફેદ રંગ "ખાલેસ" અને "મીજાની" છે.

આ ઉપરથી સાધારણ રીતેબી સફેદ રંગનો પોશાક આપણી જરથોશ્તી દએનમા સરસ ગણેલો છે, અને ખાસ કરીને ક્રીયાકામ કરનારા યઓજદાથ્રેગરોને તો અમલ્યાત વખતે, ખોરેહ જાળવતી વખતે, હરેક અશોઇ વખતે, સફેદજ પોશાક પહેરવાનો હુકમ આપવામાં આવ્યો છે. સફેદ રંગ અસરે રોશનીનો પોતાનો છે; સફેદ રંગ "ખાલેસ" અને "મીજાની" છે; ખુદ હુસ્તીનો પોતાનો રંગજ સફેદ છે; અને ફલકી, જરદી, પોશીદા સુરખી (બ્લુ, પીળો) તથા છુપો લાલ) રંગ તો નીસ્તીની શરૂઆત વખતે બરપા થાય છે; જ્યારે અસરે તારીકીનો રંગ મુરક્કબ્યાત કાળો છે. જુદા જુદા રંગોની આવી કુદરતી ખીશ્કારી હોવાને લીધે સફેદ રંગનોજ સુદરેહ પહેરવાનું ફરમાન બસ્તે કુસ્તી આનને આપવામાં આવેલું છે. સફેદ રંગ તો બરજીશ દએનની નીશાની તરીકે છે, અને તેટલા માટે સુદરેહનો રંગ સફેદ સીવાય બીજો કોઇબી રંગ તરીકત મુજબને ગણી શકાય નહી. હાલમાં કેટલાકો શોક પાળવાની મત·

---

* જુઓ મેહેર યસ્ત, કરદો ૩૧ —
"સ્પએત દએનયાઓ માજદયસ્નોઇશ ઉપમનેમ."
"સફેદ (રંગ) માજદયસ્ની દીનની નિશાન (છે)."

લબથી તદન કાળો સુદરેહ પહેરવા માંડે છે, પણ કાળો રંગ તો જરથોશ્તી દએન પ્રમાણે અસરે તારીકીને લગતો છે, અને તેથી અસરે રોશનીને લગતી તરીકતને અનુસરતો સુદરેહ કાળો હોઇ શકેજ નહી. અલબતાં જરથોશ્તી દએન બાબેના ઉંડા સાયન્તીફીક જ્ઞાનની ગેરહાજરીમાં કાળો સુદ-રેહ શોકની નીશાની તરીકે પહેરવાનો રેવાજ ચાલુ કરવામાં આવ્યો હોય એ બનવા જોગ છે, પણ જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમની મદદથી એવી એવી અનેક બાબદો ઉપર સાયન્તી-ફીક અજવાળું મળ્યા પછી આપણે તરીકત મુજબજ ચાલ-વાની કોશેશ કરી ઉરવાનને બુલંદીએ પહોંચાડવાનું કાર્ય ચાલુ રાખીશું.

આ રીતે ઉરવાનને હસ્તીમાં લઇ જવા માટે તરીકતો પાળવાને ખાતર જે તેત્રીસ બુલંદ આલાતો વક્ષુરે વક્ષુરાંન સાહેબે આપેલાં છે, તેમાંના બે આલાતો—સુદરેહ તથા કુસ્તી—ઉરવાનની તરક્કી માટેનું કાર્યસાધક પરીણામ બજા લાવે છે. આપણા શરીરમાં હઇર તો થવુંજ જોઇએ, કારણ કે આપણું શરીર અનાસરો યાને તત્વો (elements) નું બનેલું છે. વળી શરીરમાંના પાંચ કુવતો—"કુવતે હુમા" યાને ખોરાક માટે રૂચી થઇ અમી છુટવાની શક્તિ, "કુવતે જાઝેબા" યાને ખોરાકને અંદર ખેંચવાની શક્તિ, "કુવતે માસેકા" યાને ખોરાકને પકડી રાખવાની શક્તિ, "કુવતે હાજેમા" યાને ખોરાકને હજમ કરવાની શક્તિ, "કુવતે દાફેયા" યાને ખોરાકમાંનો રહેલો કચરો તથા

મળમુત્ર (excretions) ને બહાર ફેંકી દેવાની શક્તિ—આ બધાં કુવતો કાર્ય કરે છે, અને તેટલા માટે હુઇર તથા તાફૂન તો પેદા થાયછેજ. પણ આ આપણો રૂનો સફેદ સુદરેહ શરીરની અંદર જોઇએ તેટલા ઘટતા પ્રમાણમાં આફ્તાબના સ્વાને બરાબર મીજાનમાં દાખલ કરે છે, અને સુદરેહની મારેફતથી હુઇર તથા તાફૂનને બહાર ખેંચવામાં ખોરશેદના સ્વાને કીમતી મદદ કરનાર તરીકે સુદરેહ થઇ પડે છે.

આ રીતે હુઇર નીકળી જવાથી બસ્તે કુસ્તીઆંનની "વાસના" યાને બાતેન ઇચ્છા શક્તિ (magnetic desire) ઘણીજ લતીફ યાને ઉંચ દરજાની (superior) રહી શકે છે. ખોરેહ, ખોરાક વગેરે બાબદોને લગતી જરથોશ્ત્રી તરીકતો પાળીને શરીરને ચોકસ દરજ્જે સુક્ષ્મ બનાવવું એ દરેક બસ્તે કુસ્તીઆંનની ફરજ છે, કારણ કે શરીર સુક્ષ્મ બનવાથી શરીર તથા ઉરવન એકજ શક્તિ (uniform potential) ના બની જઇને શરીર ઉરવન સાથે એકતાન (in unison) થઇ, ઉરવાનને લગતી શક્તિઓ સાથે શરીર સમાગમ (respond) કરી શકે. શરીરને ચોકસ દરજામાં ખાસ પવિત્ર તથા સુક્ષ્મ અને ખોરેહમંદ બનાવ્યા પછીજ યજદ અમશાસ્પંદો સાથે એકતાન થવાની મ્હાન ક્રીયા—યસ્ન—કરવાને માટેજ સફેદ રંગનો તથા રૂના કપડાંનો સુદરેહ પહેરવાનું ફરમાન વખશુરે વખશુરાંન સાહેબે આપેલું છે.

પ્રકરણ બારમું.

૩. સુદરેહ એક આખા કટકામાંથી બનાવેલો કાંય હોવો જોઇએ ?

"ખએત્વદથ" બાએના મીથ્ર સાબેત રાખવામાં મદદ કરનાર સુદરેહ.

ઉરવાનની અખંડ હાલત (Perfection) મેળવવાની છે એવી ચાલુ યાદ મીથ્રને કાયદે આપનાર સુદરેહ.

હવે આપણે સુદરેહની બનાવટને લગતી ત્રીજી બાબદ ઉપર આવીશું. સુદરેહની બનાવટની તાવીલ યાને ઉંડાણ સમજણ મુજબ "ખોરેહ" તથા "સ્તોત" જેવા બે મ્હાન કાયદાઓને આધારે સુદરેહ પોતાની કાર્યસાધક (practical) અને સાયન્ટીફીક અસરો ધરાવે છે એમ આપણે અત્યાર અગાઉ જાણી ચુકયાં છીએ. પણ "ખોરેહ" અને "સ્તોત" ના બુલંદ કાયદાઓ ઉપરાંત "મીથ્ર" યાને વીચારને લગતો કાયદો પણ સુદરેહના બાબમાં કાર્ય કરે છે, અને "મીથ્ર" સાબેત રાખવાના હથ્યાર તરીકે સુદરેહને ગણવામાં આવ્યો છે. આપણા વીચાર આચારો તથા રહેણી કરણીના ઇન્ફાલ તરીકે આપણી સુક્ષમ યા સ્થુળ "કેરદાર" યાને વીચાર-શબ્દો-તથા-કાર્યનું ચિત્ર (thought-word-action photo) અણુદીઠ આલમમાં બંધાય છે એ વાત આપણે ધ્યાનમાં

રાખીશું. આ આપણી "કેરદાર"ને ઘણીજ સુક્ષ્મ યાને શ્રેષ્ટ હાલતમાંજ બાંધવાને માટે તેવાજ બુલંદ દરજાના મીથ્ર સાબેત રાખવામાં સુદરેહ કેવી સરસ રીતે મદદ કરે છે તે વધારે ખુલાસાથી "નવ સાંધાઓ"ની બાબદ વખતે આપણે સમજી શકીશું.

હાલ તુરત આટલુંજ ધ્યાનથી સમજવાની કોશેશ કરીશું કે જે અખંડ હાલતમાંથી–અમરદાદની અમર્ગીમાં પાછું જવા માટે—ઉરવાન અહીં નીચે ખનીરથબામી ઉપર ઉતરે છે, તે હાલતે લાયક રીતે પહોંચવાને માટેના મીથ્ર ચાલુ દરેક બસ્તે કુસ્તીઆંને રાખવા જોઇએ છે. ઉરવાન નીચે ઉતરતી વખને તેના જુદા જુદા દરજજા પ્રમાણે અનેક વિભાગો અને અંશો થઇ ગયલા છે તે બધા વિભાગોને સાથે મેળવી એક અખંડ ઉરવાન થઇને પોતે હસ્તી તરફ ગરોથ્માનમાં આગળ વધનાર છે, આવા બુલંદ મીથ્ર રાત અને દીવસ દમે દમ દરેક બસ્તે કુસ્તીઆંને રાખવાની ફરજ છે. આવા શ્રેષ્ટ મીથ્ર કાયમ રાખવાના કાર્યમાં સુદરેહ મદદ કરતા હોવાથીજ તથા સુદરેહની મારેફતથીજ એવા મીથ્ર ચાલુ રાખવાને માટે એક આખાજ કટકામાંથી સુદરેહ બનાવવાનો હુકમ છે. જમાદાત, નબાદાત તથા હૈવાનાત વગેરેમાંથી પોતાને લગતા અંશોને પોતાની અંદર તરીકતથી "ઇસ્તેસાલ"ને કાયદે ખેંચી, ખનીરથબામી ઉપર યા કેશ્વરોમાં પોતાના "શરીફ" યા "ખસીસ," * એ બેમાંના

* જુઓ ઇલ્મે ક્શનૂમ સીરીઝ નં. ૨ જું, પાનુ ૧૪.

જે હોય તે, (as the case may be) દરજાની જુફ્તને લઇને—અવસ્તામાં જણાવેલા "ખએત્વદથ"*-ની મ્હાન ક્રીયા કરીને—મીસ્વાનહે-ગાતુએ-અવલ્લ આગળ યાને અરવાઇ આલમની છેક શરૂઆત થવાનાં મરકજ આગળ એક તદન અખંડ ઉરવાન (Perfected Individualized Whole Soul) થઇને, પોતે "હસ્તી" તરફ જનાર છે—"મન આનો આવાયદ શુદન" †યાને "મારે ત્યાં જવાનું છેજ"—એવા મીથ્ર જોશભેર કાયમ મુકામ કરવાને માટેજ આખા એક કટકામાંથી સુદરેહ બનાવવામાં આવે છે. જે પ્રમાણે સુદરેહના એક આખા કટકાનો કોઇબી ભાગ સુદરેહ બનાવતી વખતે બહાર છુટો રહી જઇ શકતો નથી, પણ એક આખું "વસ્ત્ર" યાને સુદરેહ બનાવવામાં આવે છે, તેજ પ્રમાણે ઉરવાનનો કોઇબી અંશ ઉરવાનની બહાર છુટો રહી જઇ શકશે નહી, પણ પોતાના દરેક અંશ તથા જુફ્ત મેળવીને પોતે એક આખું ઉરવાનજ થશે, એવા મીથ્ર ચાલુ મજબુત રીતે રાખવાને માટેની મારેફત તરીકે આખા કટકા માંથી બનાવેલો સુદરેહ કાર્ય કરે છે.

---

* જુઓ અહવિસુઘ્રેમ ગેહ—

"ખએત્વદથેમ અષવનેમ અષહે રતુમ યજમઇદે"

"ખએત્વદથના અશોઇના અશો સરદાર સાથે હમો એકસાન થઇએ છીએ."

† જુઓ ઇલ્મે ક્નૂમ સીરીઝ નં. ૨ જુ પાનું. ૩૫.

પ્રકરણ તેરમું.

૪. સુદરેહ બરાબર નવ સાંધા સાથનો કાંય હોવો જોઇએ?

દરેક સાંધાને જરથોશ્તી દએનની અમુક બાબદ સાથે સંબંધ.

પહેલા બે સાંધા—"ગીરદો" અને "ગેરેબાંન."

સુદરેહના નવ સાંધાને લગતી બાબદ ખચીત ઘણીજ અજાયબી ઉત્પન્ન કરનારી છે, અને આ બાબદ ધ્યાનથી વાંચ્યા પછી જરથોશ્તી દએનને લગતી કોઇબી બાબદમાં કુદરતના બારીક કાયદાઓને આધારેનીજ ફકત રચના લેવામાં આવેલી છે એમ દરેક દીનદાર સમજુ વાંચનાર કબુલ કરવાને શક્તિવાન થશે. શરૂઆતમાં આ નવ સાંધાઓમાનો દરેક સાંધો જરથોશ્તી દએનની કેઇ કેઇ બાબદો સાથે તાલુકો રાખે છે તે બીના ધ્યાનમાં લઇશું, અને ત્યાર પછી આ નવ સાંધાઓ કેવી રીતે કાર્યસાધક સાયન્તીફીક પરીણામો લાવી આપે છે તે સમજવા માટે "મીથ્ર" તથા "કેરદાર" ની બાબદ ઉપર સહેજ ધ્યાન આપવું પડશે.

ઉરવાનનો એકરાર બતાવનાર "ગીરદો."

ઉરવાન પોતે જવાબદાર છે, તથા તે પોતે જરથોશ્તી દએનની તમામ તરીકતો પ્રમાણે ચાલનાર છે, તથા તેવો એકરાર ઉરવાન કરે છે, અને હસ્તી તરફ જવાને માટે ઉરવાનની ઉપર તરીકતનો બોજો પડેલો છે—આવા મીથ્ર

ચાલુ રાખવામાં ગરદન ઉપરનો ગીરદો મદદ કરે છે. ગીરદા ઉપર એક બસ્તે-કુસ્તીઆંનની નજર પડયાથી યા ગીરદો ધ્યાનમાં આવ્યાથી "ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રીશ વીદએવો અહુર દકએષો "*ના મીશ્રોની યાદ તુરત આવી શકે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો "હું મજદયસ્ની, જરથોશ્તી, દેવથી જુદા, અહુરાને લગતા કાયદા મુજબ ચાલવાને એકરાર કરૂં છું" એવા મીશ્ર કાયમ રાખવાને માટે તરીકતના બોજાની ચાલુ યાદ આપવાને ખાતર સુદરેહનો ગરદન ઉપરનો ગીરદો બનાવવાનું ફરમાન વખશુરે વખશુરાંન સાહેબે આપેલું છે. આ બુલંદ મીશ્રો આપણે હર વખતે કુસ્તી બાંધી રહીને કર્યે છીએ—"મજદયસ્નો અહમી, મજદયસ્નો જરથુશ્ત્રીશ ફ્રવરાને આસ્તુતસ્યા ફ્રવરેતસ્યા,"† યાને "હું મજદયસ્ની છું, મજદયસ્ની જરથોશ્તી તરીકે એકરાર કરનાર તથા કબુલ કરનાર તરીકે હું એકરાર કરૂં છું." આવા બુલંદ મીશ્ર ચાલુ રહયાથી ઉરવાનને બુલંદીએ પહોંચવાના કાર્યમાં ઘણી સંગીન મદદ મળે છે, અને આવી મદદ મેળવી આપનારી મારેફત સુદરેહનો "ગીરદો" થઇ પડે છે.

---

* દરેક ગેહની અંદર ભણાતા બુલંદ કલામ.

† જુઓ ઇજશ્નેનો હા ૧૨.—

હરવખત કુસ્તી બાંધી રહીને કરવામાં આવતો એકરાર.

ખોરેહની "મગદુમ્યાત" (Store-house) તરીકે "ગેરેબાંન."

ખોરેહને લગતું "ચખ્ર" બતાવનાર "ગેરેબાન."

"ગોરજે ખોરેહ અવજાયાદ" ના મીશ્ર કાયમ રખાવનાર "ગેરેબાન."

"અષીસ્વંઘહ" અને "પારેંદી" ના મીશ્રની યાદ આપનાર "ગેરેબાન."

"ફ્રરેહ યજદી" ની પરીક્ષા કરવાનું સાંધન "ગેરેબાન."

સુદરેહના નવ સાંધાઓમાં એક સૌથી અગત્યનો તથા અવશ્યનો અને ઘણોજ ધ્યાન ખેંચનારો ભાગ "ગેરેબાંન" ને નામે ઓળખાય છે. સુદરેહને સુદરેહ તરીકે તુરત ઓળખાવનાર છપાણી (distinginshing mark) "ગેરેબાંન" છે. "ગેરેબાંન" નો અર્થ "પકડનાર," "પકડી રાખનાર" (અવસ્તા "ગેરેવ" યાને પકડવું to grasp, to grab ઉપરથી) થાય છે. આ "ગેરેબાંન" શબ્દ બરાબર સુદરેહના તે ભાગને લાગુ પાડવામાં આવ્યો.છે કે જે ભાગ કંઇ ચીજ અણુદીઠ રીતે પકડી રાખવાનું કાર્ય બજાવે છે, અને આ રીતે "ગેરેબાંન" ની ખીશ્કારી યાને પોતાને બજાવવાનાં કાર્ય (allotted function) ઉપરથીજ આ શબ્દ સુદરેહના તે ભાગને લાગુ પાડવામાં આવ્યો છે. સુદરેહની ઉપરનું

"ગેરેબાન" સુદરેહની અંદર ખોરેહને સમેત કરવાની યાને એકઠું કરવાની એક "મગદુમ્યાત" યાને કોઠાર (store-house; battery) મીસાલ છે.

"ગેરેબાંન" પોતે ખોરેહને કેવી રીતે સમેત કરે છે, અને છાતી ઉપરજ એ ભાગ રાખવાનું કારણ શું છે—વગેરે સવાલો "ચખ્રો" ને લગતી બાબદ સાથે સંબંધ ધરાવે છે. બધાં મળીને માનવીની અંદર ૧૬ ગુપ્ત અણુદીઠ "ચખ્રો" કાર્ય કરે છે જેમાંના ઉપલાં આંઠ ચાલુ (active) રહે છે, અને નીચલાં આંઠ મંદ (inactive) રહે છે, પણ વાચા વગરનાં જાનવરોમાં નીચલાં આંઠ ચખ્રો ચાલુ (active) હોય છે, જ્યારે ઉપલાં આંઠ ચખ્રો મંદ (inactive) હોય છે. આ "ચખ્રો" માનવીમાં તેમજ જાનવરમાં કેવી રીતે કાર્ય કરે છે, તથા આપણે માનવી તરીકે કયાં કયાં ચખ્રોને અને કેવી કેવી તરીકતથી મંદ બનાવવાં જોઇએ—વગેરે બાબદો ઘણીજ અગત્યની તથા ધ્યાન પુગાડવા જોગ છે. ખુદાનું ચાહવું હશે અને જરવાન તક આપશે તો નજદીકના ભવિષ્યમાં આ ચખ્રોની બાબદ પણ ઇલમે ક્ષ્નૂમ સીરીઝના કોઇ નંબરમાં આપવામાં આવશે.

આ ચખ્રોની બાબદ ઘણીજ બીકટ (abstruse) હોવાને લીધે હાલ તુરત "ગેરેબાંન" સાથનો સંબંધ ધરાવનાર "ચખ્ર" વિષેજ સહેજ ઇશારો બસ થશે. ગેરેબાંનની બરાબર હેઠળ છાતીનો જે શરીરનો ભાગ છે તે ભાગ ખોરેહ

છે, યાને કે જે અણુદીઠ સુક્ષ્મ
નીકળવાનું મૂળ (source) છે, યાને કે જે અણુદીઠ સુક્ષ્મ
“ચખ્ર” ગેરેબાનની હેઠળના છાતીના ભાગ ઉપર કાર્ય કરે
છે તે “ચખ્ર” માંથી ખોરેહનો પ્રવાહ નીકળવાની ઉસુલ્યાત
રહેલી છે. આ ખોરેહની ઉસુલ્યાતનું “ચખ્ર” દશમું છે
અને તે ખુરશેદને લગતું છે,* અને આ દશમા ખુરશેદના
ચખ્રને ઉરવાનના વહાણુ તરીકેબી ઓળખવામાં આવે છે.
આ ચખ્રની આએહુબ (central) જગ્યા તો છાતીના ડાબા
ભાગ આગળ આવેલી છે, પણ એ ચખ્રને લગતો વીસ્તાર
(area) ગેરેબાંનની નીચેના છાતીના ભાગ સુધી લંબાયલો
હોય છે. સુદરેહ ઉપર આ ગેરેબાંન દરેક જુદા જુદા શખ્સને
વાસ્તે તે શખ્સના ગળાંથી કેટલું નીચે દરેક શખ્સને માટે
જુદી જુદી રીતે રહેવું જોઇએ તેના પણ સાયન્તીફીક કાય
દાઓ વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલા છે.
ગળાં ઉપર દમ લેવાની જે રાશી “અતારદ” યાને
બુધની છે ત્યાંથી બરાબર **પોતાનીજ** એક બીલસ્ત
(span) બરાબર છાતી ઉપર માપવાથી ખોરેહની ઉસુલ્યા-
તનું દશમું ચખ્ર કયાંથી શરૂ થવું જોઇએ તે પેલો અમુક
શખ્સ **પોતાનેજ** માટે નક્કી કરી શકે છે, અને આવી રીતે

* દરેક સુક્ષ્મ અણુદીઠ “ચખ્ર” ને જીરમ સાથે નીકટ
(direct) સંબંધ રહેલો છે, અને ગ્રહોની ઉપરથી આવતા પ્રવા-
હોની અસર પહેલવહેલા દરેક ગ્રહોને લગતા આ “ચખ્રો”
ઉપર થાય છે, અને “ચખ્રો” ઉપર અમુક ગ્રહના પ્રવાહની અસર
થયાથીજ માનવીના મન તથા શરીર ઉપર સારી યા માઠી અસર
થવા પામે છે.

નક્કી કરેલી "ચખ્ર" ની જગ્યા ઉપરજ તે શખ્સના સુદરેહનું "ગેરેબાંન" મુકવું જોઇએ. આ દશમું ખુરશેદને લગતું ચખ્ર નક્કી કરવા માટે એકજ બીલ્લસનું માપ લેવાની મતલબ એ છે કે હાથનો અંગુઠો શુક્ર સાથે તાલુકો રાખે છે, અને છેલ્લી નાની આંગળી બુધની સાથે સંબંધ ધરાવે છે, અને આવા ગુહ્ય બારીક કાયદાને આધારેજ ગળાં ઉપરની દમ લેવાની બુધની રાશીથી તે "તેવીષી" ના શુક્રના ચખ્ર સુધીનો વીસ્તાર માપ્યા પછી દશમું ખોરેહનું ચખ્ર શરૂ થાય છે.

આ "ગેરેબાન" સુદરેહનો કેટલો બધો અગત્યનો ભાગ છે તે વિષે હવે કંઇક ખ્યાલ કરી શકાશે. ગેરેબાન પોતે ખોરેહની મગદુમ્યાત હોવાથી આપણા ઉરવાનને સુક્ષ્મ ખોરેહના સમેત્યાતથીજ શ્રેષ્ટ બુલંદીએ "ઉરૂ" ની હાલતે પહોંચાડવાનું છે એવા મજબુત મીશ્ર કાયમ રાખવા માટે તથા ખોરેહની જાળવણી એ જરથોસ્તી દએન પ્રમાણે સૌથી પહેલી જરૂરની તથા અગત્યની ચીજ છે એમ ચાલુ યાદ આપવા માટે—ખોરેહ તથા ઉરવાનને કેવો ઘાડો નીકટ સંબંધ છે તેની ગવાહી આપવા માટે—સુદરેહ ઉપરનું ગેરેબાંન ખચીત અજાયબ જેવો અને ઘણોજ ધ્યાન ખેંચનારો ભાગ થઇ પડે છે, અને દરેક બસ્તેકુસ્તીઆંનને "ગોરજે ખોરેહ અવજાયાદ" યાને "ખોરેહનો પ્રતાપ જીઆદે થાઓ" એવા બુલંદ મીશ્ર ચાલુ આપવા માટે સુદરેહ ઉપરનું ગેરેબાંન ઘણુંજ મદદ કરતા થઇ પડે છે.

ખોરેહની મગદુમ્યાત તરીકે, દશમા ખુરશેદના ચખ્ર-ની યાદ આપનાર તરીકે, તથા "ગોરજે ખોરેહ અવજાયાદ" ના બુલંદ મીથ્ર તરફ ધ્યાન ખેંચનાર તરીકે ઉમદા કાર્ય કરવા ઉપરાંત આ ગેરેબાંન જરથોશ્તી દએનના જે ત્રણ મ્હાન કાયદાઓ છે તેમાંના એકની યાદ આપે છે, યાને કે "**અષીસ્વંઘહ-પારેન્દી**"* ની યાદ આપનાર સુદરેહ ઉપરનું ગેરેબાંન છે. "કેશાશ" ના બાબની અંદર આપ-લે કરવાનો જે જરથોશ્તી કાયદો છે તે કાયદાને "અષીસ્વંઘહ-પારેન્દી" ને નામે અવસ્તામાં ઓળખવામાં આવે છે. કોઇ-નીબી સાથની આપ-લે વખતે બરાબર કુદરતી કાયદાનુસાર ગોઠવણી (adjustment) થીજ ચાલુ કાર્ય લેવું—આ "અષીસ્વંઘહ-પારેન્દી" નો કાયદો શીખવે છે. એક શેઠ (employer) પોતાના નોકરને આઠ આના આપીને તેની પાસેથી એક રૂપીયા જેટલી કીમતનું કામ જબરદસ્તીથી લે, અથવા તો એક નોકર (employed) એક રૂપીઓ લઇને ફકત દશ બાર આનાની કીમત જેટલુંજ કામ કરી આપે— આ બેઉ રીતીઓ જરથોશ્તી દએનના કાયદાથી ઉલટી છે, કારણકે તે બેઉ રીતીમાં "અષીસ્વંઘહ-પારેન્દી" ના કાયદાનો અનાદર થાય છે. કોઇબી બે બાજુ—દાખલા

---

* જુઓ ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ ન. ૧ લું પાનું ૨૯-૩૦. વળી જુઓ મોટી હપતન યશ્ત કરદો ૪.—

"વંઘહીમ આબીશ **અષીમ**, વંઘહીમ ઇષેમ, વંઘહીમ આઝુઇતીમ, વંઘહીમ ફ્રસરતીમ, વંઘહીમ **પારેન્દીમ** યજમઇદે.'

તરીકે શેઠ-નોકર, ઉસ્તાદ-શાગેર્દ, વેચનાર-ખરીદનાર વગેરેની વચ્ચે અરસપરસની અંતઃકરણની ફરજ (mutual conscientious obligation and duty) ના કુદરતી ખ્યાલથીજ કાર્ય થવું જોઇએ આમ "અષીસ્વંઘહુ-પારેન્દી" નો કાયદો શીખાડે છે, અને શરૂઆતમાં અશોઇનો માર્ગ અખત્યાર કરવા માટે "ખોરેહ-અશોઇ-કેશાશ" ની જે ત્રગડીની મદદથી "અહૂ" યાને કુદરતી અંતઃકરણનો સ્વભાવ ખીલવી શકાય છે તે "અહૂ" ખીલવવાના બુલંદ કાર્યમાં "અષીસ્વંઘહુ-પારેન્દી" ના કાયદાને માન આપીને ચાલનાર શખ્સ ઘણો સરસ રીતે ફત્તેહમંદ થાય છે. ઉરવાનને બુલંદીએ પહોંચાડવાના કાર્યમાં આવી રીતની ફત્તેહમંદી મેળવવા માટે દરેક બસ્તેકુસ્તીઆંને "અશોઇ" તથા "ખોરેહ" ના બે મ્હાન કાયદાઓ પ્રમાણે જીંદગી ગુજારવા ઉપરાંત "કેશાશ" ના કાયદા પ્રમાણે ચાલીનેજ પોતાના ઉરવાનની નાજી કરવાની છે. એવા મીથ્ર સાબેત રાખી તે પ્રમાણે અમલ કરવાનું ઉત્તેજન આપનાર— "અષીસ્વંઘહુ-પારેન્દી" ના કાયદાની ચાલુ યાદ આપનાર મારેફત—સુદરેહ ઉપરના "ગેરેબાંન" નો બેવડાં પડવાળો ભાગ છે.

આવી મ્હાન ખીશ્કારી સુદરેહ ઉપરનું ગેરેબાન બજાવે છે તે ઉપરથી આપણો સુદરેહ આપણે માટે કેવું નાદર બખ્તર થઇ પડે છે તે બાબે કંઇક ખ્યાલ આપણને આવી શકે છે. પણ હજારો દરૂદ હોજો—સદ હજાર સલામ હોજો

આપણા વખશુરે વખશુરાંન સાહેબ ઉપર, કે જેવણે આ સુદરેહ જેવું બુલંદ "વસ્ત્ર" કુદરતી કાયદાનુસાર આપણુને રચી આપ્યું છે. આ ગેરેબાનનો ભાગ તો તેવણુ સાહેબની બરક્કતથી આપણે માટે હજી વધુ અજાયબી ઉત્પન્ન કરે છે, અને આ વધુ અજાયબી ઉત્પન્ન કરનારી ગેરેબાનની ખીશ્કારી ખોરેહની પરીક્ષા કરવાને લગતી છે. એક બસ્તે કુસ્તીઆંન પોતે ખોરેહના કયા મરતબામાં છે તે બાબેની પરીક્ષા કરવાનું સાંધન આ ગેરેબાનજ છે. આ બાબદ કદાચ કોઇ વાંચનારને નહી માનવા જેવી લાગે, પણ વખશુરે વખશુરાંન સાહેબની "આસ્ને વીર" જેવી બુલંદમાં બુલંદ શક્તિ ઘણીજ સરસ રીતે કુદરતના બારીકમાં બારીક કાયદાઓને પીછાણી શકે છે એમ ચાલુ માનથી યાદ રાખનાર દીનદાર વાંચનારને આ બાબદ પણ કુદરતી કાયદેજ બની શકે તેવી લાગે એમાં નવાઇ નથી.

એક "સોષાવરેજ"* યાને આથ્રવનના તમામ સાત † મરતબામાંથી પસાર થઇને સરોશનો નાદ મેળવી શકે— સરોશની સાથે હમશરીકીથી કાર્ય કરી શકે—એવી શક્તિ ધરાવનારા "મગવ" અને દીનદસ્તુર કોઇબી બસ્તેકુસ્તી-

---

* અવસ્તા મુળ "સ્રઓષ"=સરોશ+"વેરેઝ"-કાર્ય કરવુ, ઉપરથી "સરોશની મારેફતથી યા સરોશની હમશરીકીથી કાર્ય કરનાર"; Agent of Srosh; Co-operator of Srosh.

† જુઓ ઉજીરન ગેહ—ફ્રબેરેતર, આએરેતર, આસ્નાતર, રથવીશ્કર, હાવનાન, આતરેવક્ષ, અને જઓતર.

વળી જુઓ વીસ્પરદ કરદો. ૩.

આંનમાં "ફરરેહ યજદી" કે જે ખોરેહનો શરૂઆતનો તબક્કો છે તે ખોરેહની શક્તિ ખીલેલી છે કે નહી તેની પરીક્ષા નીચે જણાવ્યા મુજબ કરે છે, અને આ પરીક્ષાના સાંધન તરીકે સુફરેહનું ગેરેબાંન કારગત લાગે છે.

તે બસ્તેકુસ્તીઆંનને ખાસ ચોકસ નીરંગો ભણાવવા-માં આવે છે, અને પછી તેને ખુઆબ (sleep) માં લઇ જવામાં આવે છે; બીજા શબ્દોમાં બોલીયે તો તે નીરંગોના "મીથ્ર" તથા તેના "સ્તોત" યાને ધ્વનીથી ઉત્પન્ન થતા બુલંદ અશુદીઠ રંગોની અસરથી તે ખોરેહની પરીક્ષા માટે-નો ઉમેદવાર ખુઆબમાં કુદરતી રીતે પડી જાય છે, યાને કે તેને ખુશનુમા શાંત ઉંઘ આવી જાય છે. આવી દીલપઝીર ઉંઘમાંથી ફારેગ થયા પછી સોષાવરેજ ભણાવેલી મુબારક નીરંગની અસરથી તે ઉમેદવારના ગેરેબાનમાંથી એક, બે અથવા ત્રણ એમ દાડમના દાણા નીકળે છે, અને આ દાડમ-ના નીકળેલા દાણાની સંખ્યા ઉપરથી તે ખોરેહ–પરીક્ષાનો ઉમેદવાર કયા દરજ્જાની ખોરેહની શક્તિ—"ફરરેહ યજદી" —ધરાવે છે તે સોષાવરેજ સમજી લે છે, અને પછી જાણે કે સર્ટીફીકેટ આપતા હોય તેમ ખાસ મોજેજા બતાવી આપવાની મ્હાન ધર્મ ક્રીયાઓ કરવાની રજા તેના ખોરેહના દરજ્જા પ્રમાણે કેઇ કેઇ ક્રીયાઓ કરવાને તે ઉમેદવાર લાયક ગણાય તે બાબેના દીની કાયદાઓને આધારે સોષાવરેજ દીનદસ્તુર તે ઉમેદવારને પરવાનગી આપે છે. ક્રીયાકામ કર-નારની ખરેખરી લાયકાતની પરીક્ષા વખશુરે વખશુરાંન

સાહેબના શીખવવા મુજબ આવા પ્રકારની છે, અને આવી ખોરેહની લાયકાત ધરાવનારા ક્રીયાકામ કરનારા યઓજદાથ્રે-ગરોને માથે તેવાજ પ્રમાણના લાયક મરતબાના "સોષાવ-રેજ" યાને મગવ દીનદસ્તુર રહેવા જોઇએ!

આ રીતે સુદરેહ ઉપરનું ગેરેબાંન ખોરેહની મગદુ-મ્યાત હોવાને લીધે તથા ગેરેબાંનને ખોરેહ સાથે આટલો બધો ઘાડો સંબંધ હોવાને લીધેજ આવી રીતની ખોરેહ પારખવાની પરીક્ષા કરવા માટે ગેરેબાંન એક ઘણુંજ અગ-ત્યનું સાંધન થઇ પડે છે. વળી આવી રીતની શ્રેષ્ટ પરીક્ષા કરનાર "સોષાવરેજ" યાને મગવ અને વડા દીનદસ્તુરના પોતાના ખોરેહનો "આબ" યાને પ્રકાશ તથા જોર કેટલાં બધાં પ્રમાણમાં હોય છે તેનો વિચાર હયાં આપણે સહેલાઇ-થી કરી શકયે છીએ. આવા પુર ખોરેહવાળા તથા અમલ્યાત-વાળા, અને આથ્રવનના સાતે મરતબા—"ફ્રબેરેતર, આબેરે-તર, આસ્નાતર, રથ્વીશ્કર, હાવનાન, આતરેવક્ષ, તથા જઓતર"—માંથી પસાર થયલા અશો મોબેદનેજ "સોષાવરેજ" યાને મગવ તથા વડા દીનદસ્તુરનો એલકાબ આપવાનું ફરમાન છે. બીજી ઘણીએક બાબદો ઉપરથી જરથોશ્તી દીનને લગતા બીકટમા બીકટ સવાલોના નીરા-કરણ પોતાના ખોરેહના પ્રતાપથી ખીલેલાં અંતઃકરણ સાથની મગજશક્તિથી કરનારનેજ "સોષાવરેજ" નો દરજ્જો મળવો જોઇએ એમ હવેથી આપણે યાદ રાખીશું.

પ્રકરણ ચૌદમું.

સુદરેહના નવ સાંધામાંના બીજા ચાર સાંધા—બે પડદા અને બે "બોંય."

"હસ્તી" તથા "નીસ્તી" ની યાદ આપનાર—"બે પડદા."

બુલંદ બખ્તર સુદરેહના બે સૌથી અગત્યના સાંધા "ગીરદો" અને "ગેરેબાન" વિષે કંઇક "તાવીલ" યાને ઉંડી, સાયન્તીફીક, કાર્યસાધક મતલબ આપણે જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમને આધારે સમજવાની કોશેશ કરી છે, અને હવે બીજા સાત સાંધાઓની બીશકારી ટુકમાં જોઇશું આ બાકીના સાત સાધાઓમાંથી બે "પડદા" અને બે "બોંય" ઉપર ધ્યાન રોકીશું.

તમામ સૃષ્ટિ રચના ફકત બે શબ્દોમાં સમાઇ જાય છે જે શબ્દો "**હસ્તી**" તથા "**નીસ્તી**" દરેક બસ્તે કુસ્તીઆંને યાદ રાખવા જોઇએ. છેક "મીનોઆંન મીનો" થી "મીનોઇ આલમ" અને "જીરમાની આલમ" પોતપોતાના મરતબા પ્રમાણેની "હસ્તી" તરીકે ઓળખાય છે; અને "મીસ્વાનહે* ગાતુ-ઇ-અવલ" ના તબક્કા આગળથી કે

---

* હોરમઝદ યશ્ત, ફ ૧—

"પેરેસત જરથુશ્ત્રો અહુરેમ મજદામ અહુરમજદ મઇન્યો સ્પેનિશ્ત દાતરે ગએથનામ અસ્તવઇતીનામ અષાઉમ **મિસ્વાનહે ગાતવો ખદાતહે.**"

વળી જુઓ શીરોજા યશ્ત, ફ. ૩૦—

"અનધ્ર રઓચાઓ ખદાતાઓ યજમઇદે, રઑક્ષ્નેમ ગરો ન્માનેમ યજમઇદે, **મિસ્વાનેમ ગાતુમ ખદાતેમ યજમઇદે, ચિન્વત પેરેતૂમ મજદદાતામ યજમઇદે.**"

જ્યાં "આતશે મીનો કરકો" નું મરકજ શરૂ થાય છે ત્યાંથી તે "અરવઇ આલમ" તથા "જીસ્માની આલમ" ચહુડ ઉતર દરજાની "નીસ્તી" તરીકે ઓળખાય છે.

માજ્દયસ્ની દએન (Law of Infoldment) ના કાયદાને આધારે દરેક ઉરવાન હસ્તીમાંથી નીસ્તીમાં પોતપોતાના જરવાન પ્રમાણેના સ્તોત લઇને નીચે ઉતરે છે, અને જરથોશ્તી દએન (Law of Unfoldment)ના કાયદાને આધારે સેવટે અશોઇની શ્રેષ્ટ તરીકતો પાળી "માથ્ર સ્પેન્ત" અને "ફ્રુષો–માંથ્ર" ના સ્તોત મેળવી નીસ્તીમાંથી પાછું* હસ્તી તરફ આગળ વધે છે. ઉરવાન નીસ્તીમાં આવેલું છે અને નીસ્તીમાંથી પાછું હસ્તીમાં જવાનું છે, એવા મીથ્ર ચાલુ કાયમ રાખવાને માટે સુદરેહના બે પડદા પોતાની ખીશ્કારી (function) બજાવે છે.

સુદરેહનો આગલો (Front) પડદો નીસ્તી બતાવે છે, તથા પીઠ ઉપરનો પાછલો (rear) પડદો હસ્તી બતાવે છે. આ પ્રમાણે જીસ્માની આલમ યાને આ ખાકી દુન્યા અને

---

* જુઓ ગાથા હા ૨૮,—

" યે વાઓ મજ્દા અહુરા પઇરી જસાઇ વોહુ મનંઘહા"
"વોહુ મનઘહ યાને બેહમનની મારફતે, અએ મજ્દા અહુરા! હું તારી નજદીક પોહોચુ!"

વળી જુઓ ગાથા હા ૪૫, ફ. ૭.

"અમેરેતાઇતી અષાઉનો ઉરવા અએષો"

"અષોનું ઉરવાન અમરદાદની અમર્ગીની ખાહેશમા રહે છે."

અરવઈ આલમ યાને તત્વોની દુન્યાની યાદ આપનાર તરીકે સુદરેહનો આગળો પડદો કાર્ય કરે છે અને આ નીસ્તીની બેઉ આલમોની છેક પેલીમેર ઘણીજ કુશાદે ને બુલંદ જીરમાની અને મીનોઇ એવી બે હસ્તીની આલમો રહેલી છે એવી ચાલુ યાદ ઉરવાનને આપનાર સુદરેહનો પાછળો પડદો છે. ' ઉરવતાંમ ઉરૂનેમ " યાને ઉરવાનની મીનોઇ વૃદ્ધિ છેક આ ખનીરથ બામી સદંતર છોડયા પછી બી આતશે મીનો કરકોના તબક્કાની પેલીમેર હસ્તીની આલમોમાં છેક ગરોન્માન સુધી ચાલુ થયા કરવાની છે એવો બુલંદ અમર્ગીનો કાયદો ચાલુ આપણી શુદ્ધબુદ્ધમાં રાખવાને માટે સુદરેહના બે પડદા † બનાવવાનું ફરમાન વખશુરે વખશુરાંન સાહેબે આપ્યું છે. ટુંકમાં કહીએ તો પેહેલવી સાહીત્યમાં આપણા ફ્રાજેલ આબેદોએ "ઉરવાનની હસ્તી છે, પણ તનની નીસ્તી છે" ‡ આમ જે

---

* જુઓ અઇવીસ્રુથ્રેમ ગેહ —

"ઉરવતાંમ ઉરૂનેમ અષવનેમ અષહે રતૂમ યજમઇદે"

"ઉરવાનના ઉરૂ થવાના યાને બુલદીએ પોહોચવાના અશોઇના અશો સરદાર સાથે એકતાન થઇએ છીએ"

† અત્રે ખુલાસો કરવાની જરૂર છે કે ૩૮ મા પાના ઉપર નવ સાંધાની બનાવટ સમજાવતી વખતે "જમણો આખો સાધો" એમ લખ્યું છે તેને આ પ્રકરણમાં સગવડને ખાતર "પાછલા પડદા" તરીકે ઓળખાવ્યો છે; અને "ડાબો આખો સાધો" જે ત્યા જણાવેલો છે તેને અહીંઆ "આગલા પડદા" તરીકે લેવામા આવ્યો છે.

‡ "રોબાન અઇત, લા તન." એટલે કે " ઉરવાનની હસ્તી છે (પણ) તનની નીસ્તી છે."

ભાર મુકીને ચાલુ યાદ આપી છે તેની ગવાહી તરીકે સુદ-રેહના બે પડદા આપણી સનમુખ હાજર રહે છે. જરથોશ્તી દએનને કાયદે તમામ અશોઇની * તરીકતો પાળી ઉરવા-નને હસ્તીમાં જવાનુંજ છે—"મન આનો આવાયદ શુદન" યાને "ત્યાં મારે જવાનુંજ છે"—એવા મીશ્ર સાબેત રાખ-વામાં સુદરેહના બે પડદા* કીમતી મદદ કરે છે.

"અસરે તારીકી" ને "અસરે રોશની"માં તબદીલ કરવાની આજુરફર શીખવનાર—બે બોંય.

"ઉશતા અહમાઇ હયત અપાઇ વહિશ્તાઇ અષેમ" ના મીશ્ર કાયમ રખાવનાર—બે બોંય.

"વાહેદે હકીકી" (યાને ખરેખરી રીતનું એકપણું) (the Absolute Oneness, Genuine Singularity) તો તે એકલાને માટેજ છે, અને હસ્તીની શરૂઆતથીજ "દુઇ" યાને બેપણાનો અચુક કાયદો લાગુ પડે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો "મજદયસ્ની દએન" પ્રમાણે મીનોઇ [illegible]ની શરૂઆતના મરકજ આગળથીજ "દુઇ" નો કાયદો કાર્ય કરવા મંડી જાય છે. "દુઇ" મા પણ પાછી "દુઇ"

---

* જુઓ યજશને હા, ૬૦, ક ૧૨ તથા હોશબામની બદગી—**"અષ વહીશ્ત અષ સ્રએશ્ત, દરેસામ થ્વા પઇરી થ્વા જમ્યાંમ, હમેમ થ્વા હખ્મ."**

"સૌથી સરસ અશોઇની મારફતે, સૌથી શ્રેષ્ઠ અશોઇની મારફતે, અમો તારા દર્શન કરીએ, તારી નજદીક પોહોચીએ, તારી સાથ દોસ્તી કેરીએ."

છે, યાને કે બેપણાના બે જુદા જુદા કાયદાઓ હસ્તીની શરૂઆતના વખતથી અને તમામ નીસ્તી દરમ્યાન તથા નીસ્તીમાંથી પાછી તમામ હસ્તી થશે ત્યાં સુધી કાર્ય કર્યા-જ કરે છે, અને કરશે, જે કાયદાઓ "જુજ" તથા "જુફ્ત" ને નામે ઓળખાય છે. "જુજ" એટલે બે અથવા બેથી વધુ ચીજો એકમેકની સામે કાર્ય કરીને અમુક "અસર" યાને પરીણામ લાવે છે, અને આ કાયદાને Law of Polarity તરીકે ઓળખીશું. "જુફ્ત" (Law of Duality) નો કાયદો કાર્ય કરતી વખતે બે અથવા બેથી વધુ ચીજો એકમેકની સાથે મળીને (Co-operate) અમુક "અસર" લઇ આવે છે. તમામ સૃષ્ટીની હરેક બાબદમાં છેક મીનોઇ આલમથી તે જીસ્માની આલમ સુધી, અને આ જીસ્માનીથી તે છેક મીનોઇ આલમ સુધી આ બેઉ કાયદાઓ અથવા તો બેમાંનો કોઇબી એક કાયદો ચાલુ કાર્ય કરે છે.

આ બેમાંના કોઇબી એક કાયદાના અમલથી જે "અસર"યાને પરીણામ નીપજે છે તે "અસર"બે જાતના હોય છે, એટલે કે યાતો કુદરતની જે હસ્તી તરફ જવાની નેમ છે તેને તે અસર મદદ કરનારી હોય, યાતો કુદરતની હસ્તી તરફ જવાની નેમને થોડો વાર હરકત કરી નીસ્તીમા વધુ ખેંચી જનારી "અસર" હોઇ શકે. "જુજ" ના કાયદાથી પણ આ બેઉ જાતની અસરો આવી શકે છે તેમજ "જુફ્ત"ના કાયદાથી પણ આ બેઉ જાતની અસરો ઉત્પન્ન થઇ શકે છે. આ

બે જાતનાં પરીણામોને પહેલવી જબાનમાં "અસરે રોશની* તથા "અસરે તારીકી* ને નામે ઓળખવામાં આવ્યાં છે. "અસરે રોશની" યાને "રોશની તરફ, હસ્તી તરફ લઇ જનારૂં પરીણામ" (the issue ending in light) છે, અને "અસરે તારીકી" યાને "અંધારાં તરફ, નીસ્તી તરફ ખેંચી જનારૂં પરીણામ" છે. આ બે જાતના પરીણામો કુદરતના અચુક કાયદા મુજબ લઇ આવવા માટે જે બે જોડયા મીનો રાખવામા આવ્યા છે તેને પહેલવીમાં "સ્પેનામીનો" (અવસ્તા સ્પેન્તામઇન્યૂ) તથા "ગનામીનો" (અવસ્તા અંઘ્રમઇન્યૂ) તરીકે ઓળખાવવામાં આવ્યાં છે.

---

* પેહેલવી સાહીત્યમા ઘણાક શબ્દો ખાસ લોગત(Technical terms) તરીકે મોટો ભાગ બજાવે છે પેહેલવી સાહીત્યમા જરથોશ્તી ધર્મની અનેક બાબદોને લગતુ તુલોતવીલ સીલસીલાબંધ ફીલસુફીથી ભરપુર બ્યાન મલે છે, પણ ત્યા જણાવેલા ખાસ લોગતો બરાબર સમજવાની પહેલી જરૂર પડે છે, જે તમામ લોગતો "ઇલ્મે ક્ષ્નૂમ"નીજ મારફતે સમજી શકાય છે દાખલા તરીકે, "અસરે રોશની" અને "અસરે તારીકી" ને લગતા કાયદા બાબે પેહેલવી દીનકર્દ પુસ્તકમા "રોશની અને તારીકી બાબે દાનની સમજણ" એવા મથાળા હેઠલ એક મોટા પ્રકરણમા જણાવવામા આવ્યું છે કે માજદયસ્ની દીનમા "રોશની" અને "તારીકી" એ બેઉને એટલી સારી રીતે સમજાવવામા આવ્યા છે, કે જેથી કોઇબી શખ્સ ઉલટા મુળથી યાને "તારીકી" થી પોતાને સાવધ રાખી શકે છે. ત્યા વળી એમ કહેવામાં આવ્યું છે કે જે કોઇ "તારીકી" ને લગતું કામ કરે છે તે પરીણામ "નીસ્તી" મા એટલે કે ઉરવાનને લગતી સ્થુળતામાં લઇ આવે છે.

આપણે બસ્તે કુસ્તીઆંનોએ હુમેશાં "અસરે રોશની"ની બાજુ ઉપર રહેવાનું છે, અને "અસરે રોશની" લઇ આવે એવાંજ કાર્યો કરવાની સંભાળ રાખવાની જરૂર છે. "અસરે તારીકી" ને તદન અટકાવી તો શકાવાની નથીજ, કારણ કે કુદરતમાં જુજનો કાયદો પડેલો છે, પણ જ્યાંબી કુદરતી રીતે "અસરે તારીકી" ઉત્પન્ન થતીજ હોય ત્યાં જરથોસ્તી દએનની તરીકતો તથા આજુરફરોથી તે 'અસરે તારીકી" ને પાછી જુજને કાયદે "અસરે રોશની" માં બદલી નાંખવી (transmute) એ આપણુ બસ્તેકુસ્તી-આનની ખાસ ફરજ છે, અને આવી રીતે કુદરતને જર-થોસ્તી દએનની તરીકતથી મદદ કર્યાથીબી આપણું ઉર-વાન આગળ વધે છે. દાખલા તરીકે જમતી વખતે, હાજત વખતે વગેરે અનેક જે જીંદગી ભોગવવાની ખાસ હાજતો છે તે વખતે "અસરે તારીકી"થી બરપા કરનારી "હુરીરી" ઉત્પન્ન તો થવાનીજ, પણ તેને જરથોસ્તી દએ-નને કાયદે, ઇલ્મે ક્ષનૂમ સીરીઝ ન૦ ૧ માં ભાશ આપ્યો છે તેમ, અવસ્તાની બાજ, નીરંગ, વગેરે તરીકતોથી પાછી "અસરે રોશની" માં ફેરવી નાંખવાની આપણી ફરજ છે, અને જો તેમ નહી કર્યે તો કુદરતમાં અડ-ચણો ઉભી કરી આપણા પોતાના ઉરવાનને વધુ એજાબમાં ઉતારી મુકયે છીએ. એક સૌથી સરસ દાખલા તરીકે આપણી આ ચાલુ બાબદનો "સુદરેહ" પોતેજ આ મ-હાન કાર્ય બજાવવા માટે વખ્શુરે વખ્શુરાંન સાહેબે હથ્યાર

તરીકે આપ્યો છે. શમ્સના શ્વા બદનમાંના "હઇર" ને ખેંચતી વખતે "અસરે તારીકી" કુદરતી રીતે પેદા કરે છે, પણ તેને તરતજ "અસરે રોશની"માં ફેરવી નાંખવાનું કાર્ય આપણે આગળ જોઇ ગયા તે પ્રમાણે સફેદ રૂના સુદરેહને સોંપવામાં આવ્યું છે. "ઉશ્તા અહમાઇ હયત અષાઇ વહિશ્તાઇ અષેમ," "ખરેખરૂં સુખ જે અમરદાદની અમરગી છે—જે હસ્તી તરફ જવાનું મરકજ છે તે તેનેજ હોય છે કે જે સૌથી સરસ અશોઇને ખાતરજ અશો છે"*—આમ જે કહેવામાં આવ્યું છે તે આએ મહાન મતલબથી છે. "અષ" નો—વ્યવસ્થા Order (Divine) નો—જે મહાન કાયદો કુદરતમાં કાર્ય કરી રહયો છે તેને ખાતરજ—તેને ચાલુ એમનો એમ રાખવાની કોશેશો કરવાને માટેજ—જે કોઇ અશો હોય છે યાને કે બધી જરથોશ્તી દએનની અશોઇની તરીકતો પાળતી વખતે "અસરે તારીકી"ને પાછી "અસરે રોશની" માં ફેરવવાનીજ જે કોઇ મતલબ ધરાવે છે—તેનેજ હસ્તી તરફ પહોંચવાનું "ઉશ્તા" યાને ખરેખરી ખુશાલી મળી શકે છે. આવી ક્રીયા ચાલુ કરનારને અવસ્તામાં "દૂરઓષ" કહેલો છે. "દૂરઓષ" શબ્દનો અર્થ ધાતુ "દુર"=દુર far-off + "અઓષ"=મોત death

---

* વધુ ખુલાસા માટે જુઓ ઇલ્મે ક્ષ્નૂમ સીરીઝ, નં૦ ૧, પાના ૩૮ થી ૪૭.

ઉપરથી "મોતને દુર કરનાર" આમ થાય છે. બીજા શબ્દોમાં બોલ્યે તો તેજ શખ્સ "દૂરઓષ"* છે કે જે શખ્સ, ઉરવનને વધુ એજાબમાં નાંખનારી ગોયા ઉરવાનનું મોત—(spiritual death)—લાવી આપનારી "અસરે તારીકી" ને દુર કરી "અસરે રોશની" યાને કે જે અસર ઉરવાનને રોશની તરફ—હસ્તી તરફ—લઇ જનાર છે તેમાં ચાલુ ફેરવી નાંખનાર હોય છે.

હવે આપણા સુદરેહની બે બોંય આ બે "અસરે રોશની" તથા "અસરે તારીકી" ની ચાલુ યાદ આપણને આપે છે. સુદરેહ પહેરતી વખતે પહેલાં ગળાંમાંથીજ પહેરીને આપણે ગરદન ઉપરનો ગીરદો જોઇને બધી જરથોશ્તી દએનની તરીકતોમાં દાખલ થઇ તે પ્રમાણે અમલ કરવાનો ગોયા એકરાર કરયે છીએ; અને ગળું પહેરી રહયા પછી પહેલાં જમણી બોય જે "અસરે

---

* જુઓ ગાથા હા, ૩૨, ફ ૧૪—

"હયતચા ગાઉશ જઇદયાઇ અ્રઓઇ યે દૂરઓષેમ સઓચયત અવો"

મોટી હોમ યશ્ત તથા યજશ્ને હા, ૯; ફ, ૨—

"અજેમ અહ્મી જરથુશ્ત્ર હઓમો 'અષવ દૂરઓષો."

વળી એજ હામા ફ. ૧૯ થી ૨૧ મા નીચે મુજબ છે:—

"ઇમેમ થ્વામ પઓઇરીમ યાનેમ હઓમ જઇદયેમી દૂરઓષ."—

મોટી હપ્તન યશ્ત તથા યજશ્ને હા ૧૦—

"હઓમેમ દૂરઓષેમ યજમઇદે."

રોશની" બતાવે છે તે પહેરી રહયા પછી ડાબી બોંય જે "અસરે તારીકી" બતાવે છે તે પહેરવી જોઇએ. આવી રીતે ત્યારે બે બોંય પહેરતી વખતે "અસરે રોશની" ને તરીકતની મદદથી બરાબર પીછાણીને જીંદગી ગુજારવાની દરેક બાબદમાં અસરે રોશનીની મારેફ્તથી અસરે તારીકી ઉપર ચાલુ ગાલેબ આવવાના મજબુત મીશ્રો કાયમ રાખવામાં સુદરેહની બે બોંય બસ્તેકુસ્તીઆનને મદદ કરે છે.

કોણી સુધીની લાંબી બોંયથી ખોરેહ જાળવવામાં થતી મદદ.

વળી આ બેઉ બોંય અજાયબ જેવી રીતે ટુંકી અને ફકત કોણી સુધીનીજ બનાવવાનો હોકમ છે તેમાં પણ ઉંડી મતલબ સમાયલી છે. ઇલ્મે ક્ષનુમની અંદર દરેકે દરેક બાબદો તદન તુલોતવીલ વખશુરે વખશુરાંન સાહેબે સમજાવેલી છે, અને તેટલા માટે જરથોશ્તી દએનની કોઇબી તરીકત કેઇ મતલબથી આપવામાં આવી છે તેના સાયન્તીફીક જવાબો પણ ઇલ્મે ક્ષનૂમમાં મોજુદ છે. એજ પ્રમાણે "સુદરેહની બોંય ટુંકી કાંય?" એ સવાલનો જવાબ પણ ઇલ્મે ક્ષનૂમ આપે છે. ખભાંથી તે કોણી (elbow) સુધીનો હાથનો જે ભાગ છે તેની ઉપર રવીનું ચક્ર કાર્ય કરે છે, અને તે ભાગ તેટલા માટે અંતઃકરણ (heart) ને લગતો છે, જયારે કોણીથી તે આંગળાં સુધીના ભાગ ઉપર બધા ગ્રૃહોની મુરક્કબ યાને ભેળસેલ (combined)

અસર થાય છે.* આ રીતે ત્યારે હાથના અરધા ઉપલા ભાગ ઉપર આફતાબની એકલીજ અસર વિશેષ હોવાથી આફતાબના શ્વા જોશભેર દાખલ થવા માંગે છે, પણ બદનમાંથી ચાલુ "હઇર" નીકળતું હોવાથી આપણે ઉપર લંબાણથી જોઇ ગયા તેમ શમ્સના શ્વાને નરમ કરી આડકતરા દાખલ થવા દેવા જોઇએ, અને આવી રીતે આડકતરા (indirect) શ્વાની મારફતે ખોરેહને નુકસાન કર્યા વગર "હઇર" હાથના ઉપલા ભાગ ઉપરથી ખેંચાઇ જાય એવી સાયન્તીફીક મતલબથી એટલા ભાગનેબી સફેદ રૂના સુદરેહની બોંયથી ઢાંકવાનો ખાસ હોકમ વખ્શુરે વખ્શુરાન સાહેબે આપેલો છે. આ ઉપરથી આપણે સમજી શકયે છીએ કે અસરે રોશનીથી અસરે તારીકી ઉપર ગાલેબ આવવાના મીથ્ર સુદરેહની બે બોંય સાબેત રખાવે છે એટલુંજ નહી પણ વળી આપણું ખોરેહ જાળવવા બાબેનું કાર્ય સાધક પરીણામ લાવવામા પણ આ બે બોંય મદદ કરે છે.

* આવી રીતની ગ્રહોની અસર હાથના ઉપલા ભાગ તથા નીચલા ભાગ ઉપર જુદી જુદી થતી હોવાને લીધેજ કુસ્તી પાદીઆબ કરતી વખતે જે તરતીબથી હાથ મોહડુ પગ ધોવામા આવે છે તેમા હંમેશા હાથોને છેક કોણી સુધી ધોવાનું ફરમાન આપવામા આવ્યું છે.

પ્રકરણ પંદરમું.

સુદરેહના નવ સાંધામાંના બાકીના ત્રણ સાંધા— એક "સમાંતર તીરી" અને બે "કાટખુણાના આકારની તીરી."

આપણે સુદરેહના પહેલા છ સાંધાઓની ખુબી વિષે સેહેજ સમજણ લીધી છે, અને હવે બાકીના ત્રણ સાંધાઓ એટલે કે સુદરેહની મોહુરી આગલ બંને બાજુઓ ઉપર બધી મળીને ત્રણ તીરી બનાવવાનો હોકમ છે, તેની સાયન્તીફીક મતલબ શી છે તે જાણુવાની કોશેશ કરીશું.

ઉરવાનના "શરીફ" અને "ખસીસ" દરજાના કાયદાની યાદ આપનાર—"એક સમાંતર તીરી." ઉરવાનના બુલંદીએ પોહોંચતી વખતે બનતા "ખએતવદથ" ના અચુક મહાન બનાવ બાબેના મીથ્ર સાબેત રખાવનાર— "એક સમાંતર તીરી."

જરથોશ્તી દએનમાં "મીથ્ર" યાને વિચારની બાબદને કેટલી બધી અગત્યતા આપવામાં આવી છે તેનો કંઈક ખયાલ મળવા માંડે છે. દરેકે દરેક તરીકતો મીથ્ર સાબેત રાખવામા આપણુને મદદ કરે છે, અને મીથ્ર સાબેત રાખ્યાથીજ ઉરવાન બુલંદીમાં આગલ વધે છે. અત્યાર સુધીમાં સુદરેહના છ સાંધાઓ સૃષ્ટીને લગતા મહાન નીયમો

(grand principles) ની ઉપર આપણા મીશ્ર સાબેત રખાવવામાં આપણને કેમ મદદ કરે છે, તે આપણે જોયું છે, અને હવે સાધારણ રીતે "તીરી" ને નામે ઓળખાતા ત્રણ સાંધાઓ ઉરવાનની વૃદ્ધીને લગતા કયા કયા મહાન નીયમોને લગતા મીશ્ર સાબેત રખાવે છે તે ઉપર આવીશું. પહેલવહેલાં "એક સમાંતર તીરી" ઉપર ધ્યાન રોકીશું.

શરૂઆતમાં પહેલાં પ્રકરણમાં આપણે જીરમનો મહાન કાયદો જે જરથોશ્તી દએનમાં ખાસ સમજાવેલો છે તેનો સહેજ ભાશ લીધો છે. વળી દરેક જીરમની અસર પ્રમાણે દરેક ઉમ્મતના મહાન પુરૂષો તથા બીજાં ઉરવાનોના વર્ગો (differentiations) મરતબા પ્રમાણે થયા છે એ પણ આપણે સમજી ગયા છીએ. વળી એક ઉરવાનના "શરીફ" તથા "ખસીસ" દરજજા થાય છે એમ પણ "ઇલ્મે ક્ષનુમ સીરીઝ નં૦ ૧"માં સમજાવવામાં આવ્યું છે. આ પ્રમાણે ત્યારે નીસ્તી દરમ્યાન એક ઉરવન પોતાની અખંડ (perfected, whole) હાલતમાં હોઇ શકતું નથી. સ્રષ્ટી રચના વખતે જયારે ઉરવાંનો હસ્તીમાંથી નીસ્તીમાં નીચે ઉતરે છે ત્યારે જીરમાની આલમ સુધીમાં દરેક ઉરવન જુદી જુદી જીરમની જુદી જુદી અસરો પ્રમાણે પોતાનું પોતાવટપણું (Individuality) ધરાવે છે પણ જીરમાની આલમથીબી નીચે ઉતરતી વખને આ દરેક ઉરવાંનના બે વીભાગ થઇ જાય છે, જે "શરીફ" તથા 'ખસીસ" તરીકે ઓળખાય છે, યાને સાધારણ ભાષામાં મરદનાં ઉરવાન તથા સ્ત્રીનાં ઉરવાંન તરીકે

ઓળખાય છે. આ કારણને લીધે એક મરદનું ઉરવાન પોતાને લગતી સ્ત્રીનાં ઉરવાંનથી જુદુ (individual) હોતું નથી. બીજા શબ્દોમાં બોલ્યે તો એક મરદના ઉરવાનના બીજા ભાગ (counterpart, supplement) તરીકે તેની પોતાની સ્ત્રીનું ઉરવાન સૃષ્ટિના કોઇબી ભાગમાં હૈયાત હોવુંજ જોઇએ આમ જરથોશ્તી દએનની ઉરવાનની તાવીલ શીખવે છે. ઉરવાનને લગતી બાબદ ઘણીજ બીકટ અને ગુહ્ય છે, અને તે છેક ઉસુલ્યાતથી સમજવા લાયક છે. મજદયસ્ની દએન પ્રમાણે નીસ્તી થતી વખતે ચેકસ કાયદાઓ પ્રમાણે ઉરવાનો નીચે ઉતરે છે, તે વખતે જ્યારે એક ઉરવન અરવાઇ આલમના "બેહુમને સાની" યાને "કારે ખેરદ"ના મરકજ સુધી આવી પુગે છે તે વખતે, એક ઉરવાનના ફક્ત બે દરજજા થાય છે. તે "શરીફ" યાને ચઢતા દરજ્જાનું (superior, masculinity) અને "ખસીસ" યાને ઉતરતા દરજ્જાનું (inferior; femininity) તરીકે ઓળખાય છે સ્ત્રીનું ઉરવાન કદી પણ મરદ થઇ શકે નહી અને મરદનું ઉરવાન કદી પણ સ્ત્રી શરીર ધારણ કરી શકે નહી—આ "ઉલવુજુબ" યાને કુદરતનો અચુક કાયદો (Law of Nature) છે. આ બાબદ (point) ઉપરથી શરીર તથા ઉરવાનને કેટલો બધો સંબંધ છેજ તથા ઉરવાન પોતાને લાયકનુંજ (adaptable) શરીરજ હ્યાં જનમ લેતી વખતે કુદરતી કાયદે મેળવી શકે છે. એ બાબદ જરાક વિચાર કરનારને તુરત સમજ પડી શકશે, જો કે હયાં આપણે તે બાબદને હાથ ધરતા નથી. જે વખતે ઉરવાન

"શરીફ" "ખસીસ" ના બે દરજજામાં વહેંચાઇ (divide) જાય છે તે વખતે ઉરવન વધારે એજાણમાં યાને પડદા રૂપી અંધકારમાં આવે છે, કારણુ કે પોતાની અંદરથી કેટલોક સરશોક યાને તત્વ બહાર નીકળી બીજા દરજજામાં ચાલી જાય છે, અને તેથી પોતે પોતાવતપણું (individuality) ખોઇ દે છે. પણુ "જરથોશ્તી દએન" ને આપણા "જસ મે અવંઘહે મજદ" ના એકરારની અંદર "ખએત્વદથાંમ" કહેલી છે યાને કે જરથોશ્તી દએન "ઉરવાનને પોતાવતપણું અપાવનારી" છે-જરથોશ્તી દએનના કાયદા ઉરવાનને "ખ-એતુદથ" કરાવનારી છે.

આ "ખએતુદથ"ની બાબદ બરાબર ઉંડાણુથી સમજવા માટે ઉરવાનની ઉસુલ્યાત છેક પેહલેથી સમજવાની જરૂર પડે છે, અને તેટલા માટે હ્યાં ફકત "ખએતુદથ" નો ભાશ લઇને આગળ ચાલીશું. "ખએતુદથ" શબ્દ અવસ્તામાં "ખએત્વ દથ" કરીને આવે છે, અને તેનો અર્થ (અ૦ મૂળ ખએત્વ=પોતે Self, અથવા પોતાવતપણું selfhood; individuality+દથ [ક્રીયાપદ દા=આપવું to give ઉપ-રથી] આપનાર, બલકે અપાવનાર કારણુકે "દા" નું બેવડું reduplicated રૂપ "દથ" થયું છે તે ઉપરથી) "પોતાવ-ટપણું અપાવનાર" આમ થાય છે. આ "પોતાવટપણું" તે પોતાના શરીફ યા ખસીસ દરજજાને પાછું મેળવવાની, પોતે પોતાના ભાગમાં (counterpart) માં મળી જવાની-શરીફ×ખસીસ મર્જ (merge) થઇને એક અખંડ ઉરવાન થવાની—મ્હાન ક્રીયા છે.

ઉરવાન ઉપરથી નીચે ઉતરતી વખતે "મીસ્વાનહે ગાતુએ અવલ" આગળ બે દરજાામાં વહેંચાઇ ગયા પછી ખસીત થઇને સુક્ષ્મ અનાસરો અરવઇ આલમમાં લેછે, તે વખતે તેની ઉપર હજી વધુ એજાબ પડતો જાય છે, અને જેમ જેમ ઉરવાન જીસ્માની આલમના અનાસરો લેઇને હૈવાનાત, નબાદાત, જમાદાત સુધી જાય છે તેમ તેમ તે વધુ અને વધુ સ્થુળપણામાં આવતું જાય છે, પણ જરથોસ્તી દએનની તરીકતો પાળીને—જરથોશ્તી દએનના જે ખરે-ખરા હુમત, હુખ્ત હુવરશ્ત છે તેને બરપા કરીને—તથા તે "હુમત" પ્રમાણેનીજ રહેણી કરણી રાખીને જ્યારે ઉરવાન નાજીમાં આગળ વધે છે, ત્યારે "ફરરેહ યજદી" ના બોરે-હના તબકકામાં દાખલ થાય છે, અને હૈવાનાતે મુતલક, નબાદાત, જમાદાત વગેરેમાંથી પોતાને લગતા ઉરવાનના અંશો પાછા મેળવીને ખનીરથ બામી સાથનો હમેશનો સંબંધ છોડીને જ્યારે આગળ વધે છે ત્યારે ચોકસ કાયદે આ શરીફ તથા ખસીસ દરજાાને પાછા સાથે મળી એક અખંડ ઉરવાન થઇ જવું પડે છે. જરથોસ્તી દએન પ્રમાણે ઉરવાનના બાબમાં આ "શરીફ–ખસીસ" નું સાથે મળવું–"ખએત્વ દથ"—ઉરવાનનું અખંડ થઇ જવું—એક ઘણોજ મહાન બનાવ છે, અને આ ક્રીયા થયા વગર ઉરવાનથી હ-સ્તીના માર્ગમાં દાખલ થઇ શકાતુંજ નથી. પણ જરથોસ્તી દએન પ્રમાણે તો ઉરવાનને હસ્તી તરફજ જવાનું છેજ, અને તેટલા માટે "ખએત્વ દથ" તો થવોજ જોઇએ. હસ્તી-

માંથી નીસ્તીમાં ઉતરીને પાછું હસ્તીમાં જવાની મુસાફરી દરમ્યાન આ ખએત્વદથ એક બદલાવાનો મરકજ (transition stage) છે—આ ઉરવાન માટેનો "મઇદયારેમ" (યાને અવસ્તા મૂળ "મઇદય"=વચ્ચેની middle+"યાર"= ફસલ season ઉપરથી) મધ્ય ફસલ (mid-season) છે—અને ખએત્વદથ થયા પછીજ તે હસ્તીના માર્ગમાં દાખલ થઇ શકે છે. આ કારણને લીધેજ આવી ઉંડી સાયન્સને આધારેજ જરથોશ્તી દએનમાં "ખએત્વદથ" ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો છે, અને હયાં એક ઉડતો બોલ કહેવાની (for a passing remark) જરૂર છે કે ખનીરથ બામી ઉપર જે લગનની મોતેબર ક્રીયા કરીને લગનના ગાંઠથી જોડાવાનું એક બસ્તે કુસ્તીઆંન માટે ખાસ ફરમાન છે—વંદીદાદ પ્રમાણે પરણેલાની જીંદગીને વધારે પસંદગી આપવામાં આવી છે, તે પણ આ "ખએત્વદથ" જે અલબતાં ઉરવાનને લગતીજ બાબદ છે તેના ગુહ્ય ભેદ ભરેલા કાયદાઓને આધારેજ લગ્નનું ફરમાન આપવામાં આવ્યું છે. ઉરવાનને માટ "ખએત્વદથ"ની બાબદ ઉરવાનને હસ્તી તરફ લઇ જવા માટે આટલી બધી અગત્યની હોવાને લીધેજ જરથોશ્તી દએનને "ખએત્વ દથાંમ" કહેલી છે,

---

* જુએ યજશ્ને હા ૧૨,—

"આસ્તુયે દએનામ વંધુહીમ માજદયસ્નીમ ફ્રસ્પાયોખેદ્રામ નિદાસ્નઈથિષેમ ખએત્વદથાંમ અષઓનીમ, યા

કારણુ કે જરથોશ્તી દએનમાંજ "ખએત્વ દથ" મેળવવાના કાયદા જણાવેલા છે. * અને આ "ખએત્વદથ" ની ઘણીજ અગત્યની બાબદને ચાલુ ધ્યાનમાં રાખી તે ઉપર ઘણા મક્કમ મીથ્ર સાબેત રખાવવાને માટેજ સુદરેહ ઉપર "એક સમાંતર તીરી" રાખવાનો હોકમ વખ્શુરે વખ્શુરાન સાહેબે આપ્યો છે.

આપણે સમજી ગયા છીએ કે આ ત્રણ તીરી મરદ તથા સ્ત્રીના સુદરેહ માટે જુદી જુદી રીતે મુકવાની છે, અને આ તીરી સુદરેહની બાજુ ઉપરના મોટા આખા સાંધાની આગળ પાછળ મુકવાના પણ ચોકસ કાયદાઓ જણાવવામાં આવ્યા છે. મરદના સુદરેહ માટે ચોકસ કાયદાને આધારે

હાઇતિનામચા, ખુશ્યેઇન્તીનામચા, મજિશ્તાચા, વહિશ્તાચા સ્રએશ્તાચા, યા આહૂઇરીશ જરથુશ્ત્રીશ."

(ઉરવાનને "અસરે તારીકી"ની) લડાઇમાથી છોડાવી દેનારી (ઉરવાનનુ શરીરરૂપી) હથીઆર છોડવનારી "ખએત્વ દથ કરાવનારી, અશોઇ તરફ લઇ જનારી ભલી માજદયસ્નની દએન મુજબ હુ ચાલવાને એકરાર કરૂં છું, કે જે દીન હસ્તી તરફ લઇ જવામાં તથા હસ્તીના આગલ વધેલા મરકજ તરફ લઇ જવામા સૌથી બુલંદ, સૌથી સરસ, સૌથી ઉમદા છે, અને જે અહુરાના જરથુશ્ત્રને લગતી છે."

* જરથોશ્તી દએન ખએત્વદથ અપાવનારી હોવાને લીધેજ એ દીનને "દએન બરેજીશ્ત" યાને "બુલંદમાં બુલંદ કાયદો" તરીકે ઓળખવામાં આવેલી છે, અને ફકત જરથોશ્તીજ ધર્મમાં મરદ તથા ઓરત બેઉ જણ સુદરેહ કુસ્તી રાખી શકે છે તેનું બુલંદ કારણ પણ આ ખએત્વદથ છે, કારણ કે બેઉ જણાઓને માટે "સુદરેહ કુસ્તી" પહેરી ખએત્વદથ કરીને ફકત આગળ વધી જવાનું છે.

જમણી બાજુ ઉપર કાટખુણાના આકારની બે તીરી, અને ડાબી બાજુ ઉપર એક સમાંતર તીરી કરવી જોઇએ, અને જો સ્ત્રીને માટે સુદરેહ હોય તો ડાબી બાજુ ઉપર કાટખુણાના આકારની બે તીરી, અને જમણી બાજુ ઉપર એક સમાંતર તારી ચોકસ કાયદાને આધારે રાખવાનું ફરમાન છે. વળી આ એક સમાંતર તીરીને મોટા આખા સાંધાની આગળ પાછળ કયારે મુકવી તે મુકરર કરવાનું કામ સોષાવરેજના હાથમાંજ રહેલું હોય છે, કારણ કે એ બાબેના કાયદા સમજીને તે પ્રમાણે ખરેખરી બીના જોઇને સોષાવરેજ આ તીરી કયાં મુકવી તેનો જવાબ આપે છે. સોષાવરેજ પોતાના બોરેહનાં બળથી અનેક અમલ્યાતી સવાલો કે જેના જવાબો માત્ર જ્ઞાન (intellectual knowledge) ને આધારે આપી શકાય નહી તેવા સવાલોના જવાબો આપી શકે છે. દાખલા તરીકે, એક શખ્સ ગુજર પામ્યા પછી તેના ચેહારમની બામદાદે તેની જુફ્ત સાથે મળશે કે? યાને તેનો ખએત્વદથ થશે કે?—અને તેટલા માટે જોડાંની ક્રીયા જે આવીજ વખતે કરવાનું ફરમાન છે તે પેલા અમુક શખ્સ માટે કરવી જોઇએ કે?—નવજોત વખતે "સમાંતર તીરી" તે બાળકના સુદરેહ માટે કયાં મુકવી?—એક શખ્સ પરણેછે તેને પોતાનીજ જુફ્તની સ્ત્રી મળી છે કે?—વગેરે વગેરે અનેક કાર્યસાધક (practical) બાબદો કે જેના જવાબો આપવા માટે તે ઉરવાનની હાલત કેવી છે—ઉરવાન અણુદીઠ રીતે કયા દરજજામાં છે—

તે જાણીને પછીજ કંઇ પણ જવાબ આપી શકાય તેવી બાબદોમાં ફ્કત સ્રોષાવરેજનુંજ કામ પડે છે. હયાં પણ એક સ્રોષાવરેજ યાને મગવ અને વડા દીન દસ્તુરમાં શું "તેહેમતની" શકતી (power) હોવીજ જોઇએ—સરોશના નાદ સાથે તે કેવી રીતે હમ–કલામ (attune) થયલો હોવો જ જોઇએ તે આપણે સહેલાઇથી સમજી શકયે છીએ.

બનીરથ બામી ઉપર "હવર્શ્ત,–હૂખ્ત,–હુમત" એ અનુક્રમથી ઉરવાનને આગળ વધારવાનું છે એવી યાદ આપનાર—

"કાટખુણાના આકારની બે તીરી."

હુમત–હુખ્ત–હવર્શ્ત મારફ્તે "અહૂ" યાને અંતઃકરણનો સ્વભાવ ખીલવવાના મીશ્ર સાબેત રખાવનાર—

"કાટખુણાના આકારની બે તીરી."

આ સુદરેહની ત્રણ તીરી મીશ્ર સાબેત રાખવામાં કેમ મદદ કરે છે તે ધ્યાનમાં લઇશું. મરદના બાબમાં ડાબી એક સમાંતર તીરી અથવાતો સ્રીના બાબમાં જમણી એક સમાંતર તીરી "શરીફ" તથા "ખસીસ" આ બે દરજાની યાદ આપે છે; અને મરદના સુદરેહ ઉપરની જમણી કાટખુણાના આકારની બે તીરી અથવાતો સ્રીના

સુદરેહ ઉપરની ડાબી કાટખુણાના આકારની બે તીરી "અહૂ" યાને "ખરેખરા હુમત" ખીલવવાની યાદ આપે છે. આ ત્રણ તીરી, ત્યારે, સાથે મળીને જરથોશ્તી દએન પ્રમાણે "અહૂ" યાને અંતઃકરણનો સ્વભાવ યાને ખરેખરો "હુમત" ખીલવીને પછીજ ઉરવન આગલ વધીને હસ્તીમાં જવાને માટે શરીફ* ખસીસ દરજજા એકત્ર કરવાની—"ખએત્વ દથ" ની—મહાન ક્રીયા કરશે એવા મજબુત મીશ્ર કાયમ રાખવામાં મદદ કરે છે.

આ "અહૂ" શબ્દ સમજવાની જરાક જરૂર છે. "અહૂ" શબ્દ જે જે ઠેકાણે વપરાયો હોય તે (context) પ્રમાણે અવસ્તામાં એના ઘણા અર્થ થાય છે, અને તેમાંનો એક અર્થ "અંતઃકરણનો સ્વભાવ" થાય છે. અવસ્તામાં "અહુંશ્ચ, દએનાંશ્ચ, બઓદસ્ચ" આ ત્રણ શબ્દો સાથે આવે છે, અને એકમેકને ઘણોજ અતલગનો સંબંધ રહેલો છે. આ "અહૂ" ખીલવ્યાથીજ આપણે હસ્તી તરફ જવા માટેની અગત્યની ક્રીયા જે "ખએત્વદથ" ની છે તે કરી શકયે છીએ, અને "અહૂ" ખીલ્યાથીજ "હુમત" યાને "ખરેખરો ભલો વિચાર" જે કુદરતમાં અસલ વિચાર છે—What *is* in Nature—તેની સાથે એકતાન થવાઇ

---

* જુઓ યજશ્ને, હા ૨૬ (સતુમનો કરદો)—

"પઓઇરયનાંમ દકએષનામ, પઓઇરયનાંમ સાસ્નો-ગુષાંમ, ઇદ અષઓનાંમ અષઓનીનાંશ્ચ અહૂશ્ચ, દએનાંશ્ચ, બઓદસ્ચ ઉરવાનેશ્ચ ફ્રવષીશ્ચ યજમઇદે."

શકાય છે. હાલમાં આપણે જેને "ભલો વિચાર" તરીકે ફકત આપણી મગજ શક્તિનાં બળનાં પ્રમાણુમાં માની લઈએ છીએ તે "હુમત" નથી. પણ "તર્કે હેવાન્યત"* વાળો જરથોશ્તી ખોરાક જમવાની બાજ ધરીનેજ લેવો, તેમજ બધી રીતે ખોરેહને અશોઇથી રાખવું,† તથા "મેહેર" યાને સચ્ચાઇ તથા કોલ ઉપરજ રહેવું—આ જરથોશ્તી તરીકતો પાલ્યાથી આપણી અંદરનો "આતશે વોહુ-ફ્રયાંન" તેજસ્વી થતો જશે, અને પછી ઉપરથી આ-

---

* ઉરવાનને આગલ વધારવા માટે ખોરેહને અશોઇથી રાખવાની જે તરીકતો આપવામાં આવેલી છે તે તરીકતોમાં શરૂઆતના પહેલાં પગથ્યાં તરીકે બીજી "જુફ્ત" તરીકતો સાથે ખોરાકની પવીત્રાઇ દરેક જરથોશ્તીને માટે અગત્યની છે, અને આ કારણને લીધે "તર્કે હેવાન્યત" વાળો ખોરાક દરેક જરથોશ્તીને માટે લાજમ છે. "તર્કે હેવાન્યત" ફારસી શબ્દો છે અને તેનો અર્થ માંસ માંછલી જેવો જાનવરી પેદાયશને લગતો ખોરાક કે જે ખોરાક હયવાનની ખાસ્યત ઉપર લઇ જનારો છે તેવા ગદલા ખોરાકને તર્ક કરવો યાને તેનાથી પરહેજ રહેવું એમ થાય છે.

† સાધારણ રીતે આપણે દરેક જણે હુમત-હુખ્ત-હવર્શ્તના અનુક્રમ પ્રમાણે ચાલવું જોઇએ એમ આપણે જાણીયે છીએ. પણ ખનીરથ બામી ઉપર અનુક્રમમાં પહેલા હવર્શ્ત, પછી હુખ્ત, અને પછી હુમત આની શકે છે, કારણકે "અહુ" ખીલવવાની બાબદમાં અત્રે સમજાવવામાં આવ્યું છે તેમ ખોરેહને અશોઇથી રાખવા માટેની તરીકતો પાળવી યાને કે હવર્શ્તની પહેલી જરૂર છે. અને ખોરેહની અશોઈ જાળવવાની "જુફ્ત" તરીકે "મહેર" સાચવવો યાને "હુખ્ત" તદન અવશ્યનો છે. આવી રીતે હવર્શ્ત અને હુખ્ત મુજબ અમલ કર્યાથી હુમત યાને "ભલો વિચાર" બરપા થઇ શકે છે.

વતાં ઉસુદ્દયાતી "ઉશ્તાન" નો ધબકારો (Stroke) અને અંતઃકરણનો ધબકારો બેઉ એક્કી વખતે simultaneously પડે છે, જેથી આપણું "હએના" યાને અંતઃકરણ "તસ-લીસ" એટલે કે ત્રીકોણાકાર (triangular) થઇને "ખ્રફ્સ્ત્રી તેવીષી"* ને "ગોસ્પંદી તેવીષી"* માં ફેરવી નાંખે છે, અને તેવીષી "ગોસ્પંદી" થયાથી "બઓહ"

* જરથોશ્તી ધર્મે ક્નુમમાં ઉરવાનની વૃદ્ધિ કેવી રીતે થાય છે તે ઘણીજ તુલોતવીલ અને સાયન્ટીફીક રીતે સમજાવ્યું છે. માનવીનાં બંધારણના જે નવ ભાગો અવસ્તામાં જણાવેલા છે, અને જેઓ તનુ, ગએથા, અજદ, તેવીષી, ઉસ્તાન, કેહ્રપ, ઉરવાન, બઓ-દંધ, ફ્રવષી (જુઓ યજશ્ને, હા. ૫૪) તરીકે ઓળખાયલા છે તે-માંના પહેલા છ ભાગોને તરીકતથી આગલ વધારી ઉરવાનને બુલં-દીએ પહોચાડવાનું છે. આ કારણને લીધે "તેવીષી" યાને માન-વીમાં ઇચ્છા વાસનાઓનું જે સુક્ષ્મ અણુદીઠ રહેઠાણ છે તે "તેવીષી" ને અતલફ એટલે શ્રેષ્ઠ બનાવવાની છે. આ "તેવીષી" બે રીતની હોઇ શકે છે: (૧) ગોસ્પંદી; (૨) ખ્રફ્સ્ત્રી. "ગોસ્પંદી તેવીષી" એટલેકે કોઇપણ રીતે કોઇપણ પેદાયશને નુકસાન નહી કરવાની પ્રેરણારૂપી ઇચ્છા વાસના, કે જે ઇચ્છા વાસના એક ગાય ગોસ્પંદની માફક પોતે હૈયાત રહી બીજાંને હૈયાત રાખવાની બુદ્ધિ ઉત્પન્ન કરે છે. "ખ્રફ્સ્ત્રી તેવીષી" એટલે કે એક "ખ્રફ્સ્ત્ર" યાને નુકસાનકારક હેવાન (Noxious animal) ના જેવી ઇચ્છા વાસના કે જે ઇચ્છા વાસના હરેક રીતે કોઇપણ પેદાયશને સ્પેનામીનોના કાયદાની વિરૂદ્ધ જઇ નુકસાન કરી એક વાઘ વરૂની માફક બીજાંને મારી નાંખી પોતે હૈયાત રહેવા માંગે છે. ઉરવાનની વૃદ્ધિ માટે હરેક બસ્તેકુસ્તીઆને પોતાની ખ્રફ્સ્ત્રી તેવીષીને તરીકતથી ગોસ્પંદી તેવીષીમાં ફેરવવાની છે.

યાને અંતઃકરણની શુદ્ધબુદ્ધ ખીલી શકે છે, અને આ એના ઇન્ફાલ તરીકે "અહૂ" યાને "અંતઃકરણનો સ્વભાવ" ઘણો સરસ રીતે ખીલી રહેશે, અને આવી રીતે "અહૂ" ખીલેલો હોવાથી કુદરતમાં જે સરોશનો નાદ ચાલી રહેલો છે તે નાદની સાથે બશારત મેળવતા હોઇએ તેમ એકતાન થઇ શકયે છીએ. આવી રીતે સરોશના નાદનો જે ધબકારો (stroke) લાયક રીતે ખીલેલાં અહૂને આવી મળે છે તેજ "હુમત" કહેવાય છે. બીજા શબ્દોમાં બોલ્યે તો દરેક જણ સાધારણ રીતે હાલમાં તરીકત નહીં પાળીને પોતાના ઉરવાનને એજાબમાં રાખીને આ ખરૂં અને પેલું ખોટુ એમ ફકત દુન્યવી અનુભવ યા બીજાં કોઇ તકલીદી જ્ઞાનરૂપી સાંધનથી ફકત માની લે છે તે "ભલો વિચાર" "હુમત"ના લોગતરૂપી અર્થ (technical sense) માં આવનો નથી, પણ કુદરતમાંજ જે કંઇ ખરૂં (What *is* in Nature)—અસરેરોશનીની બાજુવાળું-હસ્તીને માટેનું પડેલું છે—તેજ "હુમત" છે, અને તે ઉસુલ્યાતી વિચારના નાદ સાથે જે કોઇ પોતાનો "અહૂ" ખીલવીને એકતાન થાય છે તેજ શખ્સ "અનુમતેએ દએનયાઇ" યાને "હુમત" પ્રમાણે ચાલનાર કહેવાઇ શકાય. દરેક પેદાયશની "ખીશકારી" (function) પ્રમાણે તેના પોતાના હુમત, હૂખ્ત, હવર્શ્ત તદન જુદા જુદા મુકરર થયલા હોય છે. અહુરમજદના, દરેક જુદા જુદા અમશાસ્પંદોના, મીનોના, દએના,

ફરોગોના, યજદોના, માનવીના વીગેરે વીગેરેના આમ દરેકને માટેના "હુમત, હુખ્ત, હુવર્શ્ત" જે મરકજ ઉપર તેઓને પહોંચવાનું છે તે મરકજના દરજ્જા પ્રમાણે જુદા જુદા મુકરર થયલા છે. આ બાબદ પણ ઘણી ઉંડી ફીલસુફી તથા સાયન્સથી ભરપુર વખ્શુરે વખ્શુરાંન સાહેબે સમજાવેલી છે, પણ હયાં તો ફક્ત સુદરેહની કાટખુણાના આકારની બે તીરી જે "અહૂને" માટેના મીથ્ર સાએત રાખવામાં મદદ કરે છે તે "અહૂ" નો અર્થ ફક્ત ઉપર ટપકેથી સમજાવવાની કોશેશ કરી છે.

હયાં સુદરેહના નવ સાંધાઓને લગતી બાબદ ખતમ થાય છે. "આફાકે બુઝોર્ગ" યાને મોટી સ્રષ્ટી, બહારની દુન્યા (Macrocosm ; Outer Universe) માં જે કાંઇ સિદ્ધાંતો (Principles) કાર્ય કરે છે તે બધાઓને "આફાકે કુચક" યાને નાની દુન્યા (Microcosm) (માનવીનાં બંધારણને "આફાકે કુચક" કહેવામાં આવે છે) સાથનો સંબંધ વખ્શુરે વખ્શુરાન સાહેબે ઘણો બુલંદ રીતે સમજાવેલો છે. સુદરેહના નવ સાંધાઓ જરથોશ્તી દએનના કયા કયા બુલંદ કાયદાઓ સાથે સંબંધ ધરાવે છે તે જાણ્યા પછી સુદરેહના નવ સાંધાઓ કેવી સાયન્ટીફીક મતલબથી બનાવવામાં આવે છે તે આપણને સમજ પડે છે. વળી આફાકે બુઝોર્ગના નમુના ઉપરથીજ એક સુદરેહના નવ સાંધા બનાવવાનું ફરમાન છે એમ ધીમે ધીમે આપણને સમજ પડે છે. સુદરેહના બે આખા મોટા સાંધા "માજ-

પરની દએન" (Law of Infoldment) પ્રમાણે "નીસ્તી" રીને "જરથોશ્તી દએન" (Law of Unfoldment) માણે "હસ્તી" માં ઉરવાનને લઇ જવાની સૃષ્ટી રચનાની 'સુલ્યાતી નેમની ચાલુ યાદ આપણુને આપે છે. વળી ્રુદરેહુની બે બોંય ગાથામાં જણાવેલા જોડગા બે "મીનો"- સ્પેનામીનો" અને "ગના મીનો"—"અસરે રોશની" ને "અસરે તારીકી"—જુજ તથા જુફ્તને કાયદે કાર્ય રે છે તેની ચાલુ યાદ આપી સ્પેના મીનોનીજ બાજુએ હેવા માટે તેહેમ્તની સત્તા વાપરવા બાબે આપણુને ીખવે છે. ઉરવાન "હુસ્તી" તરફ જવા માટે પોતે ‑વાબદાર છે અને તેથી જરથોશ્તી દએનની તરીકતો માણે ચાલવાનો એકરાર કરીને તે નીચે ઉતરેલું છે એ ીના ઉપર "ગીરદો" આપણું ધ્યાન ખેચે છે. બધી ‑રથોશ્તી તરીકતો પાળી ખોરેહને શ્રેષ્ઠ બનાવવાનું છે ને ખાતર આપણી અંદર ખોરેહનું ચખ્ર પડેલું છે એમ મે દમ યાદ આપવા "ગેરેબાંન" પોતાની ખીશ્કારી બજાવે . વળી જેમ પેદા કરનાર અહુરમજદે મજદયસ્ની દએ- ના "હુમત—હુખ્ત—હુવર્શ્ત" પ્રમાણે તમામ સૃષ્ટી ચના કરી છે તેમ જરથોશ્તી દએનના હુવર્શ્ત—હુખ્તથી મહૂ ખીલવીને ખરેખરો હુમત પાળીને ઉરવાનને આગલ ધારવાને લાયકનું બનાવવાનું છે, એવા બુલંદ મીથ ્ાલુ રખાવવામાં સુદરેહુની કાટખુણુના આકારની બે તીરી મદદ કરે છે. આવી રીતે તરીકતથી ખોરેહને લાયક મરત-

બાનું બનાવ્યા પછી તથા "અહૂ" બરપા કર્યા પછી ઉરવાન આ ખનીરથ બામીનો સંબંધ હમેશનો છોડી દેઇ પોતાના "શરીફ" યા ખસીસ" દરજાની જુફતને પોતામાં મર્જ કરીને "મીસ્વાનહે-ગાતુએ અવલ" આગલ સેવટે ખએત્વદથ યાને પોતાવટપણું મેલવીને હસ્તી તરફ સેવટે કુચ કરવા માંડશે અને આ રીતે ઉરવાનની હયાં નીસ્તીમાં નીચે ઉતરવાની નેમ—કે જે નેમ હસ્તી તરફ ઉરવાનને લઇ જવાની છે—તે નેમ પાર પાડવામાં જે સૌથી છેલ્લો મરકજ (Transition Stage) "ખએત્વદથ" તરીકે ઓલખાયલો છે તે મહાન મરકજને લગતા મીથ્ર કાયમ રાખવામાં સુદરેહની સમાંતર તીરી પોતાની ખીશ્કારી બજાવે છે.

પ્રકરણ સોલમું.

૫. સુદરેહ પહેરનારનાં ગુંઠણ સુધીનો લાંબો કાંય હોવો જોઇએ?

આપણે ઇલ્મે ક્નૂમની મદદથી જરથોશ્તી દએનની કોઇબી બાબદ સમજતી વખતે હવે આટલું તો ધ્યાનમાં લેઇ શકયે છીએ કે ખાકી સ્થુળ જીસ્માની આલમની કોઇબી ચીજ કેમ અને કેવી રીતે વાપરવી તે સમજાવતી વખતે પણ વખ્શુરે વખ્શુરાંન સાહેબે ઉરવાનને લગતા કાયદાઓ ધ્યાનમાં રાખીને બધા "અકવાલો" અને માનવા લાયક આજ્ઞુરફરો આપેલા છે. હાલમાં આપણે પોશાક બનાવતી વખતે આપણી માની લીધેલી ખુબસુરતી, સુંદરતા, (smartness, beauty) વગેરેના ખ્યાલ કરયે છીએ, અને તે ઉપરાંત દુન્યાના બીજાં લોકોની આંખમાં મજેનો લાગશે કે નહીં તેનો ખાસ ખ્યાલ રાખ્યે છીએ. પણ તે પોશાક આપણાં શરીરને ફાયદો યા નુકસાનકરતા છે કે નહીં, અને તેથીબી વધુ અગત્યનું તે પોશાકની અસરથી આપણા ઉરવાનને કુદરતી કાયદાઓથી ફાયદા થાય છે કે નહીં તેનો વિચાર તો સ્વપ્નેબી કરતાં નથી. પણ સુદરેહને લગતી તાવીલ અત્યાર સુધી ધ્યાનમાં લીધા પછી વખ્શુરે વખ્શુરાંન સાહેબે સુદરેહનું પહેરણ ચોકસ પદાર્થનું, ચોકસ બનાવટનું, ચોકસ રંગનુ, અને ચોકસ આકારનું કુદરતના કયા મહાન કાયદાઓ પીછાણીને આપ્યું છે,—વખ્શુરે

વખ્શુરાન સાહેબ આ રીતે એક ઉસ્તાદ-સાયન્ટીસ્ટ Master-scientist—the scientist of scientists કાંય ગણાવાજ જોઇએ,—તેનો ખ્યાલ આપણને આવવા માંડે છે.

સુદરેહની લંબાઇની બાબદ "ચખ્રા" ની બાબદ સાથે સંબંધ રાખે છે, કે જે "ચખ્રા" ની બાબદ વિષે ગેરેબાંનની ખીશ્કારી સમજતી વખતે કાંઇક ઇશારો કરવામાં આવ્યો છે. આ બાબદ જે "ચખ્રા"* ને લગતી છે તે ઇલ્મે ક્ષનૂમનાં કેટલાંક સિદ્ધાંતો જાણ્યા વગર ધ્યાનમાં ઉતારવી શરૂઆતમાં ઘણી મુશ્કેલ થઇ પડે છે. વળી "ચખ્રા" ને લગતી બાબદ ખાસ એક જુદો વિષય થવા જાય છે, કારણકે ચાર સુક્ષ્મ અનાસરો, જે આતશ, બાદ, આબ તથા ખાકને નામે ઓળખાયલા છે, તે અનાસરો એક બે, ત્રણ અથવા ચાર દરજ્જામાં ખાલેસ યાને એકલા અથવાતો મુરક્કબ યાને સાથે મળીને (combined) કેવી રીતે ૧૬ "ચખ્રા" માં કાર્ય કરે છે તે બીના ઘણી લંબાણથી સમજાવવી પડે છે. વળી દરેક "ચખ્રા" ઉપર કયા કયા "સેયારા" યાને ગૃહો (planets) અને કયા કયા "બુરૂજ" યાને રાશી (constellations) ના પ્રવાહો ચાલુ આવે છે, તથા દરેક સૈયારા પોતે "ગર્મ–ઓ–તર, ગર્મ–ઓ–ખુશ્ક, સર્દ–ઓ–તર, સર્દ–ઓ–ખુશ્ક"—એવા પ્રકારની અસર કેટલા દરજ્જામાં ધરાવે છે, અને માનવીના ૧૬ "ચખ્રા"

---

* જુઓ ઇલ્મે ક્ષનૂમ સીરીઝ, નં૦ ૧, પાનું ૩૭.

ઉપર તે અસરોને કેવી રીતે લઇ આવે છે, એ બાબદ ખાસ સમજવાની જરૂર પડે છે. તેટલા માટે હાલમાં સુદરેહની ગુંઠણ સુધીની લંબાઇ કાંય હોવી જોઇએ તેનુંજ ખાસ કારણ ટુંકમાં સમજીશું.

તરીકતથી સીવેલો સુદરેહ ગળાંથી તે ગુંઠણ સુધીનો લાંબો હોવોજ જોઇએ, કારણકે સુદરેહની મારફતે ગળાં અને ગુંઠણ વચ્ચેનું ખાસ જોડાણ કરી આપવાનું છે. આવી રીતનું જોડાણ થવાથી, શરીરની અંદર કાર્ય કરતા "ગએથા" યાને અવયવો (internal organs) પોતાના મરકજ ઉપર રહી લાયક રીતે પોતાનું કાર્ય બજાવે છે. જે પ્રમાણે મેહેરના અહદઇરી–દખ્યુની મારેફતથી, હવાનાં આસ્પાસનાં દબાણથી આપણે જમીન ઉપર ઉભા રહી ફર-હર કરી શકયે છીએ તેજ પ્રમાણે ગળાં તથા ગુંઠણ ઉપરનાં "ચખ્રો" ઉપર કાર્ય કરતા પ્રવાહોની અસર સુદરેહની મારેફત મળ્યાથી ગએથાને પોતાનાં મરકજ ઉપર રાખી શકે છે. ગળાં ઉપરનું નવમું "ચખ્ર" શનીના સૈયારાનો પ્રવાહ (magnetic current) મેળવે છે. પગનાં ગુંઠણ ઉપરનું ચૌદમું "ચખ્ર" "બુરૂજે જડી" યાને મક્કર શશીનો પ્રવાહ મેળવે છે. "ઉસુલ ઉસુલ તરફ ખેંચાય છે" એ કાયદો કુદરતમાં અચુક રીતે કાર્ય કરે છે. આ કાયદાને આધારે આફાકે બુજોર્ગમાં "બુરૂજે જડી" નો સાહેબ શની હોવાને લીધે આફાકે કુચકમાં ગળાં ઉપરનાં શનીનાં નવમાં ચખ્ર ઉપરનો કાર્ય કરતો પ્રવાહ ગુંઠણ ઉપરનાં

ચોદમાં ચખ્ર તરફ ખેંચાય છે. બીજા શબ્દોમાં બોલ્યે તો શનીનાં નવમાં ચખ્રનો પ્રવાહ ગએથા ઉપરથી થઇને ઘણુમાં ઘણો ગુંઠણ સુધી લંબાય છે. જે પ્રમાણે એક જરથોશ્તીને સફેદ રૂનાં કપડાંની ટોપી પહેરવાનું ફરમાન છે અને જે પ્રમાણે ક્રીયા કરતી વખતે ખાસ કરીને મોહડાં ઉપર પદાન બાંધવાને હોકમ છે તેજ પ્રમાણે ગળાંથી તે ગુંઠણ સુધીનો લાંબો સુદરેહ પહેરવાનો હોકમ છે. **એક જરથોશ્તીએ ચાલુ જીંદગીની દરેક પળે "ક્ષ્નઑથ્ર અહુરહે મઝ્દાઓ" યાને અહુરમઝ્દને ખુશાલ કરવાનો નીયમ પાળવાનો છે.** "અહુરમજદને ખુશાલ કરવો" એટલે જે ક્રીયા અહુરમજદ ચાલુ માંગે છે તેવોજ "કરીનો" યાને રહેણી કરણી દરેક જરથોશ્તીએ કરવો જોઇએ. સ્પેના મીનોને મદદ કરવી "ફ્રદથાઇ વીસ્પનાંમ સ્પેન્તહે મઇન્યુશ દામનાંમ અષઓનાંમ"*—અને ગના મીનોને તોડવો "તરોઇદીતે અંઘ્રહે મઇન્યુશ,"—આ મહાન નિયમો પ્રમાણે દરેક જરથોશ્તીએ હમેદમ જીંદગી ગુજારવી જોઇએ. આપણે અત્યાર આગમચ સમજી ગયાં છીએ કે વખ્શુરે વખ્શુરાંન સાહેબે જણાવેલું છે કે બે જોડયા મીનો સૃષ્ટી–રચનામાં કાર્ય કરે છે,† યાને કે કુદરત-

---

* જુઓ હોરમજદ યશ્ત, હોશબાંમ તથા યજશ્ને હા.

† જુઓ ગાથા હા ૩૦; ૩—

"અત્ તા મઇન્યૂ પોઉરૂયે
યા યેમા ખ્વફેના અસ્રવાતેમ."

માં બેપણું ચાલુજ રહેલું છે; એટલે કે આ ખનીરથ બામીનો સરશોકજ એવો છે કે જીંદગીનાં દરેક કાર્ય વખતે સાધારણ રીતે "અસરે તારીકી" કુદરતી કાયદે ઉત્પન્ન થાય છે, પણ આ "અસરે તારીકી" ને "અસરે રોશની" માં ફેરવી નાંખવી યાને કે દરેક જરથો-

---

"તે બે મીનો જેઓ જોડીઆ (છે તેઓએ) પહેલ્લા પોત પોતામાં વાત કીધી."

વળી જુઓ ગાથા હા ૩૯; ૪—

"અન્ચા હયન્ તા હેમ્ મઇન્યૂ
જસએતેમ્ પઓઉર્વીમ્, હજદે
ગએમ્ચા અજયાઈતીમ્ચા, યથચા
અંઘહન્ અપેમેમ્ અંઘહુશ
અચિશ્તો દ્રેગ્વતાંમ અન્
અષાઉને વહિશ્તેમ્ મનો."

"જ્યારે તે બે મીનો પહેલ્લા સાથે મલ્યા ત્યારે જીંદગી અને નાશ પેદા કીધાં અને એજ પ્રમાણે હૈયાતીની સૌથી છેલ્લી હાલત સુધી ચાલ્યા કરશે. બુરાઓમાં ઘણોજ બદ મનશાનીવાલો (ગનામીનો છે); સૌથી સારી મનશાનીવાલો (સ્પેનામીનો છે.)"

વળી જુઓ સરોશ યશ્ત, ક૦ ૭—

યો નોઇત પસ્ચએત હુશખફ્,
યત મઇન્યૂ દામાન દઇદીતેમ, યસ્ચ
સ્પેન્તો મઈન્યુશ યસ્ચ અંગ્રો."

"જે (યાને સરોશ યજદ) જ્યારથી બે મીનો જે સ્પેનામીનો તથા જે અગ્રેમીનો (એઓએ) તમામ પેદાએશોને બનાવી ત્યારથી ખુશ ઉંઘાતો નથી."

શ્તી આજીુરફ્રર અને તરીકત મુજબ જીંદગી ગુજારવી આ જરથોશ્તી દએન યાને અહુરમજ્દી કાયદાનો મુળ સીદ્ધાંત છે.

આ મહાન નિયમને આધારે ગળાંથી તે ગુંઠણ સુધી નો લાંબો સુદરેહ પહેરવાનું ફરમાન આપણને આપવામાં આવ્યું છે. શરીરમાંથી જે "હઇર" અને "તાકુન" નીકલે છે તેને શમ્સના શ્વા ખેંચે છે, પણ આપણે રૂનાં કપડાંનો સરશોક જાણી ચુકયાં છીએ અને તે એ કે શમ્સના શ્વા રૂનાં કપડાંની અંદરથી ભાંગી જઇને (refract) આવજા કરે છે. આપણા "ગએથા" માંથી જે "હઇર" બહાર નીકલે છે તે હઇરનો પ્રવાહ, શનીનાં નવમાં ચખ્રનો પ્રવાહ જે ગુંઠણ સુધી પોતાની અસર ધરાવે છે, તે પ્રવાહનાં કાર્યમાં હરકત નહી કરે તેને ખાતર સુદરેહ ગળાંથી તે ગુંઠણ સુધી પહેરવામાં આવે છે. જે પ્રમાણે, "દેમાગ" યાને ભેજાંમાંથી બાલ મારફ્તે નીકલતો "હઇર" નો પ્રવાહ જો માથું ઉઘાડું હોય તો શમ્સના શ્વા સીધા દાખલ થવાથી બહાર જોસબંધ નીકલે છે અને વાતાવરણ સાથે ઘસારો થવાથી એક જાતની ખોરેહને નુકસાન કરનારી ખાસ્તર ઉત્પન્ન થાય છે, પણ જો માથાં ઉપર રૂનાં કપડાંની ટોપી અથવા સફેદ પાઘડી હોય તો શમ્સના શ્વા આડકતરી રીતે દાખલ થયાથી "દેમાગ" નાં "હઇર" નો જોસ ધીમો પડી જઇ આસ્તે આસ્તે બહાર આવે છે અને માથાં ઉપરનાં આવાં ઢાંકણને લીધે ખોરેહને અલવલ આવી શકતી નથી;—વળી જે પ્રમાણે એક મોબેદ

ભણતી વખતે મોહડાંમાંથી "ઇમ્લો" યાને ઉચ્ચાર કરતી વખતે પોતાના દમમાંનું "હુઇર" છુટી છવાઇ લબ સાથે બહાર કાઢે છે અને તેથી ક્રીયા કામ માટેના લાયક દરજાનાં ખોરેહને નુકસાન થવાનો સંભવ રહે છે, પણ જો મોહડાં ઉપર "પઇતી–દાન" યાને પદાંન મજેહનું પોહોળું અને માફક-સરનું લાંબું પહેરવામાં આવે તો પદાંનની અંદરથી સુર-જના શ્વા ભાંગીને દાખલ થવાને લીધે પેલું "હુઇર" નીર્મુલ થઇ જાય છે, અને ઉશ્તાન તેની ઉપર ગાલેબ આવી હુઇરમાંની "હુરીરી" ને જમીન તરફ ફેંકી દે છે,— તેજ પ્રમાણે ગળાંથી તે ગુંઠણ સુધીનો લાંબો સુદરેહ ગએ-થામાંથી નીકળતા હુઇરના પ્રવાહને ધીમે ધીમે બહાર કાઢી શનીનો પ્રવાહ જે પોતાના સરશોક મુજબ આતશ+ખાકની અસર–લાવવાની ખીશ્કારી બજાવે છે તે પ્રવાહને અલવલ પોહોંચવા દેતો નથી. જીંદગી દરમ્યાન જ્યાં સુધી ઉશ્તાન ચાલુ છે ત્યાં સુધી આવી રીતે ધીમેથી બદનમાંથી નીકલતા હુઇરના પ્રવાહની ઉપર ઉશ્તાન ગાલેબ આવી તેમાંની હુરીરીને જમીન તરફ ફેંકી દે છે અને જમીન તે હુરીરી (bacteria) ને પોતાની અંદર ખાતર તરીકે ખેંચી લે છે. પણ મરણ બાદ ઉશ્તાન શરીરથી છુટું પડવાથી ત્રણ દીવસ સુધી જ્યાં સુધી બાકી શરીરના અના-સર આ દુન્યામાં રહે છે અને ચેહારમની બામદાદે દહમ યજદના આફ્રીનગાનની મારફતે તે અનાસરોને દહમ યજ-દના હવાલામાં સોંપવામાં આવે છે ત્યાં સુધી ઉશ્તાન કાર્ય

નહી કરી શકતું હોવાને લીધે એવેસ્થ્રેમ ગેહમાં સરોશના કરદાનું આફ્રીનગાન ત્રણ રાત સુધી કરવામાં આવે છે જેથી કોઇપણ પ્રકારની અણદીઠ નુકસાનકારક દરૂજી શક્તિ તે અનાસરોને હાની પોંહચાડે નહીં. આ પ્રમાણે આપણે જોઇએ છીએ કે જે ખીશ્કારી મરણ બાદ સરોશ યશ્તના "યો વનનો કયદહે" ના સાતમા કરદા સાથનું આફ્રીનગાન બજાવે છે યાને કોઇપણ પ્રકારનું "ગાશીકપણું" યાને "અનાસરોને કુદરતી હુઇને કાયદે પોહોંચતું નુકસાન" થતું અટકાવે છે તેજ ખીશ્કારી જીંદગી દરમ્યાન આપણું ઉશ્તાન બજાવે છે. પણ ઉશ્તાનની આ ખીશ્કારીને મદદ કરવાની જરથોશ્તી તરીકે આપણી ફરજ છે. હુઇરને ચોકસ દરજજામાં નબળું બનાવવામાં આવે તોજ ઉશ્તાન પોતાના દરજજા પ્રમાણે તે હુઇરની ઉપર ગાલેબ આવી શકે છે. ઉશ્તાનની આ ખીશ્કારી વૃદ્ધિના કાયદાને મદદ કરનારી—સ્પેના મીનોને ચાલુ મદદ કરનારી, હોરમજદને ખુશાલ કરનારી—ગનામીનોને તોડનારી—ટુંકમાં "અસરે તારીકી" ને "અસરે રોશની" માં ફેરવી નાંખનારી—હોવાને લીધે દરેક જરથોશ્તીએ આ ખીશ્કારીમાં જુફતને કાયદે મદદ કરવી જોઇએ, અને કુદરતના આ કાયદાને મદદ કરવાને ખાતરજ વખ્શુરે વખ્શુરાંન સાહેબે માથાં ઉપર સફેદ ટોપી રાખવાનું, માંથ્ર ઉચ્ચારતી વખતે મોહડાં ઉપર પદાંન રાખવાનું, અને ગળાંથી તે ગુંઠણ સુધીનો લાંબો સુદરેહ રાખવાનું કુદરતી કાયદાનુસાર ફરમાન આપ્યું છે,

કે જે ફ્રરમાન મુજબ ચાલવાથી એક જરથોશ્તી હુઇરને તોડવાની ઉશ્તાનની ખીશ્કારીમાં મદદ કરી "અસરે તારીકી" ને "અસરે રોશની" માં ફેરવી ગનામીનો સાથની લડાઇમાં ફ્રત્તેહમંદ ઉતરી ખનીરથ બામી ઉપર અવતરવાની નેમ જે "ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ" હોરમજદને ખુશાલ કરવાની—"ફ્રદથાઇ અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘહતો" રયોમંદ અને ખોરેહુમંદ હોરમજદની પેદાયશને આગલ વધારવાની—બુલંદ નેમ પાર પાડી, "વીદએવો અહુરહે દકએષો" દેવથી જુદો પણ હોરમજદી તરીકાનો થઇ, ઉરવાનની વૃદ્ધિમા આગલ વધે છે.

---

* જુઓ હોરમજદ યશ્ત, હોશબાંમ તથા યજશ્ને, હા ૨૭.—

* ઉપર પાને ૧૦૯ મે પણ હા ૨૭ વાચવો.

પ્રકરણ સતરમું.

૧. સુદરેહ નીચેથી આખી ગોળાઇ સાથનો (completely circular) કાંય હોવો જોઇએ?

નીસ્તીમાંથી હસ્તીમાં ઉરવાનને જવાનુંજ છે એવા મીથ્ર કાયમ રખાવનાર— સુદરેહની ગોળાઇ.

આપણે આગળ જોઇ ગયાં છીએ કે સુદરેહના બે પડદા "હસ્તી" તથા "નીસ્તી" ના મીથ્ર સાબેત રાખવામાં મદદ કરે છે. આગલો પરદો જે "નીસ્તી" ની યાદ આપે છે તેની ઉપરજ ઉરવાનને આગલ વધારવાના જરથોશ્તી દએનમાં સમજાવેલાં મરકજો નવ સાંધા તરીકે આપ્યા છે, કારણ કે નીસ્તીને આપણે ચોકસ દરજાજામાં પીછાણી શકયે છીએ, અને ઉરવાન નીસ્તીમાં ઉતરેલુ છે તેજ વખતે બધી તરીકતો તેને પાળવાની જરૂર છે, તેજ પ્રમાણે સુદરેહનો આગલો પડદો જે આપણે જોઇ શકયે છીએ તેની ઉપરજ બધા નવ સાંધાઓ રૂપે તરીકતો પાળવાના મીથ્ર સાબેત રાખવા માટેનું સાંધન કરવામાં આવ્યું છે. પાછલો પડદો "હસ્તી" ની યાદ આપે છે, અને ઉરવાન બેજાણમાં હોવાથી "હસ્તા" વીષે તેને હાલમાં કંઇપણ ભાન નથી, તેજ મુજબ પાછળો પડદો જે ખાલેસ યાને સાંધા વગરનો છે, તે પડદાને આપણે જોઇ શકતા નથી,

પણ જેમ આપણા ઉરવાનનો સરશોક હસ્તી તરફ જવાનો હોવાથીજ આપણને લાગે છે કે કોઇ મહાન ચીજની શોધમાં ઉરવાન છે, તેને હસ્તી તરફ જવાનું છેજ, તેજ પ્રમાણે આપણનેબી લાગે છે કે પાછલો પડદો તો છે જોકે આપણે સાધારણ રીતે તેને જોઇ શકતા નથી. આ બેઉ પડદા હસ્તી તથા નીસ્તીની યાદ આપે છે, અને હસ્તી તથા નીસ્તી એકમેકની સાથે જોડાયલાં હોવાથી સુદરેહને નીચેથી આખો ગોળ રાખ્યાથી હસ્તીમાંથી નીસ્તી થયલી છે અને નીસ્તીમાંથી પાછું હસ્તીમાં જવાનું છે એવા મીથ્ર ફેંકવામાં મદદ મલે છે. તેટલા માટે એક શર્ટ યા ખમીસની માફક બે બાજુએ નીચે કાપ રાખવાને બદલે સુદરેહને તો આખો તમામ ગોળ (completely circular) નીચેથી બનાવવાનો ખાસ હોકમ છે.

"કુવતે મુસવ્વરીઆ" યાને આકાર આપનારી શક્તિથી કુદરતમાં ગોઠવાતા દરેક આકારો. "માજદયસ્ની દએન" અને "જરથોશ્તી દએન" નો તાલુકો બતાવનાર— સુદરેહની આખી ગોળાઇ.

કુદરતમાં "કુવતે મુસવ્વરીઆ" યાને આકાર આપનારી જે શકિત કર્ય કરે છે તે શકિતને આધારે "મીનોરામ" ની દેખરેખ હેઠળ તમામ આકૃતીઓ ઉત્પન્ન થાય છે "સુવ્વરી" યાને આકૃતીનો બાબ જરથોશ્તી દએનમાં ઘણો

અગત્યનો ભાગ બજાવે છે. મીથ્રનો આખો "ચમન" યાને બાગ આ આકૃતીના કાયદાઓ સાથે ઘણો સંબંધ ધરાવે છે. જે પ્રમાણે "ઇલ્મે અયદાદ" (Science of Numbers) ની અંદર દરેક જુદા જુદા "અદદ" યાને સંખ્યા તમામ સૃષ્ટી રચનાની મહાન પેદાયશને "દખ્શત" યાને નીશાન તરીકે ઓળખાવી આપે છે તે પ્રમાણે દરેક આકૃતી તેજ મહાન પેદાયશો સાથનો અર્થસુચક સંબંધ દર્શાવે છે. ખુદ-રેહની આખી ગોળાઇ "માજદયસ્ની 'દએન' અને "જર-થોશ્તી દએન કેવી એકમેક સાથે વીંટળાયલી છે, અને "માજદયસ્ની દએન"ની સાથે સાથેજ "જરથોશ્તી દએન" કેવી રીતે ચાલે છે અને આ બેઉ "દએન" ની મારેફતથી ઉરવાન નીસ્તી તથા હસ્તી દરમ્યાન પોતાને કેવી રીતે આગલ વધારે છે તે બાબેનો ઘણોજ સુંદર પણ સમજ-વામાં અતી બીકટ કાયદો શીખવે છે. વળી સુદરેહ આપણા ઉરવાનને માટે એક કૂરતા કોટ મીસાલ ઉરવાનને દરૂજીથી બચાવવા માટેની ઢાલ છે, ઇલ્મે ક્નૂમની જબાંનમા તે એક "નાફે બબ્ર" * યાને "ઢાલનું મરકજ"

---

* "નાફે બબ્ર" માટે અવસ્તામા જુદે જુદે ઠેકાણે નીચલા શબ્દો મલી આવે છેઃ—

જુઓ આવાં ન્યાએશ, આ હાતાસ્ચનો હા, અથવા યજશ્ને હા ૬૫, ફ. ૬-૧૪——

"ઇમત બેરેજ઼ અહુર ક્ષથ્રય અપાંમ નપો અઉર્વંત-અસ્પ."

તથા જુઓ આવાં યશ્ત, ક૦ ૩૦——

"બવઇનિ વસ્ત્રાઓ વંઘહત અરેદ્વી સૂર અનાહિત, ધ્રિસ-તનામ બવ્રનાંમ ચતુરે-જીજનતામ યત અસ્તિ બવ્રિશ સ્રએશ્ત યથ યત અસ્તિ ગઓનોતેમ. બવ્રિશ બવઇતિ ઉપાપો.

The Butt of a Shield છે—એમ હર પળે યાદ રાખવાને માટે સુદરેહને નીચેથી તમામ ગોળ બનાવવાનું ફરમાન છે. વખ્શુરે વખ્શુરાન સાહેબે જરથોસ્તી ''હએન'' ના સુદરેહ કુસ્તી જેવા બુલંદ આલાત આપતી વખતે કુદરતના ગુહ્ય બારીક કાયદાઓ કેવી બારીકીથી પીછાણ્યા હતા તે વિશે ઇલ્મે ક્ષ્નૂમની મારેફતથી જાણ્યાથી જરથોસ્તી હએન "હએન વેરેજીશ્ત" યાને સઉથી બુલંદ હએન'' તરીકે ઓળખવામાં આપણે ખાકસારીથી ખુશાલ રહીશું.



પ્રકરણ અઢારમું.

૭. સુદરેહ નીચેથી તમામ મોહરી સીવેલો (rim sewn) કાં હોવો જોઇએ?

કુદરતમાં "મીનો રામ" નાં કાર્યની યાદ આપનાર—સુદરેહની સીવેલી મોહરી.

જરથોશ્તી દએનનો કુદરતની કરકસર (Economy of Nature) નો કાયદો બતાવી "ઇશરાફ" યાને બગાડ (waste) નહી કરવાનો કાયદો શીખવનાર—સુદરેહની મોહરી

"રામનો ખાસ્ત્રહે" ના સ્તોત માટેના મીથ્ર કાયમ રખાવનાર— સુદરેહની મોહરી.

સુદરેહની "સાજશ્ની" યાને બનાવટને લગતી જે સાત ચીજો આપણને સમજવાની હતી તેમાંની છેલ્લી ચીજ ઉપર હવે આપણું ધ્યાન રોકીશું. અત્યાર આગમજ આપણે સમજી ગયા છીએ કે સુદરેહની બનાવટની દરેક ચીજ કુદરતી ઉસુલ્યાતી કાયદાઓ સાથે સંબંધ રાખી કાંઇ અને કાંઇ મહાન કાર્યસાધક મતલબ ધરાવે છે, કે જે કાયદાઓ સાધારણ રીતે આપણી જાણમાં હોઇ શકતા નથી. પણ ઉરવાનને અગળ વધારવા માટેના આ મહાન કાયદાઓની દરરોજની જીંદગીમાં ચાલુ યાદ આપવાને

ખાતર ઘણુંએક બુલંદ "આલાતો" માં એક કીલ્લા માફક બચાવનારૂં અતી અગત્યનું આલાત યાને સુદરેહ વખ્શુરે વખ્શુરાન સાહેબે આપ્યું છે, કે જેથી કરીને એક બસ્તે કુસ્તીઆન દરરોજની જીંદગીમાં તમામ આજુરફરો મુજબ જીંદગી ગુજારી પોતાના ઉરવાનને આગળ વધારી શકે.

એવીજ રીતે, ત્યારે, તરીકત મુજબના સુદરેહની મોહરી મજેહની સીવવાની તથા ગળાં આગલનો આખો ભાગ ઓટવાની જરૂર છે. એક નવો બનાવેલો સુદરેહ ફાટી નહીં જાય તેવી કાળજી રાખવાની જરૂર છે, અને આ કાળજી રાખવાને માટે સુદરેહની મોહરી બનાવવામાં આવે છે. જો સુદરેહની મોહરી સીવ્યા વગર એમનો એમ રાખવામાં આવે તો નીચેના ભાગ આગલથી ફાટી જવાનો ઘણો સંભવ રહે છે, અને મોહરી નહીં બનાવવાને લીધે જો જરાક પણ ફાટી જાય તો ફાટેલા ભાગને સીવવો પડે. આવી રીતે ફાટેલા ભાગને સીવ્યાથી સુદરેહ ઉપર નવ અસલ સાંધાથી વધારે સંખ્યા થઇ જાય, અને નવથી વધારે સાંધાનો સુદરેહ તરીકત મુજબ નારવા હોવાથી તે રદ કરવો પડે.

પણ કોઇબી ચીજને નજીવાં કારણને લીધે રદ કરી "ઇશરાફ" યાને ખોટો બગાડ (waste) કરયાથી કુદરતની પેદાયશ સાથે મોટો કેશાશ* ઉભો થાય છે. તે કેશાશ અટ-

---

* એ શબ્દના ખુલાસા બાબે જુઓ ઇલ્મેક્નૂમ સીરીઝ, નં० ૧ લું, ૨૪ થી ૩૩.

ડાવવાને વાસ્તે હરેક ચીજનો ઘટતે વખતે ઘટતી જગ્યાએ લાયક ઉપયોગ કરવાનું ફરમાન પેગામ્બર સાહેબે આપ્યું છે. એક બસ્તે કુસ્તીઆનના ગુજરવા પછી તેનો સચકાર કરતી વખતે જેમ બને તેમ જુનાં ફાટાં તુટાં પણ ધોત્તાં, સફેદ સુતરાઉ કપડાં વાપરવાનો હોકમ છે, તથા નસેસાલાર ખાંધ્યાઓને પણ ધોત્તાં જુનાં વપરાયલાં કપડાં આપવાનો હોકમ છે, તે પણ આ "ઇશરાફ" થી ઉત્પન્ન થતા "કેશાશ" ને અટકાવવાને ખાતરજ આપવામાં આવ્યા છે આ પ્રમાણે ત્યારે સુદરેહની મોહુરી બનાવ્યાથી ફકત સુદરેહ રદ થવાનો સંભવ રહેતો નથી એટલુંજ નહી, પણ હરેક બાબદમાં પાણી, હવા, જાનદાર પેદાયશ, આતશ, ધાતુઓ, અનાજ, ખોરાક વગેરે વગેરેનો કોઇ પણ રીતનો બગાડ (waste) નહીં કરવાના જરથોશ્તી કાયદા ઉપર મીથ્ર સાબેત રાખવામાં મદદ થાય છે. કુદરતમાં જે રીતે હસ્તીની આલમમાં અર્દીબેહેસ્ત અમશાસ્પંદ બધી રીતની વ્યવસ્થા (Order Divine) ચલાવે છે, અને જે રીતે નીચલી આલમોમાં અનાસરોને બરાબર વાજબી રીતે આકૃતીઓમાં ગોઠવવાની ખીશ્કારી મીનો રામ બજાવે છે, તેજ પ્રમાણે આ ખનીરથ બામીની ઉપર એક બસ્તે કુસ્તેઆને પણ અર્દીબેહેસ્ત અમશાસ્પંદ તથા મીનો રામની ખીશ્કારીમાં હમશરીક થવાને માટે,—તેઓની સાથે "યજમઇદે" યાને એકસાંન થવાને માટે,—કુદરતની હરેક પેદાયશને માટે પોતાના ખુદાના શુક્ર કરી તે પેદાયશને વાજબી રીતે ઉપયો-

અમાં લેઇ, કુદરતનો કરકસર અને વ્યવસ્થાનો કાયદો (Law of Economy of Nature) બરાબર અમલમાં મુકીને એક મોટો કેશાશ અટકાવીને પોતાના ઉરવાનની નાજી કરવાની છે એવા મીથ્રની ચાલુ યાદ સુદરેહની મોહુરી આપે છે.

પ્રકરણ ઓગણીસમું.

મીનો રામની ખીશ્કારી:

"થ્વોરેશ્તાર" યાને ઘાટ ઘડનારૂ તે કોણ?

આ મીનો રામનું કાર્ય ઘણુંજ બુલંદ હોવાથી સેહેજ ખુલાસો કરવાની જરૂર છે. એક પાતરૂં ઝાડ ઉપર ઉગતી વખતે તેની કીનારી કુદરતી કાયદે બને છે તથા કોઇને જખમ લાગ્યો હોય તેની ઉપર કુદરતી રીતે રૂઝ આવે છે તે કાર્ય મીનો રામની મારેફતથી થાય છે. "વયુ" યાને વાતાવરણની ચોકસ અસ્પંદી સુધીમાં પાતરાંને ફાટી જતું અટકાવવાનું કાર્ય મીનો રામ બજાવે છે. કોઇ પણ ચીજને પોતાના અનાસરોમાં વીખરાઇ જતી અટકાવવાનું તથા કોઇ પણ ચીજનો પાછો અસલ આકાર લાવી આપવાનું કાર્ય મીનો રામ કરે છે. એટલુંજ નહી પણ ખુદ અનાસરોને ખનીરથ બામી ઉપર આવતી વખતે જાતજાતના આકારોમાં ગોઠવવાનું મહાન કાર્ય મીનો રામ બજાવે છે. મીનો રામની આ મહાન ખીશ્કારીને લીધેજ સરોશ યશ્ત વડી*ની અંદર સરોશ યજદ પોતે પણ મીનો અનેરાનની સાથે મીનો રામની ચાલુ મારેફત લેતા હોવાથી મીનો રામની ખાસ ઇજશને કરે છે યાને એક તાન થાય છે.

---

* જુઓ સરોશ યશ્ત વડી કરદો ૧.—

"યજત પાયુ થ્વોરેશ્તાર" યાને "રક્ષણ કરનાર (મીનો અનેરાન) તથા ઘાટ ઘડનાર (મીનો રામ) એ બેઉની સાથે અશો સરોશ યજદ "યજ" યાને એકતાન થયા."

વળી સૃષ્ટિ રચનાનો કારોબાર ચાલુ નીયમીત રાખવા માટે જે અણુદીઠ મ્હાન યજદી શક્તિઓ ચાલુ કાર્ય કરી દરેકે દરેક પેદાયશને ચાલુ પોષણ આપનારા તથા બીજી બીજી અનેક ક્રીયા કરનારા મીનોઇ પ્રવાહોની ઉપર દેખરેખ રાખી પોતાની ખીશ્કારી બજાવે છે, તે યજદી શક્તિઓ તથા પ્રવાહોને મોટી હુપતન યશ્ત* માં યાદ કરવામાં આવ્યાં છે, ત્યાં મીનો રામની પણ ખાસ આરાધના કરવામાં આવી છે. કારણ કે મીનો રામ આકૃતિ આપવાની તથા ઘાટ ઘડવાની બુલંદ ખીશ્કારી બજાવે છે.

"રામનો ખાશ્નહે" વાળા બુલંદ અવસ્તાના કલામો.

સુદરેહની મોહરી આવા એક "મીનો" સાથનું આપણું જોડાણ કરવા માટેના મીથ્ર કાયમ રાખવામાં મદદ કરે છે. મીનો રામની "ખાસ્તર" યાને વીજળીક પ્રવાહ (electro magnetic-force) કોઇબી પેદાયશના અનાસરોને ચોક્કસ આકારમાં પકડી રાખવામાં, તથા મજેહનો અસલ આકાર લાવી આપવામાં, અને કંઇબી ખભરાયલી ચીજને પાછી અસલ હાલત ઉપર લાવી આપવામાં, ઘણીજ

---

* જુઓ મોટી હપતન યશ્ત કરદો ૮

"પાયુચા શ્ત્રોરેશ્તારા યજમઇદે" યાને "રક્ષણ કરનાર (મીનો અનેરાન) તથા ઘાટ ઘડનાર (મીનો રામ) ની સાથે હમે એકતાન થઇએ છીએ."

કાર્યસાધક રીતે કામ કરતી હોવાથી સુદરેહની ગોળ કીનારી સાથની મોહરી સીવવામાં આવે છે, કે જે મોહરી મીનો રામની તમામ ખીશ્કારીમાં હમશરીક થવા માટેના મીથ્રમાં આપણુને મજબુતી આપે છે. મીનો રાંમની "ખાસ્તર" આવું બુલંદ કાર્ય બજાવતી હોવાને લીધે, તેને લગતા અવસ્તાના સ્તોત પણુ તેવીજ ખીશ્કારીને લગતી બુલંદ અસર ધરાવે છે, અને તેટલા માટેજ આપણે "જસમે અવંઘહે મજદ, અમહે હુતાશ્તહે" ની અંદર "રામનો ખાસ્રહે" ના સ્તોત ભણ્યે છીએ. પણુ આ સ્તોત ગેહસારણું ભણુતી વખતે ભણુવામાં આવતા નથી, કારણુ કે "રામનો ખાસ્રહે" ના સ્તોતની અસર અનાસરો પકડી રાખી અસલ હાલતમાં– "અસરે રોશની" ની હાલતમાં—રાખી મુકવાની છે. હવે ગેહસારણું જે ગુજર પામેલાં ઉરવાનના શરીર આગળ ભણુવામાં આવે છે, તે ગેહસારણુાના સ્તોતની ઘણીએક બુલંદ અસરોમાંની એક અસરથી "સ્તોત" યાને અવસ્તાના કલામના ઉચ્ચારવાથી ઉત્પન્ન થતા રંગો (colours produced by sound vibrations) ની મારફતે તે મરણુ પામેલાં ખાકી શરીરના અનાસરોને છુટાં પડી જવામાં ઘણીજ સરસ રીતે મદદ મળે છે. તેટલા માટે આખું ગેહસારણું ભણી રહયા પછી સેવટે "જસમે અવંઘહે મજદ"ના કલામ ભણુતી વખતે "રામનો ખાસ્રહે વયઓશ ઉપરો કઇરયહે તરદાતો અન્યાઇશ દામાન અએતત તે વયો યત તે અસ્તી સ્પેન્તો મઇન્યઓમ"–આ કલામોના

સ્તોત ભણુવામાં આવતા નથી, કારણકે ગેહસારણાની મતલબ તો તે મુરદાલ શરીરના અનાસરોને છુટા પડવામાં મદદ કરવાની હોય છે, જ્યારે "રામનો ખાસ્ત્રહે" વાળા સ્તોત અનાસરોને છુટા પડતા અટકાવવાની અસર ધરાવે છે. ચોકસ મરતબાના અવસ્તાના ચોકસ કલામો કયે વખતે,—કેઇ જગ્યાએ તથા કયા પ્રસંગ ઉપર ભણુવા જોઇએ તેના મ્હાન કાયદા વખશુરે વખશુરાન સાહેબે સમજાવેલા છે, અને આ કાયદાઓને આધારે ગેહસારણા વખતે "રામનો ખાસ્ત્રહે" ના કલામો કેઇ મહાન મતલબથી ભણુવામાં આવતા નથી તે આપણે ઇલ્મે ક્ષ્નૂમની મારફતે સમજી શકયે છીએ. જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમ કેવી સાયન્તીફીક રીતે જરથોશ્તી ધર્મની દરેક તરીકત તથા ક્રીયાકામો અને ભણુતરો બાબેની સમજણ આપી જરથોશ્તી દએન પોતે કુદરતના તમામ કાયદાઓનો એક જમીલો (Nature's Law-Book) જ

---

* એક બસ્તેકુસ્તીઆનના ગુજર પામ્યા પછી ત્રણ દીવસ સુધીના તે ઉરવાનને લગતા કોઇબી ભણુતરમાં, દાખલા તરીકે તે ઉરવાનની નૈયતે ભણાતી "પતેત" તથા દરેક ગેહની તે ઉરવાનને માટેની ફરજ્યાત બંદગીમાં "રામનો ખાસ્ત્રહે" ના આ સ્તોત ભણુવામાં આવતા નથી, તે પણ ઉપલી મહાન મતલબને આધારે છે, કારણ કે ચેહારૂમની બામદાદે ચેહારૂમના "દો દહમ" ના આફ્રીનગાનની મારફતે દહમ યજદના હવાલામાં તે ઉરવાનને જતાં ખાકી શરીરના અનાસરોને સોંપવામાં આવે ત્યાં સુધી અનાસરોને તેના "ઉસુલ" (Origin) તરફ જવાની ક્રીયા ચાલુ રહેલી હોયછે.

છે એમ આપણુને બતાવી આપી આપણી દીન તરફની જાનફેશાનીમાં ચાલુ વધારો કરી આપે છે, તે વીષે આપણુને સુદરેહની તાવીલમાં ચાલુ સમજવાનું મળ્યું છે. ફકત સુદરેહની મોહુરી જેવી બાબદ પણ ઇલ્મે ક્નૂમની મારફતે સમજ્યાથી આપણુને બુલંદીએ પહોંચવામાં મદદ કરે છે, કારણ કે આપણે જોયું છે તેમ આ સુદરેહની મોહરી મીનો રામ જેવી યજદી શક્તિની ખીશ્કારી સાથે હમશરીક થવા તથા કુદરતમાં દરેક પેદાયશને વાસ્તે વ્યવસ્થા અને કરકસર જાળવવાનો "અસરે રોશની" નો કાયદો અમલ કરવાની ચાલુ યાદ આપે છે, એટલુંજ નહી પણ વળી "રામનો ખાસ્રહે" ના સ્તોતની બુલંદ, ખુશાલી ભરેલી, રામશ્નીવાળી, અસર ઉપજાવવા માટે તે સ્તોત સાથે તેવાજ મીશ્ર કરવા માટે એક અગત્યના સાંધન તરીકે આ સુદરેહની મોહરી પોતાની ખીશ્કારી બજાવે છે.

સુદરેહની બનાવટને લગતી છેલ્લી બાબદ યાને મોહુરી કાંય બનાવવી જોઇએ તે બાબદની તાવીલ સમજવાની આપણે કોશેશ કરી છે, અને આવી બનાવટનો તરીકત મુજબનો સુદરેહ એક બસ્તેકુતીઆંનના "ખોરેહ" વગેરેના બાબમાં કાર્યસાધક પરીણામો ઉપજાવવામાં તેમજ ઉરવાનની નાજીને લગતાં દરેક બુલંદ મરકજો બાબેના મીશ્ર સાબેત રાખવામાં કેવો એજમતી આલાત થઇ પડે છે, અને જીંદગી દરમ્યાન ઉરવાનને બુલંદીએ પહોંચાડવામાં કેવી રીતે સુદરેહ મદદગાર થઇ પડે છે તે આ-

પણે સમજી શકયે છીએ. પણ ગુજરવા પછીની ઉરવાનની હાલતમાં બુલંદીએ પહોંચવામાં સુદરેહ પેહરનારને કંઇ મદદ મળે છે કે?—આ સવાલ કુદરતી રીતે સુદરેહની તાવીલમાં આવી જતો હોવાથી, તથા ઘણો અગત્યનો હોવાથી આપણે તે ઉપર સહેજ ધ્યાન રોકીશું.

પ્રકરણ વીસમું.

સુદરેહ પહેરવાથી એક બસ્તેકુસ્તીઆનને ગુજર પામવા બાદ મળતી મદદ.

સુદરેહ પહેરનારની "કેરદાર"ની થતી સુક્ષ્મતા–તેથી "પુલગુજ઼ાર" કરવામાં થતી સહેલાઇ.

અત્યાર સુધીમાં આપણું જરથોશ્તી બખ્તર યાને સુદરેહ એક ઉરવાનને આગલ વધવામાં જીંદગી દરમ્યાન ચાલુ કેવી સરસ રીતે કુદરતના કાયદાઓ પ્રમાણે મદદ કરે છે તે આપણે જોયું છે, અને આ ઉપરથી જરથોશ્તી દએનમાં ફરમાવેલી દરેકે દરેક આજીરફર અને તરીકતો વખ્શુરે વખ્શુરાન સાહેબે પોતાની "આસ્ને વીર" ની શક્તિથી કુદરતના દરેક કાયદાઓને બારીકીથી ધ્યાનમાં લઇને આપેલી છે, એમ અંતઃકરણથી માનવું પડે છે. શરૂઆતની અંદર ધર્મની બાબદો પાળવા માટે પેગામ્બર સાહેબના અકવાલ ઉપર રહેવું પડે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો જયાં સુધી ઉરવાન ચોકસ દરજાામાં આગલ વધ્યું નહી હોય અને ક્ષ્નૂમ જેવું બુલંદ જ્ઞાન મેળવવાને માટે અને સમજી લેવાને માટે ઉરવાનની શક્તિઓ ખીલી નીકલી નહી હોય ત્યાં સુધી, પેગામ્બર સાહેબે જે જે કોલ આપ્યા છે તે કોલ પ્રમાણે દ્રઢ એતેકાદથી દરેક જણે અમલ કરી જીંદગી ગુજારવી જોઇએ

છે, કારણ કે આપણે આગલ પંદરમાં પ્રકરણમાં જોયું છે કે ખનીરથ બામી ઉપરથી ઉરવાનને આગલ વધારવાને માટે સોથી પહેલાં "હવર્શ્ત" યાને પેગામ્બર સાહેબના અકવાલો મુજબની તરીકતોથી શરૂઆત કરવી જોઇએ છે. જરથોશ્તી દએન શીખવે છે કે જે જે કુદરતના કાયદાઓ વખ્શુરે વખ્શુરાંન સાહેબે પીછાણી લીધા છે તે તમામ કાયદાઓની સમાંતર રહીને તે કાયદાઓ મુજબ જીંદગી ગુજાર્યાથીજ ખરૂં જ્ઞાન* યાને કુદરતને પીછાણવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે હ્યાં "હુવર્શ્ત" થીજ ઉરવાનને આગલ વધારવાનું હોવાથી દરેક બસ્તેકુસ્તીઆને વખ્શુરે વખ્શુરાન સાહેબના કોલ મુજબ સુદરેહ પહેરવો જોઇએ, અને સુદરેહ પહેરીને સુદરેહને લગતી તમામ તરીકત પાળીને તથા નવે નવ સાંધાઓને લગતા લાયક મંરતબાના મીથ્ર ચાલુ રાખીને પોતાના ઉરવાનને એક બસ્તેકુસ્તીઆન આગલ વધારી શકે છે.

જીંદગી દરમ્યાન આવી રીતે પોતાના ઉરવાનને સુદરેહ પહેરીને આગલ વધારે છે, એટલુંજ નહી પણ

---

* જુઓ ગાથા, હા ૩૪ ; ૮—

"યોઇ નોઈત અષેમ મઇન્યન્તા,
અએઇબ્યો દૂઇરે વોહૂ અસ મનો."

"જેઓ અશોઇ ઉપર ધ્યાન આપતા નથી, તેઓથી "વોહૂ-મનંધહ" યાને મીનોઇ જ્ઞાન દૂર હોય છે."

મરણુ બાદ પોતાનાં ઉરવાનને આગલ વધારવા માટેની સવ-ળતા કરતો રહી એક બસ્તે—કુસ્તીઆન સુદરેહ પહેરીને તૈયારી કરતો જાય છે. સુદરેહ પોતે સફેદ રંગનો તથા રૂના કપડાંનો હોવાથી શરીરમાંનાં "હઈર" ને સુરજના શ્વાની મારફતે ખોરેહને કાંઇ પણુ હરકત કર્યા વગર બહાર મોકલી શકે છે, અને આ રીતે ખોરેહની સુક્ષ્મતા જાળવ-વવામાં તથા ઘણુા શ્રેષ્ટ સ્તોતને લાયક મરતબાની અસ્પં-દીમાં રાખવામાં મદદ કરે છે એટલુંજ નહી, પણુ સુદરેહના જે નવ સાંધાઓ છે તથા સુદરેહની જે લંબાઇ તથા ગોળાઇ છે તે આખા સુદરેહની બનાવટ બુલંદ તાવીલ યાને ઉંડા અર્થો ધરાવે છે,——અને સુદરેહ હસ્તીમાં આગલ વધવા માટેના જરથોસ્તી દએનના જે જે મરકજો બતાવે છે તે મરકજો ઉપર એક બસ્તેકુસ્તીઆન તે મરકજોને લાયકના જે ચાલુ મીથ્ર ફેંકે છે, તે મીથ્રની મારેફતથી ઉરવાનને લગતી કેરદાર કેટલી બધી સુક્ષ્મ થાય છે, અને આ સુક્ષ્મ થયલી કેરદાર ગુજર પામવા બાદ ઉરવાનને "પુલગુજાર" કરવામાં કેવી કીમતી મદદ કરે છે તે જયારે જાણીશું ત્યારે તો વખ્શુરે વખ્શુરાન સાહેબ ઉપર સદ હજાર આફરીન કરીશું.

"કેરદાર" અને "પુલગુજાર" ની બાબદ સમજવા માટે મરણુ પછી ઉરવાન પોતાની રહેણુી કરણુી મુજબ કેવી કેવી હાલતમાં રહે છે તે બધી બાબદોના ઉંડાણુમાં લંબાણુથી ઉતરવાની જરૂર પડે છે. તેટલા માટે હાલમાં

ટુંકમાં આટલુંજ યાદ રાખીશું કે "કેરદાર" પહેલવી શબ્દ છે અને એનો અર્થ "કંઇ પણ કીધેલું હોય તે યાને કરણી," થાય છે. "કેરદાર" બે જાતની હોય છે, જેમાં એક સ્થુલ અને એક સુક્ષ્મ છે. સ્થુલ કેરદાર જીંદગી દરમ્યાન રહેણી કરણી તથા મીથ્ર વગેરે ઉપર આધાર રાખી "ખોરેહ" ના રૂપમાં એક શખ્સની આસપાસ રહે છે, અને વળી આ સ્થુલ કેરદારના દરજજા પ્રમાણે તેના વિચાર આચારો ઉપર અસર થાય છે. વળી આ ખોરેહ યાને સ્થુલ કેરદારના દરજજા મુજબ અણદીઠ આલમમાં ચોકસ મરકજ ઉપર "સુક્ષ્મ કેરદાર" બંધાતી જાય છે, યાને કે આ સુક્ષ્મ કેરદારની બાંધણીનો આધાર જીંદગી દરમ્યાન પાલેલી તરીકતો તથા સાબેત મીથ્ર ઉપર રહે છે. જેમ જેમ દરેક તરીકતો પાલીને અસરે રોશનીના મીથ્ર રાખ્યા હોય છે તેમ તેમ તે ઉરવાનની અણદીઠ આલમમાં બંધાતી કેરદાર ઘણીજ "લતીફ" યાને સુક્ષ્મ અને સુંદર થાય છે—એક ખુબસુરત ઓરત કરતાંબી વધારે ખુબસુરત *

---

* જુઓ હાદોખ્ત નુસ્ક, પરગરદ ૨; ફ ૯.

"તે પવનની લેહેકીમા (તે અશો ઉરવાનની) પોતાની કેરદાર આગલ ચાલતી તેને નજરે પડે છે

"તે કેરદાર એક શોભઇતી, નુરમંદ, સફેદ બાજુવાળી, હીમ્મતવાન, ખુબસુરત, સીધા કદની, ખીલેલી છાતીવાળી, સરવનાં જેવાં તનવાળી, અશરાફ બુન્યાદની, કીર્ત્તીવાળા તોખમની, ૫ દર વરસની ઉમરની કન્યાના રૂપમા, અને દેખાવમા સૌથી શોભઇતી પેદાયશના કરતા એટલી:બધી વધારે શોભઇતી હોય છે. તે અશો માણુસના

આકારમાં ગુજરવા બાદ જયારે તે ઉરવાન પોતાની કેરદારના મરકજ ઉપર જાય છે ત્યારે ત્યાં તેને તુરત જોય છે.

અણુદીઠ આલમમાં "વરજમી"* નાં મરકજ ઉપર રહેલી આ કેરદાર જેટલા દરજ્જામાં લતીફ હોય છે તેટલા દરજ્જામાં ઉરવાનને "પુલ ગુજાર" થવામાં એટલે "ચીનવદ પુલ" પસાર કરવામાં તે કીમતી મદદ આપે છે. "મેહેર"ના "અઇપી-દખ્યૂ"†

ઉરવાને તે કેરદારને પુછયુ કે, 'તું કોણ કુમારી છે, જેવી મેં કુમારીઓમા શરીરે ઘણીજ શોભઇતી કદાચજ જોઇ છે?, ત્યારે તે અશો ઉરવાનની પોતાની કેરદારે તેને જવાબ આપ્યો કે, 'અએ નેક મનશ્નીવાળા, નેક ગવશ્નીવાળા, નેક કુનશ્નીવાળા, નેક નૈયતવાલા જવાન! હું તો ખરેખર તારા પોતાનાજ તનની કેરદાર છું'"

* "ગંજીશી," "કંગદેજી" અને "વરજમી" એ ત્રણ તબકકા ખનીરથ બામીથી ગણતા ગુજર પામવા બાદ અણુદીઠ આલમમાં પોતાની રહેણી કરણી મુજબ ઉરવાનના ત્યાં થોભવાના મરકજો બતાવે છે. જુઓ દરેક આફ્રીગાનની શરૂઆતમા ભણવાનો મીથ્ર રૂપી દીબાચો:—

"હમા ફ્ર્વશ અશોઆન હફતે કેશ્વર જમીન. અર્જહે સવહે, ફ્રદદફ્શ વીદદફ્શ, વોઉરૂ-બરશ્ત વોઉરૂ-જરેશ્ત, ખનરસ બામી, કંગદેજ અશોઆંન, વર્જમ કરદાંન, ગંજમાંથા, ફ્ર્વશ અશોઆંન હમાયો કરદેહા અજ ગયોમર્દ અહા સોશ્યોસ અએદર યાદ બાદ.'

† જુઓ ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ, નં૦ ૧, પાનું ૩૩; તથા જુઓ મેહેર નિયાયશ, અને મેહેર યશ્ત ક૦ ૩૫ "મિથ્રેમ અઈવી દખ્યૂમ યજમઇદે, મિથરેમ અન્તરે-દખ્યુમ યજમઇદે, મિથ્રેમ આ-દખ્યૂમ યજમઇદે, મિથ્રેમ ઉપઇરી-દખ્યુમ યજમઇદે; મિથરમ અદઇરી-દખ્યુમ યજમઇદે, મિથ્રેમ પઈરી-દખ્યુમ યજમઇદે; મિથ્રેમ અઈપિ-દખ્યુમ યજમઇદે."

આ સાત મેહેરના તબકકાઓમા પોતાની અંદર સાત 'કેશ્વરો," ત્રણ "જરેહ," તથા 'વરજમી" 'કંગદેજી," "ગંજીશી" તથા "દાદારે ગેહાન" અને "અપાખતર" વગેરે વગેરે આવી જાય છે.

થી તે "અઇવી-દખ્યૂ" સુધીના જે સાત તબક્કાઓ છે યાને કે ખનીરથ બામીથી તે છેક "આતશે મીનો કરકો" સુધીનો જે અંતર છે, અને જે માર્ગ ઉપરથી ઉરવાનને ખનીરથ બામી છોડયા પછી પસાર થવું પડે છે, તે ખનીરથ બામી અને 'મીનો કરકો'' ની વચ્ચેનું જોડાણ "ચીન્વદ પુલ" તરીકે ઓળખાયલો છે, અને આ "ચીન્વદ પુલ" ના પણ ત્રણ મરતબા જણાવવામાં આવ્યા છે.

"ચીનવદ પુલ" એ પહેલવી શબ્દ છે, અને અવસ્તામાં "ચિન્વતો પેરેતૂ" તરીકે ઓળખાયલો છે. ઉરવાનને હસ્તી તરફ જવા માટે અંતે "ચીનવદ પુલ" પસાર કરવાનો છે, અને જરથોશ્તી દએનની બરકતથીજ આખો ચીનવદ પુલ* પસાર થઇ શકે છે. જે ઉરવાનો અશોઇને માર્ગે ચાલેલાં

---

* જુઓ ગાથા હા ૪૬, ૧૦.

"યે વા મોઇ ના ગેના વા મજદા અહુરા,
દાયાત અંઘહેઉશ યા તૂ વોઇસ્તા વહિશતા,
અષીમ અષાઇ વોહૂ ક્ષથ્રેમ મન ઘહા,
યાંસ્ચા હક્ષાઇ ક્ષ્માવતાંમ વહ્માઇ આ,
ફ્રો તાઇશ વીસ્પાઈશ ચિન્વતો ફ્રફ્રા પેરેતૂમ."

" જે કોઇ, અએ હોરમજદ ! મરદ યા ઓરત, જીંદગીનું સર્વોત્તમ જે ખચ્ચીત તે જાણેલુ છે તે મને આપે, તથા જે કોઇ અશોઈને ખાતર અશોઇ અમલ કરી ભલી મનશ્નીની મારફતે તેહેશ્તની સતા રાખે, તેઓને તારી આરાધના તરફ હું દોરી લઇ જઇશ, અને તે સઘળાઓને ચિન્વત પુલ તદન પસાર કરાવી લઇ જઇશ."

હોતાં નથી, તેઓ "ચીનવદ પુલ"* ઉપરથી પાછાં પોતાના મરતબા પ્રમાણે ચોકસ વખતે ખનીરથ બામી તરફ ચાલ્યાં જાય છે.

જો કેરદાર ચોકસ દરજાામાં સુક્ષ્મ હોય છે તો ચીનવદ પુલ પસાર કરતી વખતે ઉરવાનને અણુદીઠ આલમમાં આગલ વધારવા (acceleration) માં સ્તોત યાને ધ્વનીથી ઉત્પન્ન થતાં રંગોને ફાયદે મદદ મલે છે. જો સુદરેહ નહી પહેરવામાં આવે અને જરથોશ્તી તરીકત ઉપર આંખ વીંચામણા કરવામાં આવે તો ખોરેહ સ્થુલ અને ગદલું બને છે એટલુંજ નહી, પણ અણુદીઠ આલમમાં રહેત્રી કેરદાર પણ ઘણીજ ઘટ અને બદસુરત ઓરતના

---

*જુઓ ગાથા હા ૪૬; ૧૧.

"ક્ષથ્રાઇશ યૂજેન કરપનો કાવયસ્ચા
અકાઈશ બ્યઓથનાઇશ અહૂમ મેરે-ગેઇદયાઈ મષીમ,
યેંગ ખે ઉર્વા ખએચા ખ્રઓદત દએના
હયત અઇબી-ગેમેન યથ્રા ચિન્વતો પેરેતુશ
યવોઇ વીસ્પાઇ દ્રૂજો દેમાનાઈ અસ્તયો."

"'કરપો' યાને છતે કાને બેહેરા રહી ધર્મનાં ફરમાનો નહી સાંભળનારાઓ અને 'કીક' લોકો યાને છતી આખે આંધળા રહી જાણી જોઇને ધર્મના ફરમાનોનો અનાદર કરનારા એતેકાદ વગરનાઓ, પોતાની સતાની રૂએ ખરાબ કામોથી માણસનો અહૂ ખીલવવાને બદલે તેને પાયમાલ કરવાને મંડેલા રહેછે, તથા જેઓનાં પોતાનાં ઉરવાન અને પોતાનાં અંતઃકરણ સખત યાને સ્થુલ (Gross) હાલતમાં લાવી મુકેલાં હોય છે, તેઓ તમામ લાંબા વખત સુધી, જે તરફ ચીનવદ પુલ છે તે તરફથી, દરૂજના મુકામમાં યાને જીસ્માની આલમમાં હયાતી ભોગવનારા તરીકે જઇ રહે છે."

વળી જુઓ એજ બાબદ માટે ગાથા હા ૫૧; ૧૩.

જેવી * કદરૂપી બનતી જાય છે. આવી ઘટ કેરદાર હોવાના પરીણામે રહેલત કર્યા બાદ ઉરવાનને અણદીઠ આલમમાં ઘણા નીચલા તબક્કા ઉપર થોભવું પડે છે, કારણ કે આવી ઘટ કેરદાર પીગલતાં કુદરતી કાયદે વાર લાગતો હોવાથી ઉરવાન આગલ વધી શકતું નથી. તેટલા માટે જીંદગી દરમ્યાન દરેક બસ્તેકુસ્તીઆંને ગુજરવા પછીની ઉરવાનની હાલત માટે તૈયારી કરી રાખવાની છે, કે જેથી કરીને અણુદીઠ આલમમાં જ્યારે ઉરવાન પોતાનો વાસો કરે ત્યારે ત્યાં તેને કોઇપણ રીતે પોતાના માર્ગમાં આગળ વધવામાં અડચણ આવી શકે નહી. બીજા શબ્દોમાં બોલ્યે તો આ દુન્યામાં જરથોશ્તી દએનની તરીકતો મુજબ એવી રીતે કુદરતી કાયદાનુસાર જીંદગી ગુજારવી કે જેથી કરીને અણુદીઠ આલમમાં બંધાતી કેરદારમાં કોઇપણ રીતે ઘટપણું યા સ્થુળતા (grossness) આમેજ થઇ શકે નહી. ચીનવદ પુલ પસાર કરી જવા માટે કેરદાર તો ગોયા ઉરવાનને માટેનો પરવાનો (passport) છે, અને તેટલા માટે આ પરવાનો યાને કેરદાર દરેક ઉરવાનને પોતાને માટે ચાલુ મેલવી રાખવાનો છે, કે જ્યારેબી ઉરવાન રહેલત કરી જાય ત્યારે આ "કેરદાર રૂપી પાસ-પોર્ટ" ની મદદથી ચીનવદ પુલ સહેલથી પસાર કરી શકે.

આ "કેરદાર રૂપી પાસ-પોર્ટ" જે આપણુ દરેક જણે મેળવી રાખવાની છે તેની સુક્ષ્મતા (fineness) નો

---

* જુઓ હાદોખ્ત નુસ્ક, પરગરદ ૩; ૨૭-૩૨.

આધાર આખી જીંદગી દરમ્યાન જે અશોઈને લગતા મીથ્ર રાખ્યા હોય છે તે મીથ્ર ઉપરજ રહેલો છે, અને આપણે જોયું છે કે જે હસ્તી તરફ ઉરવાનને અંતે જવાનુંજ છે તેને માટેના લાયક મીથ્ર ચાલુ સાબેત રાખવા માટેના તમામ પગથીયાં રૂપી મરકજો ધરાવનાર એક બુલંદ આલાત આપણો સુદરેહ છે. આ રીતે જીવતાં જીવત ખોરેહ જાળવવામાં મદદ કરી ખોરેહ યાને ઉતરતા દરજાની કેરદારને સરસ રાખવામાં સુદરેહ ઉપયોગી થઇ પડે છે, એટલુંજ નહી પણ ગુજરવા બાદ ઉરવાનને ચીનવદ પુલ પસાર કરવામાંબી હસ્તીના મીથ્રની કાયમીની મારેફતથી અણદીઠ આલમમાં બંધાતી ચહડતા દરજાની કેરદારને અતી સુક્ષ્મ અને શ્રેષ્ટ બનાવી ઉરવાનની બીલકુલ નાજી કરવા માટે એક ઘણુંજ સરસ આલાત સુદરેહ થઇ પડે છે.

એક બસ્તે-કુસ્તીઆંનને મરણ બાદ દોખમે નશીની માટે તેના કાલબુદને સુદરેહ પહેરાવવાની જરૂર.

સુદરેહથી "દરૂજી-ઇ-નસુશ" ના જોશનું કમતી થવું.

હયાં એક નાની પણ અગત્યની બાબદ ઉપર ધ્યાન આપવાની જરૂર છે. જીંદગી દરમ્યાન તથા રહેલન

કર્યા પછી અણુદીઠ આલમમાં ઉરવાનને બીનોઇ વૃદ્ધિમાં આગળ વધવાની ઉરવાનની ખીશ્કારી જે "ઉરૂ" છે તે કાર્યમાં સુદરેહ ઘણો મદદ કરતા થઇ પડે છે. એ વિષે કંઇક ખુલાસો મેળવ્યાથી જરથોશ્તી દએનમાં કેવી બુલંદ સાયન્સ સમાયલી છે તે બાબે વાંચનારના દીલમાં વખશુરે વખશુરાંન સાહેબના જ્ઞાન બાબે ખુશાલી બરપા થતી હશે.

જરથોશ્તી દએન કુદરતના તમામ કાયદાઓની એવી તો બારીક સાયન્તીફીક સમજણ સમાવી દે છે, કે "કાલબુદ" યાને મરણ પામેલાં શરીરને પણ સુદરેહ પહેરાવવાનું ફરમાન આપવામાં આવ્યું છે. આખી જીંદગી દરમ્યાન એક શખ્સ જે સુદરેહ પહેરીને તે સુદરેહના સરશોકની અંદર પોતાની પાળેલી તમામ તરીકતની અસરનો જમીલો એકઠો કરેલો હોય છે તે પોતાનો વાપરેલો સુદરેહ તેના મરણ વખતે તેનો સચકાર કરતી વખતે તેના કાલબુદને પહેરાવવાની ખાસ જરૂર છે. મરણ બાદ શરીરની અંદર જે કોહવાની ક્રીયા ચાલુ થઇ અસરે તારીકી પેદા થાય છે અને દરૂજી-ઇ-નસુશ* તે શરીર ઉપર ગલબો કરે છે તે દરૂજી-ઇ-નસુશનું જોર ચાલુ ઓછું રાખવાને માટે સચ-

---

* ઇલ્મે ખ્નૂમ સીરીઝ નં૦ ૨ પાને ૬૧ ની ફુટનોટમાં જણાવ્યા મુજબ ખુરદાદ યશ્તમાં એ શબ્દ આવેલો છે. એનો અર્થ "નસુ" યાને નાશ પામવાની તથા કોહવાની ક્રીયા ચાલુ થતી વખતે જે અસરે તારીકી યાને અશોઈથી ઉલટી અસર યાને "દરૂજી" બરપા થાય છે તે.

કાર વખતની તરીકતો* તથા ક્રીયાઓ અને "યશ્તેગાંન" યાને સચકેલાં શરીર આગળ ભણવાના ભણુતરો વગેરે ચાલુ કરવાનો હોકમ પએગામ્બર સાહેબે આપેલો છે. દરૂજ-ઇ-નસુશનું જોશ "ક્રેહબુત" યાને ઘણું વધી પડેલું થવાથી શરીરની બહાર ત્યાં આગળ રહેલાં ઉરવાનને ઘણું દુઃખ થાય છે અને તે ઉરવાન આકુળવ્યાકુળ થઇ જાય છે. તેટલા માટે ઉરવાનને શાંતીમાં રાખવાને ખાતર દરૂજ-ઇ-નસુશનું જોર કમતી રાખી—અસરે તારીકી મરણ પામેલાં કાલબુદને લીધે કુદરતી કાયદે ઉત્પન્ન થાય છે તેને ચાલુ જુજને કાયદે અસરે રોશનીમાં ફેરવ્યા કરવાને ખાતર—આવો ઉમદા હોકમ સચકાર વગેરેની બાબદમાં જરથોસ્તી દએનમાં આપવામાં આવેલો છે.

આવી વખતે પણ સુદરેહ પોતાની ખીશ્કારી બજાવે છે. એક બસ્તે કુસ્તીઆંનના કાલબુદની ઉપર સુદરેહ પહેરાવવાનો હોકમ છે એટલુંજ નહી પણ તે કાલબુદને તમામ સફેદજ રંગના કપડાંમાં રાખવું જોઇએ છે. અગ્યારમા

---

* સચકાર માટેની તરીકતો—જેવી કે તાજાં આબેજર યાને ગોમુતથીજ કાલબુદને સાફ કરવું; પાણીથી બીલકુલ કાલબુદને નહવાડવું નહી; કાલબુદને સુદરેહ કુસ્તી વગેરે પહેરાવવું; આંખ, કાન ખુલ્લા રાખી મોઢા ઉપર પદાન બાંધવુ; બરાબર બંધ બાંધવા; જમીનની બરાબર નજદીક કાલબુદને મુકવુ; કાલબુદની આસપાસ "કશ" ખેંચવા; દરેક ગેહ બદલાય તે વખતે સગદીદ કરાવવી યાને કુતરાની આંખમાની "ખાસ્તર" તે કાલબુદ ઉપર પાડવી; કાલબુદથી ચોકસ કદમ દુર આતશ રોશન રાખવો, વગેરે વગેરે.

પ્રકરણમાં આપણે જોઇ ગયાં છીએ કે જરથોશ્તી દએનમાં સફેદ રંગની ખુબી "સ્તોત યસ્ન" ને કાયદે ઘણી બુલંદ લેખવામાં આવી છે તથા સફેદ રંગ તમામ દરૂજીની સામે ટકકર ઝીલી અસરે તારીકીને પાછી અસરે રોશનીમાં ફેરવી નાંખવાનો ઉમદા ગુણ ધરાવે છે. આ ઉપરથી ત્યારે મરણ પામેલાં શરીર ઉપર જે વખતે નસુશ-દરૂજનો ધસારો થાય છે તે વખતે સુદરેહ કુદરતી કાયદે પોતાના સ્તોતને લીધે નસુશ-દરૂજનો જોશ ઓછું કરવાનું કાર્ય કરે છે, તેથીજ કાલબુદને સુદરેહ પહેરાવવાની જરૂર છે. વળી સુદરેહબી તે ગુજર પામનાર શખ્સે પોતે જીંદગી દરમ્યાન વાપરેલો પોતાનોજ હોવો જોઇએ, કારણ કે પોતે પાળેલી તમામ તરીકતની અસરોનો જમીલો સુદરેહ પોતે સોશન કરવાનો ગુણ ધરાવે છે, અને તેટલા માટે સચકાર વખતે પોતાનોજ સુદરેહ જો તે કાલબુદને પહેરાવવામાં આવેલો હોય છે તો પોતાના સુદરેહમાં જેટલાં પ્રમાણમાં બખ્તર રૂપી જોશ તરીકતો પાળવાને લીધે રહેલો હોય છે તેટલાં પ્રમાણમાં નસુશ-દરૂજની સામે એક અચ્છી ઢાળ યા કોટ તરીકે કાર્ય કરી તે કાલબુદ દોખ્મેનશીન થાય ત્યાં સુધી ત્યાં શરીર આગળ રહેલાં ઉરવાનને શાંતીમાં રાખવામાં આ સુદરેહ કીંમતી મદદ કરે છે, અને આવી રીતે કાલબુદને તે શખ્સનો પોતાનો સુદરેહ પહેરાવેલો હોવાથી તે કાલબુદ તરફ અરવઇ આલમની ઉતરતા દરજાની નુકસાનકારક શક્તિઓ ખેંચાતી નથી, અને આ અરવઇ આલમની

શકિતઓ સુદરેહને લીધે ઉરવાનને બીહુવરાવી હરકત કરી શકતી નથી.

આ રીતે ત્યારે સચકારની તરીકતોમાં પણ સુદરેહ પોતાનો અગત્યનો ભાગ બજાવે છે. જો કાલબુદને સુદરેહ પહેરાવવાની બાબદ કદાચ નજીવી ગણવામાં આવે, પણ ઉરવાન ગુજરયા બાદ શરીરને જેમ ગમે તેમ બાંધ્યાથી ઉરવાનનો શરીર સાથે જે અણુદીઠ સંબંધ રહે છે તેને લીધે ઉરવાન આકુળ વ્યાકુળ થાય છે તેટલા માટે દોખમે નશીની થાય ત્યાં સુધી તે શરીરને જરથોશ્તી દએનના કાયદાઓ મુજબજ રાખવું જોઇએ. જીંદગી દરમ્યાન હરેક રીતે ઉરવાનને આગળ વધારવાની પાયારૂપી તરીકત જે "સુદરેહ-કુસ્તી" છે તેમાંનો આ સુદરેહ ઉરવાનના ગુજર પામવા બાદ શરીરની આસપાસ રહી આ તરીકતનો જમીલો પકડી રાખનાર, અસરે તારીકીને દુર કરી દરૂજી-ઇ-નસુશ સામે ટકકર ઝીલનાર, એજમતી આલાત સુદરેહ ઉરવાનને દરેક રીતે વૃદ્ધિના માર્ગમાં મદદ કરી, પોતાનું અસરકારકપણું બતાવી આપે છે.

આ તે "સુદરેહ" છે.

સુદરેહ પહેરવાની મતલબ કંઇ "જરથોશ્તી" તરીકે ફકત ખાલી ઓળખાવાની નથી.

આ આપણો સુદરેહ કાંય પહેરવોજ જોઇએ તે હવે વાંચનારને સમજ પડતું હશે. આખો સુદરેહ પોતે કેવી

કાર્યસાધક (practical) અસરો ઉરવાનની બહેતરી કરવાના કાર્ય માટે ઉપજાવે છે તે આપણે જોયું છે. આ તે સુદરેહ છે. સુદરેહની તાવીલ અને ઉંડો અર્થ (inner deep meaning) આ છે. એજ પ્રમાણે જરથોશ્તી દએનમાં ફરમાવેલી દરેકે દરેક તરીકતો તથા તમામ ક્રીયાકામો વગેરેમાં વપરાતી ચીજો તેની પોતાની કાર્યસાધક સાયન્તીફીક અસરો ધરાવે છે. જરથોશ્તી દએનની અંદર કોઇબી ચીજ અમથી એંધાણી (empty symbol) તરીકે છેજ નહી જો કોઇબી ચીજ તેની કાર્યસાધક અસરો ધરાવતી નહી હોય તો પછી ખાલી એંધાણીઓ (dead symbol) રાખવામાં કંઇ પણ ફાયદો હોયજ નહી. સુદરેહમાં જો પોતાની કાર્યસાધક સાયન્તીફીક અસરો હોય નહી, અને ફકત કંઇબી માની લીધેલી એંધાણી (make-believe symbol) તરીકે પહેરવામાં આવતો હોય તો તે પહેરેલો અને નહી પહેરેલો સરખોજ છે. અમુક શખ્સ "જરથોશ્તી" છે એમ ફકત ઓળખાવાને ખાતર "સુદરેહ–કુસ્તી" પહેરવામાં આવતાં નથી, પણ સુદરેહને તો એક એજમતી આલાત (Efficient Instrument) તરીકેજ વખ્શુરે વખ્શુરાન સાહેબે ઓળખાવેલો છે, અને આવાં ઉમદા આલાત તરીકે જીંદગી દરમ્યાન, તથા ગુજર પામતી વખતે, તથા રહેલત કરવા બાદ અણદીઠ આલમમાં ઉરવાનને બધી રીતે હર વખતે મીનોઇ વૃદ્ધિ કરવામાં કેવી બુલંદ મદદ કરે છે તે આપણે જોયું છે, અને આ ઉપરથી સુદરેહની કુદરતમાં પોતાની

ખીશ્કારી (function) તથા અસરકારકપણું (efficiency) ઉરવાનની બુલંદી માટેના કેવા મ્હાન છેડા તરફ લઇ જવામાં મદદ કરે છે તે હયાં સિદ્ધ થઇ ચુકે છે. આફ્રીન બર વખશુરે વખશુરાન સાહેબ, કે જેવણે આપણી ઉપર કુદરતના કાયદાઓ બાબેના આવાં ઉમદા જ્ઞાનની નવાજેશ કરી છે!

•

પ્રકરણ એકવીસમું.

"ખીરફારી-ઇ-સુદરેહ" યાને ઉરવાનને બુલંદીએ પહોંચાડવા માટે સુદરેહનું પોતાનું કાર્ય.

એજમતી આલાત સુદરેહના પાયા ઉપર નાફે બવ્રનો તેહમતની કીલ્લો.

ઉરવાનને દરૂજી સામે ટક્કર ઝીલનારૂં (drujih-proof) બનાવનાર-સુદરેહ.


"નપાતેમ બવ્રહે" ના કીલ્લાની બુલંદ ટોંચ ઉપર પહોંચવા માટે સુદરેહના બખ્તરની ખાસ જરૂર.

સુદરેહના ચીત્ર ઉપરથી વખશુરે વખશુરાંન સાહેબના બુલંદ જ્ઞાન ઉપર કુદરતી રીતે થતી આફરીન!

"માંજદજહૂમ નપાતેમ બવ્રહે" ના બુલંદ આષીરવાદ.

તાવીલે-સુદરેહ યાને સુદરેહમાં સમાયલો ઉંડો સાયન્તીફીક ભાવાર્થ વિષેનું આ ખાકસાર લખાણ ખતમ કરતી વખતે એક સુંદર ચીત્ર રૂપે તમામ જરથોસ્તી તરીકતના મુખ્ય કુલ્યાતી યાને સામટાં ૯ મરકઝોની ઉપર જીંદગીની હરેકે હરેક પળે આપણા મીથ્ર સાબેત કાયમ રાખવા માટે

તરીકત મુજબનો સુદરેહ



નવ સાંધા કેવી રીતે તાલુકો રાખે છે તે જોઇ લેવાની કોશેશ કરીશું જો જરથોશ્તી તરીકતના આ નવ મરકજો ઉપર ચાલુ મીથ્ર રાખી કુદરતની સાથે હુમશારીકીમાં રહેવાની કોશેશ કરવામાં આવે તો એક બસ્તે કુસ્તીઆંનની જીંદગી ગુજારવાની રીતીમાં કેવો બુલંદ ફેરફાર થઇ શકે તે દરેક દીનદાર વાંચનાર હવે સહેલાઇથી સમજી શકશે.

આ પાસે આપેલું ચીત્ર એક બસ્તેકુસ્તીઆંન મરદના સુદરેહમાં નવ સાંધાઓ કેવી રીતે હોવા જોઇએ તે દેખાડે છે, અને આ નવ સાંધાઓ "નાફે બવ" નામની ઉરવાનને માટેની બુલંદ શકિત બરપા કરવામાં કેવી સરસ રીતે પોતાનો ભાગ બજાવે છે તે આપણે જોવાની કોશેશ કરીશું:—

૧. "ગીરદો"—જરથોશ્તી દએન પ્રમાણે "હસ્તી"-માં ઉરવાનને આગળ વધારવા માટેના બુલંદ "**મીથ્ર**" યાને વિચારો હંમેશાં કુદરતના "**અષ**" યાને અ-સરે રોશનીને લગતી વ્યવસ્થા (Moral Order Divine) ના અચુક કાયદાનુસાર રાખીને, તે બુલંદ મીથ્ર-ને લાયકના "**માંથ્ર**" જે અવસ્તાના કલામો

---

* જુઓ અહુનવદ ગાથા, હા ૨૮; ૮
"દાઓસ્તૂ મજદા ક્ષયાચા, યા વે **માંથ્રા** સ્રેવીમા રાદાઓ."
જુઓ ઉશ્તવદ ગાથા, હા ૪૪; ૧૭.
"અવા **માંથ્રા** એ રાથેમો અષાત હચા."

વખશુરે વખશુરાંન સાહેબે "અહુનવર" ના ઉસુલ્યાતી નાદ ઉપરથી "સ્તોત યસ્ન" ને કાયદે રચીને આપેલા છે તે એજમતી કલામોના "સ્તોત" મેળવીને, જરથોશ્તી દએનનો એક મ્હાન કાયદો "પઈત્યોગેત" * યાને "કેશાશ" (Laws of Retributive Compensation and Universal Adjustment with every visible and invisible object and force in the Universe) ના કાયદાને અમલમાં મુકવા માટે જરથોશ્તી "તરીકત" નો બોજો માથે ઉપાડી, તમામ પેદાયશ સાથનું માંગતું લેણું અદા કરવાના અચુક બારીક કાયદા સમજીને તે મુજબ અમલ કરવા હું કબુલ કરૂંછું એવા મીથ્ર ચાલુ કરયાજ કરવામાં "ગીરદો" મદદ કરે છે.

૨. "ગેરેબાન"—નીરંગ લેવાની, તથા પવિત્ર ખોરાક ખાવાની, જમવાની તથા હાજત વખતની બાજ ધરવાની, અને બાલ, નખ, દશ્તાન, મની વગેરેની દરૂજીઓથી પરહેજ રહેવાની દરેક તરીકત પાળીને, ઉરવાનને "હસ્તી" તરફ જવાને લાયકનું બનાવવાને માટે "એરેજોઇશ ખાઓ †" યાને "સચ્ચાઇનું મૂળ" અને આ "એરેજોઇશ ખાઓ" ની સાથે તેની જુફ્ત તરીકે "મહેર"

---

* જુઓ ઉશ્નવદ ગાથા, હા ૪૬; ૯
"પઈત્યોગેત તા અહમાઇ જસોઇત દ્વએષ ધહા."

† જુઓ બહેરામ યશ્ત કo ૧૧, ૧૨, ૧૩.
"અહમાઇ દયત વેરેથ્રઘ્નો અહુરદાતો એરેજોઇશ ખાઓ"

પાળવાના બારીક કાયદાઓ પ્રમાણે અમલ કરી, "**મીથ્રો-દ્રુજી***" થી પરહેજ રહીને "**ખરેનંઘહ**" † યાને "**ખોરેહ**" ને ઘણાજ શ્રેષ્ટ મરતબામાં લાવી પ્રકાશીત બનાવવાનું છે એવા મીથ્ર "**ગેરેબાન**" સાબેત રખાવે છે.

૩, ૪. "**કાટખુણાના આકારની બે તીરી**"— "**પઇત્યોગેત**" તથા "**એરેજોઇશ ખાઓ**" ના કાયદાઓ મુજબ લાયક રીતે અમલ કર્યાથી, યાને બીજા શબ્દોમાં બોલ્યે તો "**હુવરશ્ત**" તથા "**હૂખ્ત**" ના કાયદા પાળીને, ખનીરથ બામી સાથનો સંબંધ હમેશનો છોડી જઇ "**હસ્તી**" માં આગળ વધવા માટે "**અષહે ખાઓ**"‡ યાને "**અશોઇનું મૂળ**" બરપા કરીને, "**અહૂમ મષીમ**"§ યાને માનવી માટે મુકરર

---

* જુવો મહેર યશ્ત ક૦ ૧.
"**મિથ્રેમ** મા જન્યાઓ, સ્પિતમ"
"રજિશ્તેમ પન્તામ ફ્રાઇતિ આતરે મજદાઓ અહુરહે, યોઇ **મિથ્રેમ** નોઇત અઇવિ-**દ્રુજિન્તિ**"

† જુઓ વોહુક્ષથ્ર ગાથા હા ૫૧, ૧૮.
"તામ ચિસ્તીમ દે-જામાસ્પો હ્વો-ગવો ઇશ્તોઇશ **ખરેનાઓ** અષા વરેન્તે"

‡ જુઓ મોટી હોમ યશ્ત ક ૨ તથા યજશ્ને હા ૧૦; ૪
"હઇથીમ્ચ **અષહે ખાઓ** અહી."

§ જુઓ ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ નં. ૨ પાનુ ૯૯.
વળી વહિસ્તોઇશ્ત ગાથા હા ૫૩, ૫ તથા ૬.
"વએદોદૂમ દએના બીશ અબ્યસ્તા **અહૂમ** યે વંઘહેઉશ મન ઘહો"
"દ્રેગવોદેબ્યો દેજીત-અરેતેબ્યો અનાઇશ આ મનહીમ **અહૂમ** મેરેનગેદુયે."

થયલો કુદરતી "હુમત" યાને ઉસુલ્યાતી કુદરતનો ભલો વીચાર ખીલવવાનો છે એવા વીચારો ઉપર ધ્યાન ખેંચી "કાટખુણાના આકારની બે તીરી" પોતાની ખીશ્કારી બજાવે છે.

૫,૬. "ડાબી બોંચ તથા જમણી બોંચ"— "અષહે ખાઓ" યાને "ઉસુલ્યાતી અષોઇ" ની અમલ્યાતના દરજ્જામાં દાખલ થઇને, "તરીકત" ની મદદથી "દ્રુજ"* "યાને અસરે તારીકી" ઉપર ગાલેબ આવવાની બસ્તે કુસ્તીઆનની ફરજ બજાવવાને ખાતર "અષ"* યાને "અસરે રોશની" ને લગતા યજદી પ્રવાહો મેળવીને, એક "દુરઓષ" ને લાયકની ક્રીયા કુદરતમાં કરવાને માટે "અષહે ખાઓ"ના ઇન્ફાલ યાને પરીણામ તરીકે "અઇરયમન"| અને "સઓક"| નામની અશોઇની શક્તિઓ દરેક ત્રણ

---

* જુઓ ઈલ્મે ક્ષ્નુમ સીરીઝ, નં. ૨, પાને ૫૨-૫૩

વળી જુઓ જમ્યાદ યશ્ત ક. ૯૫.

"વનાત અષ અકામ દ્રુજિમ યામ દુશચિથ્રેમ તેમ ધહએનીમ"
"ખરાબ તોખમના અંધારાને લગતા બુરા દરૂજને અશોઇ મારશે."

| જુઓ અરદીબહેશ્ત યશ્તમા શરૂઆતની ક્ષ્નૂમન.—

"અષહે વહિસ્તહે સ્રએશ્તહે, અઇરયમનો ઇષ્યેહે સૂરહે મજદદાતહે, સઓકયાઓ વધહુયાઓ વોઉરૂ દોઇથ્રયાઓ મજદદાતયાઓ અષઓન્યાઓ"

વળી જુઓ હોરમજદ યશ્ત ક૦ ૨૧.—

"નેમો સઓકે મજદદાઇતે."

ત્રણ દરજજામાં બરપા કરવાનીજ છે એવા મીથ્ર ચાલુ ફેંકવામાં "**ડાબી બાંય**" તથા "**જમણી બાંય**" મદદ કરે છે.

૭, ૮. "**ડાબો સાંધો**" યાને "**આગળો પડદો**" તથા "**જમણો સાંધો**" યાને "**પાછલો પડદો.**"—"**અઇરયમન**" ના ત્રણ દરજજામાંથી પસાર થઇને, "**સઓક**" ના ત્રણ દરજજા પુરા કરયા પછી "**નીસ્તી**" માંજ આ બધી શક્તિઓની મદદથી "સરોશનો નાદ" મેળવીને, "અષહે ખાઓ" ની ત્રીજી શ્રેષ્ટ શકિત યાને "**અષી**" નામની બુલદ શકિત ત્રણ દરજજામાં ખીલવવાની છે, તથા "હસ્તી તરફ ઉરવાનને આગળ વધી "ઉરૂ" થવાનું છે તેને ખાતર તુરફા યાને ઉંચ દરજજાની અશોઇની ઘણીજ બુલદ અને મોતેબર હાલતમાં લઈ જનારી "**નપાતેમ બવ્રહે**" નામની શકિત મેળવવાની છે, એવા "**અષી**" તથા "**નપાતેમ બવ્રહે**" નામના બુલદ મરકજો ઉપર મીથ્ર સાબેત રાખવામાં "**આગળો પડદો**" તથા "**પાછલો પડદો**" મદદગાર થઇ પડે છે.

૯. "**એક સમાંતર તીરી**"—"**અઇરયમન,**" "**સઓક,**" તથા "**અષી**" આ ત્રણ શક્તિઓ

---

* જુઓ સરોશ યશ્ત રાતની વડી યા હાદોખ્ત, દરેક કરદામા ભણાતો ફકરો.

"તેમ યજાઇ સુરૂન્વત યસ્ન સ્રઓષેમ અષીમ જએથ્ર.બ્યો અષીશ્ચ વંધુહીમ બેરેજઇતીમ, નઇરીમ્ચ સ વહેમ હુરઓદેમ."

સંપુર્ણ રીતે ત્રણુ ત્રણુ દરજ્જામાં મેળવીને, આ ત્રણુ શક્તિ-ઓના ઇન્ફાલ તરીકે "**નપાતેમ બવહે**" યાને "**નાફે બવ**" નો તેહેમ્તની કીલ્લો આ સુદરેહના પાયા ઉપર ફરતો મજબુત રીતે બંધાઇને રહયાથી, આ "**નાફે બવ**" ની મારેફતથી હુસ્તી તરફ જવાના પહેલાં મરકજ યાને "આતશે મીનો કરકો" પસાર કરવાની આગમજ ઉરવાનના "**શરીર**" તથા "**ખસીસ**" દરજ્જાની જુફત એકતાન કરવાની મ્હુાન ક્રીયા યાને "**ખએત્વ-દથ**" કરવાના બુલંદ મીથ્ર ચાલુ કાયમ રાખવાની યાદ "**એક સમાંતર તીરી**" આપે છે.

આવી રીતની સુદરેહની બુલંદ ખીશ્કારી (allotted function) જરથોશ્તી ઇલ્મે ક્નૂમ સમજાવે છે. ઉરવાનને હુસ્તીમા પાછુ લઇ જવાને માટે જે જે મરકજો અવસ્તામાં વખશુરે વખશુરાન સાહેબે જણાવેલા છે તે તમામ મરકજો ધ્યાનમાં રાખી આપણા અંતઃકરણ તરફથી મન તરફ વળણ લઇ દ્રઢ એતેકાદથી કુદરતી કાયદાઓ મુજબ જીંદગી ગુજારતાં આ આપણો સુદરેહ શીખવે છે. તરીકત મુજબનો સુદરેહ ત્યારે ઉરવાનને આગળ વધારવા માટે મરકજોનો સીલસીલો યાને ચાલુ સંબંધ (concatenation or connected chain) નીચે મુજબ બતાવે છેઃ—

---

* જુઓ મેહેર યશ્ત, ફ૦ ૯ તથા ફ્રવર્દીન યશ્ત, ફ૦ ૪૭ તથા ૯૨, તથા હાદોખ્ત નુસ્ક, ફ૦ ૧, ૩.

"**ફ્રઓરેત ફ્રક્ષિન અવિ મનો જજ઼ે દાતોઇત અંઘહુયત હચ.**"

"ફેદા કીધેલા અંતઃકરણ તરફથી મન તરફ વળણ લઇને સંપુર્ણ એતેકાદથી."

(વહેદાન્યત*)	અએ્વદથ
(હકીકત´)	નપાતેમ બવ્રહે
	અષી (ત્રણ દરજજાની)
	સઓક („ „)
	અઇરયમન („ „)
(મારેફત*)	અષહે ખાઓ
	અહૂમ મષીમ
	એરેજોઇશ ખાઓ+ખરેનંઘહુ
	પઇત્યો ગેત
(તરીકત´)	મીથ્ર+માંથ્ર

---

* જુઓ ઇલ્મે ક્નૂમ સીરીઝ, ન૦ ૧, પાના ૭૭-૭૮.

આ સીલસીલામાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે સૌથી પહેલાં " મીથ્ર " ને સાબેત રાખવાની જરૂર છે કે જે મીથ્ર સાબેત રાખવાના કાર્યમાં આપણો સુદરેહ પોતાની અજાયબ જેવી ખીશ્કારી બજાવે છે. જો " મીથ્ર " સાબેત રાખી તેની સાથે જુફ્ત તરીકે અવસ્તા " માંથ્ર " મુજબ અમલ કરવામાં આવે તો પછી " **મીથ્ર**" **અને** "**માંથ્ર**" **ની તરીકતથી** " પઇત્યોગેત " તથા "એરેન્જોઇશ ખાઓ" ના કાયદા મુજબ અમલ કરી " ખરેનંઘહુ " ને પ્રકાશીત બનાવી " **અષહે ખાઓ** " **ની મારેફતથી** " અઇરય-મન," "સઓક," અને "અષી" ની બુલંદ શક્તિઓ મેળ-વીને, "**નપાતેમ બવ્રહે**" **ની હકીકત** પામીને, " **ખએત્વદથ** " **ના વહેદાન્યત** તરફ નીસ્તીમાંથી હસ્તીમા દાખલ થનાર ઉરવાનને પહોંચવાનું છે. આ ઉપર જણાવેલો સીલસીલો દરેક બસ્તેકુસ્તીઆંને પોતાના ધ્યાનમાં ચાલુ રાખવાની જરૂર છે, અને આ આખા સીલસીલા ઉપર દમેદમ મીથ્ર ફેંકાવનાર અને ઉરવાનને હસ્તી તરફના પહેલાં મરકજ યાને " ખએત્વ દથ " ની યાદ અપાવનાર આ આપણુ બુલંદ બખ્તર સુદરેહ છે. આ સીલસીલાને એક કોઠાના આકાર (tabular form) માં યાદદાશ્ત શક્તિને મદદ કરવા માટે નીચે મુજબ ગોઠવીશું :—

સાંધાનું અનુક્રમ નંબર.	સુદરેહના નવ સાંધાઓનાં નામ.	સાંધાઓ માટે મીથ.	ઉરવાનને હસ્તીમાં લઇ જવા માટે નવ મરકજ઼ો અવસ્તામાં.
૧	ગીરદો	"કેશાશ" નું ભરપઇ કરવુ	"મીથ + માથ્રની" મારેફતથી "પઇત્યોગેત"
૨	ગેરેબાન	"ખોરેહ" ની જાળવણી	"એરેજોઇશ ખાઓ" ની મારેફતથી "ખરેનંઘહ"
૩, ૪	કાટખુણાના આકારની બે તીરી	હવરશ્ત + હૂખ્તની મારેફતથી ખીલવવાનો "હુમત"	"અષહે ખાઓ" ની મારેફતથી "અહૂમ મષીમ"
૫, ૬	ડાબી બોય તથા જમણી બોય	"અસરે રોશની" ની મારેફતથી "અસરે તારીકી" ઉપર મેળવવાની ફત્તેહ	"દુરઓષ" ની મારેફતથી "અઈરયમન" તથા "સઓક"
૭, ૮	આગળો પડદો તથા પાછલો પડદો	"નીસ્તી" માંથી "હસ્તી" તરફ જવાનુ	"અષી" તથા "નપાતેમ બવહે"
૯	એક સમાંતર તીરી	"શરીફ" ની સાથે "ખસીસ" નુ એક થવુ.	"ખએત્વદથ"

"નાર્રે બજ્ર" નો તેહમ-તની ફીલ્સો.

સુદરેહની ખીશ્કારી હવે બરાબર ધ્યાનમાં રાખીને, ઉપર આપેલા સીલસીલા અથવા તો કોઠા ઉપરથી ઉરવાનને મીનોઇ વૃદ્ધિમાં આગળ વધારવાના મ્હાન કાર્યમાં સુદરેહની મોતેબર મદદ કેવી રીતે મળતી રહે છે તે ઉપર ધીરજથી દરયાફ્ત કરીને, હવે આપણે એક છેલ્લી પણ સૌથી અગત્યની બાબદ ઉપર આવીશું.

ઉપર આપેલા સીલસીલા અને કોઠામાં જે જે શબ્દો જણાવવામાં આવ્યા છે તેમાંના કેટલાકની સમજણ તો અત્યાર અગાઉ અપાઇ ચુકી છે. અને તેટલા માટે "નપાતેમ બવહે" ની શકિત કેવી મોતેબર છે તેનો સહેજ ખ્યાલ હાલમાં ટુંકમાં લેવાની કોશેશ કરીશું જ્યારે એક ઉરવાન "અઇરયમન" ની ત્રણ દરજ્જાની શકિત મેળવે છે, ત્યારે તે "રોશન જમીર" થાય છે, યાને કે આવી શકિત ધરાવનાર શખ્સ પોતાની મેળે કુદરતના કાયદાઓ સમજી શકે છે, અને બીજાંઓના મીથ્ર પણ અગાઉથી વાંચી શકે છે. ત્યારપછી "સઓક" ના ત્રણ દરજ્જામાં જ્યારે એક ઉરવાન હોય છે ત્યારે તે "મુકાશેફાત" થઇ જાય છે, યાને કે કુદરતમાં જે નાદ ચાલી રહેલો છે તેને તે સાંભળી શકે છે. "સઓક" થી આગળ જ્યારે તે ઉરવાન "અષી" ના ત્રણ દરજ્જામાથી પસાર થાય છે તે વખતે તે ઉરવાન "મુશાહેદાત" થઇ જાય છે, યાને કે કુદરતમાં ખનીરથબામી ઉપર યા અણુદીઠ આલમમાં જેઓ કંઇ બને છે તે જોઇ શકે છે.

"અષી" ના ત્રણ દરજ્જામાં સંપુર્ણ રીતે જ્યારે તે ઉરવાન પોતાની શકિત ખીલવે છે, ત્યારે "નપાતેમ બવ્રહે" નામની શકિતનો ફરતો કોટ પોતાના સુદરેહની ઉપર બાંધે છે. એક તરીકતથી અમલ કરનાર બસ્તેકુસ્તીઆંન પોતાના "મહેરે અઇપી" માં યાને પોતાની આસપાસના મહેરના સ્વામાં જે ચાર કીલ્લાઓ બાંધે છે તેમાં સૌથી પહેલો યાને શરીરની સૌથી નજદીકમાં "મીથ્ર" નો કોટ બંધાય છે; પછી "મીથ્ર" ના કોટની આસપાસ તેના પોતાના "માંથ્ર" નો બીજો કીલ્લો બાંધવામાં આવે છે; ત્યારબાદ જે "અષહે ખાઓ" બરપા થાય છે તેનો કોટ ફરતો "માંથ્ર" ના કોટની આસપાસ ઉભો કરવામાં આવે છે, અને સૌથી બહારના (Outermost) કીલ્લા તરીકે "નપાતેમ બવ્રહે" નો તેહેમતની કીલ્લો મજબુત રીતે બનાવવામાં આવે છે.

"નપાતેમ બવ્રહે" જે અવસ્તા રૂપ છે તેનું પેહલવી રૂપ "નાફે બવ્ર" તરીકે ઓળખાય છે. આ શબ્દોનો અર્થ "ઢાળનું મરકજ" ("નાફ" એટલે નાભ, મધ્યબીંદુ centre + "બવ્ર" એટલે ઢાંકણુ, બચાવ) ઉપરથી "બચાવનો નાભ" (the Centre of protection) આવો અર્થ થાય છે. એક બસ્તે કુસ્તીઆનની આસપાસ જ્યારે આ ચારગણો મજબુત કીલ્લો—મીથ્ર, માંથ્ર, અષહે ખાઓ, તથા નપાતેમ બવ્રહેનો તેહમતની કીલ્લો—સંપુર્ણ રીતે બંધાઇને સુદરેહના પાયાની ઉપર તૈયાર થઇ રહે છે તે વખતે મકદુર નહી કે કોઇપણ જાતની દરૂજી, અથવા તો

ખરાબમાં ખરાબ વીચાર સાથનો કોઇબી "અઘ—માંથ્ર" યાને, મેલી વીદ્યા જાણુનાર જાદુગર, અથવા તો ગનામીનો તે બસ્તેકુસ્તીઆનના ઉરવાનને સહેજબી હુરકત કરી શકે ! આ "નાફે બવ" નો કીલ્લો એકવાર બંધાઇ રહુયા પછી ઉરવાન પાછું કોઇબી કારણુથી તનજ્જુલ યાને ઉતરતી હાલતમાં આવી શકતું નથી, કારણુ કે ઉરવાન ગોયા દરૂજીની સામે ટકકર ઝીલનારૂં (drujih-proof) થઇ જાય છે, અને ગમે એવો મજબુતમાં મજબુત "અસરે તારીકી" તરફનો ગલઓ "નાફે બવ" ના તેહુમતની કીલ્લાની અણુદીઠ દેવાલને અઠડીને જ્યાંથી તે ગલઓ આવ્યો હોય ત્યાં પાછો ફેંકઇ જાય છે (is repelled). "નપાતેમ બવ્રહે" ના કીલ્લા સાથનો બસ્તેકુસ્તીઆંન "સરોશ" ના યજદી પ્રવાહો કેવી સહેલાઇથી મેળવી શકે છે, તથા આવી રીતે સરોશના સંબંધથી નવેનવ આસમાનોના પ્રવાહ કેવી રીતે મેળવાય છે તથા "બવ્ર" ની બુલંદ શકિત ખુદ આવાં યજદની છે તેથી તમામ પેદાયશને કેવા ફાયદા થાય છે આ બાબદ ખુદાની મહેરબાનીથી કોઇ ભવિષયના પ્રસંગ ઉપર રાખીશું. હાલતો ફકત એટલુંજ યાદ રાખીશું કે અણુદીઠ આલમમાં "ખએત્વદથ" ની મ્હાન ક્રીયા કરવા આગમજ હયાં ખનીરથ બામી ઉપર "નપાતેમ બવ્રહે" નો તેહુમતની કીલ્લો બાંધીને તૈયાર થવાનું છે, કારણુ કે આ "નફે બવ" નો કીલ્લો બંધાઇ રહુયા પછીજ તે ઉરવાન "ખએત્વદથ" ની ક્રીયા કરવાને

માટે કુદરતી કાયદે હક્કદાર (entitled) થાય છે તેટલા માટે ઉરવાનને "ઉરૂ" કરી નીસ્તીમાંથી હસ્તી તરફ લઇ જવા માટે જે ચાલુ કાર્ય દરેક બસ્તે કુસ્તીઆંને જીંદગી દરમ્યાન વખશુરે વખશુરાંન સાહેબના હુકમથી બજાવવાનું છે તે આ તમામ તરીકતની મદદથી "નાફે બવ" નો અજીત કીલ્લો ઉભો કરવાનું સૌથી બુલંદ કાર્ય છે, અને આપણે જોયું છે કે આ અણુદીઠ "નપાતેમ બવ્રહે" ના કીલ્લાની ટોંચ ઉપર પહોંચવા માટે સુદરેહના બુલંદ બખ્તરની ખાસ જરૂર છે, કારણ કે સુદરેહના સાબેત પાયા ઉપરજ આ બધી ઇમારત બાંધવાની છે. સુદરેહના આ ચિત્ર તરફ જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમની મારફતે નજર કરતાંને વાર વખશુરાન સાહેબનાં કુદરતના કાયદાઓ બાબેના બુલંદ જ્ઞાન ઉપર આફરીન! આફરીન! શબદો દરેક દીનદાર વાંચનારના અંતઃકરણમાં ઉછાળો મારયા વગર રહેશે નહી!

હવે ત્યારે સુદરેહને જરથોશ્તી દએનની તરીકત મુજબ બનાવીને ઉરવાનની મીનોઇ વૃદ્ધિ કરવાને ખાતરજ આ સુદરેહ દરેક બસ્તે કુસ્તીઆંન પોતાના ધર્મના ફરમાનની રૂએ પહેરે છે એમ આપણે "ક્ષ્નૂમ" ના જ્ઞાનની બુલંદ દ્રષ્ટિથી માનીશું. સુદરેહ કાંય આપણે પહેરયે છીએ તેની ઉંડાણ સાયન્તીફીક સમજણ આપણી મગજશક્તિ (intellect) ને થોડી ઘણી તૃપ્ત કરવા માટે હ્યાં આપણે મેળવવાની કોશેશ કરી છે.

સુદરેહ રૂના કપડાંનોજ પહેરયાથી ખોરશેદના સ્વા આડકતરી રીતે દાખલ થઇ આપણા શરીરમાંનું "હઇર" ખેંચાતી વખતે ખોરેહને નુકસાન થઇ શકતું નથી, તથા સફેદ રંગની જે ખુબી ઇલ્મે સ્તોતને કાયદે તમામ દરૂજીને તોડી નાંખ-વાની છે તે પણ આપણે જોઇ ગયાં છીએ. વળી ચામડીની લગોલગ (next to skin) ગરમ કપડાં ફલાનલના કરતાં સુદરેહ રાખ્યાથી શારીરીક તનદુરસ્તી તેમજ ઉરવાનની દુરસ્તીને કેવી રીતે બેઉને એકી વખતે સાચવી શકાય છે તે પણ આપણે સમજયાં છીએ; અને સેવટે સુદરેહનો જે આકાર તથા બનાવટ છે તેની દરેકે દરેક ભાગમાં સમજણ આપણે મેળવી છે. નવ સાંધા પોતાની અંદર કેવા મ્હાન અર્થો સમાવી દે છે, તથા "જરથોશ્તી દએન" નો નીસ્તી-માંથી હસ્તીમાં ઉરવાનને આગળ વધારવાનો જે કાયદો (Law of Unfoldment) છે તે કાયદાના તમામ મુખ્ય મરકજો ઉપર આપણું ધ્યાન રોકી તેજ "ઉરૂ" ને લગતી બુલંદ બાબદને લગતા—હસ્તી તરફ જવાના—ચાલુ મીથ્ર ફેંકવામાં આ સુદરેહ કેવી કીમતી કાર્ય સાધક મદદ કરે છે તે પણ આપણે તુલોતવીલ સમજી ગયાં છીએ. મીથ્ર, માંથ્ર, પઇત્યોગેત, એરેજોઇશ ખાઓ, ખરેનંઘહ, અષહે ખાઓ, હવરશ્ત, હુખ્ત, હુમત, અહુમ મષીમ, દૂરઓષ, અઇરયમન, સઓક, અષી, નપાતેમ બવ્રહે, તથા ખએત્વ-દથ—આ તમામ બુલંદ મરકજો જે "જરથોશ્તી દએન" ના (Most Excellent Landmarks of the Law of

Unfoldment) છે, તે ઉરવાનની "તરક્કી" યાને બુલંદી માટેના મરકજો આ સુદરેહ પોતાની અંદર સમાવી દઇ, "સુદરેહ" પોતેંજ ગોયા સંક્ષેપમાં "જરથોશ્તી દએન" કેવી સરસ રીતે છે તે પણ આપણે જોઇ ગયાં છીએ.

"માંઝ્દઝ્દૂમ નપાતેમ બવ્રહે" ના બુલંદ આષીરવાદ.

આ તે જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમની ચાવીથી ખોલાયલી તાવીલ સાથનો સુદરેહ છે. તરીકત મુજબનો સુદરેહ તો પહેલેથી તે છેલ્લે સુધીના બુલંદ મરકજોની ઉરવાનને બુલંદીએ પહોંચાડવાની સીડી આપણી સનમુખ ઉભી કરી દરેકે દરેક પગથીયાં સ્પષ્ટ રીતે દેખાડે છે, એટલુંજ નહી, પણ જે આષીરવાદ વખશુરે વખશુરાન સાહેબે પોતાની ઉમ્મત યાને જરથોશ્તી દએન પ્રમાણે અમલ કરનારાઓને માટે આપ્યા છે, તે બુલંદ આષીરવાદ—"**માંઝ્દઝ્દૂમ નપાતેમ બવ્રહે**" યાને કે "નપાતેમ બવ્રહેની શક્તિ મેળવવાને માટેના મીથ્રની દુવા આમીન થાઓ! આમીન થાઓ!"—દમેદમ અંતઃકરણથી યાદ કરી સુદરેહના બુલંદ બખ્તરની મારેફતથી આ મોતેબર આષીરવાદ આપણા પોતાના ઉરવાનને માટે ફત્તેહમંદીથી જાળવી, બીજાંઓને પણ આ આષીરવાદ વખશુરે વખશુરાંન સાહેબના વસીલાથી આપવાને માટે આપણ દરેક બસ્તેકુસ્તીઆંને લાયક થવાનું છે! "માંઝ્દઝ્દૂમ નપાતેમ બવ્રહે"—આ આષીરવાદ જરથો-

શ્તી ઇલ્મે ક્ષ્નૂમની ચાવીથી "સુદરેહ" ની મારફતે મેળવ-
વાને દરેક બસ્તે કુસ્તીઆંન પોતાના ખુદાની મહેરબાનીથી
લાયક થાઓ! આમીન!

"તાવીલ-ઇ-સુદરેહ" યાને સુદરેહમાં સમાયલી ઉંડી,
ભેદી, સાયન્તીફીક સમજણુ આ લખાણુમાં જરથોશ્તી ઇલ્મે
ક્ષ્નૂમની મારફતે રજુ કરવાની અદના કોશેશ કરવામાં આવી
છે, અને આવાં બુલંદ જ્ઞાન માટે જરથોશ્તી સાહેબ દેલાંન
ટોળાના ઉસ્તાદ સાહેબ "સોષાવરેજ મરજબાન" સાહેબનો
ઉપકાર માની, તમામ "જરથુશ્ત્રોતેમો" યાને વખશુરે
વખશુરાંન સાહેબના જાયનશીનોને યાદ કરી, વખશુરે વખ-
શુરાંન રમ્જગો અશો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબનું નામ
જબાન ઉપર લઇ, પેદા કરનાર અહુરમજદની બુલંદ યાદમાં
સર નમાવી, આ લખાણુ તમામ કરૂં છું.

સેવટના બે બોલ (Afterword)

આ જરથોશ્તી ઇલ્મે ક્નૂમ સીરીઝ નં. ૨ જાંમાં દરરોજ જે સુદરેહ આપણે ધર્મના ફરમાનને માન આપી પહેરયે છીએ તે સુદરેહની તાવીલ સમજ્યા પછી, સુદરેહ આપણા ઉરવાનની બહેતરીને ખાતર બધી રીતે (in all respects) એક કેવું નાદર બખ્તર—એક કેવું બુલંદ આલાત છે—એક કેવી અસરકારક મારેફત છે—તેનો ખ્યાલ હવે દીનદાર બસ્તેકુસ્તીઆનોને ચોકકસ દરજ્જે આવી શકે એ બનવા જોગ છે આ રીતે તે માનવંત આબેદો સાહેબ દેલાન સાહેબો તરફના જરથોશ્ની ઇલ્મે ક્નૂમની મદદથી સુદરેહનો ભાવાર્થ સમજીને સુદરેહના બખતરને તરીકત મુજબ જીંદગી ગુજારવાને ખાતર કાયમજ રાખવા માટે હમેશા દરેક બસ્તેકુસ્તીઆંન, જેમ આ ચોપડીમાં શરૂઆતના બે બોલમાં જણાવ્યું છે તેમ, પોત પોતાથી બનતી કોશેશ કરે એવી દુવા ગુજારીશું !

આવી રીતની બુલંદ તાવીલ મુનસફ મીજાજથી યાને કંઇપણ પોતાના ખોટી રીતે માની લીધેલા વિચારો વગર (unbiassed) સમજ્યાથી સુદરેહમાં સમાયલી તમામ ખુબીને લીધે શારીરીક તથા ઉરવાનીક ફાયદાઓ જોકે અણદીઠ રીતે તોપણ આપણને ચાલુ મળ્યા કરે છે, અને તેથીજ આ ઉરવાનના કીલ્લા રૂપી પહેરણને "સુદ-રેહ" યાને "ફાયદાનો રસ્તો" ફાયદાનો માર્ગ યાને ફાયદો મેળ-

વવાની મારેફત–તરીકે સાધારણ રીતે ફારસી જબાનમાં ઓળખ્યે છીએ. આવી રીતનો ઉરવાનને જે ફાયદો જોઇએ છે તે "ઉશ્તા" યાને ખરૂં સુખ મેળવવાનો ફાયદો લાવી આપનાર મારેફત "સુદરેહ" હોવાને લીધેજ જરથોશ્તી દએનમાં સુદરેહને આટલી બધી અગત્યતા આપવામાં આવી છે.

આ ઉપરથી સુદરેહ બનાવતી વખતે કેટલીબધી ખાસ સંભાળ રાખવાની જરૂર છે, તથા સુદરેહ બનાવતી વખતે આગમજથી હાથ મોહડું ધેઇને પાદીઆબ કુસ્તી કરીને સરો-શબાજ ભણીને કાંય સીવવો જોઇએ, તથા સ્યાવમાં સુદરેહ જે બુલદ ખીશ્કારી બજાવે છે તે ખીશ્કારીની વાજબી અસર ક્રી-યાકામમાં ઉપજાવવા માટે સ્યાવ સીવનાર બસ્તેકુસ્તીઆંન જ કાંય હોવું જોઇએ, અને જુદદીન દરજીને હાથે સીવેલો સુદરેહ અથવાતો સ્યાવ શા માટે નારવા ગણાવા જોઇએ તે બાબે હવે સમજાવવાની કંઇબી જરૂર નથી. તમામ ચોપડીમાં "ખોરેહ" જાળવવાના બાબમા સુદરેહનું જે મ્હાન કાર્ય સમજાવવામાં આવ્યું છે તે ઉપર ધ્યાન આપતાં દીનદાર વાંચનારને સહેલાઇથી માલમ પડશે કે સુદરેહ, સ્યાવ યા ક્રીયા કામને માટેનુ દરેક આલાત બસ્તેકુસ્તીઆનને હાથેજ તૈયાર થવું જોઇએ. જરથોશ્તી દીનમાં આવી બધી બારી-કીથી દરેક ફરમાનો આવેલાં હોવાને લીધેજ આવા જડવાદી જમાનામાં અનેક હાદેશાઓ ખમવા છતાંબી હુજી જરથોશ્તી કોમનું નામ દુન્યામાં મશહુર છે, અને જરથોશ્તી કોમ

દુન્યાની તમામ કોમોમાં પોતાની જીરમની બુલંદ અસર હુજીબી બતાવી આપે છે, અને તે આ સુદરેહ–કુસ્તી તથા તમામ જરથોશ્તી બુલંદ ક્રીયાઓના પ્રતાપને લીધેજ છે એમ આપણે ખાતરીથી માનીશું.

અને આવાં બુલંદ આલાતના આપનાર તથા જરથોશ્તી દએનના "વસ્ત્ર" ના બાબમાં તેની તુલોતવીલ ફીલસુફી સમજાવનાર વખ્શુરે વખ્શુરાંન સાહેબ ઉપર હજારો હજાર આફ્રીન કરીશું! આપણો "બઘોબખ્ત" યાને ખુદા કે જેણે આપણને બરજીશી જરથોશ્તી દીનમાં જન્મ આપ્યો છે તેના હજારો હજાર શુકરાનાં કરીશું !

જયારે સુદરેહ આટલી બુલંદી ધરાવે છે એમ આપણે જરથોશ્તી ઇલ્મે ક્ષ્નૂમની મારફેતથી જોયું છે, તો પછી સુદરેહની સાથે જુફ્તને કાયદે કાર્ય કરતી ચીજ યાને કે "કુસ્તી" પોતાની અંદર શું શું ખુબીઓ સમાવે છે તેને લગતી "તાવીલ–ઇ–કુસ્તી" જયારે આપણે જાણીશું ત્યારે તો આપણી અંદરની અંતઃકરણની ખરેખરી ખુશાલીનો ગોયા પારજ રહેશે નહી. કુસ્તીને લગતી અનેક બાબદો ઇલ્મે ક્ષ્નૂમની મારેફતથી જાણવામાં પણ આપણને ઘણી મોજ મળશે, અને દીવસમાં અનેકવાર સ્વચ્છ સુદરેહ ઉપર આ કુસ્તીનો ઉનનો બખ્તરરૂપી પતો વીંટાળવાની જે મહેનત કરયે છીએ અને વખત રોકયે છીએ, તે કયા કુદરતના મ્હાન સાયન્તીફીક કાયદાઓને આધારે છે તે

કુસ્તીનો બાબ સમજ્યાથી આપણુને હજી વધારે ખુલ્લાસાથી સમજ પડશે.

ખુદા કરેને આપણુ સર્વે બસ્તે કુસ્નીઆનો આ જરથોશ્તી ઇલ્મે ક્નૂમની મદદથી આપણાં "એરેજીશ્ત" સૌથી બુલદ જરથોશ્તી ધર્મને સમજવા માટે કાળજી રાખ્યે, અને આપણું તન, મન, તથા ધન આવી રીતે આપણા ધર્મને સમજવા માટે જાનફેશાનીથી રોકી, આપણા વખ્શુરે વખ્શુરાંન સાહેબ ઉપર અંતકરણ ફેદા કરી, તેવણે સમજાવેલી જરથોશ્તી દએનની અમલ્યાતી મારેફતથી અહુરમજદની ખુશાલી મેળવવાને લાયક થઇએ! વખ્શુરે વખ્શુરાંન સાહેબ તમામ જરથોશ્તી ઉમ્મતની સદા રેહેનુમાઇ કરે!

આમીન! આમીન!! આમીન!!!

બેત ન૦ ૨૧૦

અનુક્રમણીકા. (Index.)

અ

“અવસ્તા” “પહેલવી” તથા “પાજંદ”માંથી ટાંકેલા ફકરા:—

આ

ઉ

એ

ખ

ચ

જ

દ

મ

મીશ્રનો સંગ્રહ, સુદરેહને લગતા:-

ય

ર

લ

વ

સ

અહુ.

જરથોશ્તી ધર્મની ઉંડાણ ફીલસુફી તથા ક્રીયાકામોની બારીક સમજણ આપનારૂં

જરથોશ્તી "ઈલ્મે ક્ષ્નૂમ" ઈન્સ્તીત્યુત.

(સ્થપાયું તેશ્તર તીર માહ સને ૧૨૮૦ યજદેજરદી, ડીસેમ્બર ૧૯૧૦ ઇસવી.)

તેની મૂળ નેમો અને કાયદા કાનુનો.

૧. નામ—આ ઇન્સ્તીત્યુતને "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇનસ્તીત્યુત"નાં નામથી ઓળખવામાં આવશે.

૨. મૂળ નેમો—આ "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નૂમ ઇન્સ્તીત્યુત"ની મૂળ નેમો આ પ્રમાણે રહેશે.—

(૧) ગાથાના ૪૮ માં હામાં જણાવેલું **"ક્ષ્નૂમ"** યાને અહુરમજદને પીછાણવાની ખુશાલી આપનાર જ્ઞાન જેમાં

"**તરીકત, મારેફત, હકીકત, વહેદાન્યત**" આ ચાર વિભાગો સંપુર્ણ રીતે સમાઇ જાય છે, તે ખાલેસ અસલ જરથોસ્તી ધર્મનું જ્ઞાન પારસી જરથોસ્તી કોમમાં ફેલાવી, કોમને કુદરતના અશોઇના કાયદા પ્રમાણે દરરોજની જીંદગી ગુજારવા માટે શિક્ષણ અને જ્ઞાનની મદદથી માર્ગ મોકળો કરી આપવો.

(૨) જરથોસ્તી ધર્મની ખાલેસ ઉંડાણ ફીલસુફી તથા ક્રીયાકામોની બારીક સમજણ આપી, જરથોસ્તી ધર્મ જે તમામ કુદરતના મહાન કાયદાઓ વિષેનુજ શિક્ષણ છે તે ધર્મનું રહસ્ય સમજાવી, જરથોસ્તીઓની પોતાના ધર્મ તરફની જાનફેશાની સદા મુસ્તકીમ રીતે વધતી રહે, તથા તેઓ પોતાથી બનતી કોરે.શોકરી અશોઇની તરીકતો પાળીને કુદરતી કાયદાનુસાર જીંદગી ગુજારવામાં આગળ વધે એવી વલણ આપવી.

(૩) જરથોસ્તી ધર્મક્રીયાઓથી થતી અસરો તથા તેના ભેદોની સમજણ આપી, જરથોસ્તી ધર્મક્રીયાઓ જે બધી— બરેશ્નુમ, નીરંગદીન, હમાયસ્ત, વંદીદાદ, ઇજીસ્ને, પારતા, બાજ, આફ્રીંગાન, વગેરે વગેરે—કુદરતના અચુક ગુહ્ય કાયદાઓ ઉપરજ રચાયલી છે, તથા જરથોસ્તી ધર્મના ખાસ ઇન્સ્તીત્યુશન જે બધાં-અવસ્તામાંજ બંદગી, આતશબેહરામો, દરેમેહરો, દોખમાઓ, સગડીઓ વગેરે વગેરે-કુદરતના બારીક સાયન્તીફીક કાયદાઓ ઉપરજ રચાયલા છે, તે બધાને લગતા વાજબી ભેદો તથા ક્રીયાકામોની તરતીબને લગતી અસલ તરીકતો સમજાવી, આપણા યઓજદાથ્રેગરો ક્રીયાઓની ઉંડી મતલબ સમજીને, પોતાથી બનતી અશોઇ પાળીને ક્રીયાકામોથી થતી અસરો બતાવી શકે એવી દીશાએ માર્ગ મોકળો કરી આપવો.

(૪) અઠવાડયે યા પખવાડયે શનીવાર રવીવારે મેમ્બરો માટે કલાસો ચલાવવા.

(૫) ક્રીયાકામો કરવાને લગતી બાબદ વિષેની બારીક સમજણ આપવા માટે યઓજદાથ્રેગરોને વાસ્તે જુદા કલાસો ચલાવવા

(૬) વરસમા ત્રણ ચાર શુક્રગુજારીના જશનો—**ખાસ કરીને** "જમશેદી નવરોઝ," "મહેરગાન" અને "ફ્રવરદેગાન" ના જશનો કરવા.

(૭) જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નુમ" નુ જ્ઞાન બહોળી રીતે ફેલાવવા માટે સર અવસરે મુબઇમાં તેમજ પારસી જરથોસ્તીઓના વસવાટવાળા બહાર ગામોમા જાહેર ભાષણો આપવા

(૮) જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નુમ" નુ જ્ઞાન "ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ" રૂપે ચાલુ ચોપડીઓમા છપાવવુ, અને અમુક બાબદોનુ જ્ઞાન ચોપાન્યાં તથા લીફ્લેટો મારફતે ફેલાવવુ

(૯) જરથોસ્તી "ઇલ્મે ક્ષ્નુમ" નુ જ્ઞાન લઇને અનેક બાબદોથી વાકેફ થયલા **જરથોશ્તી ઓલમાઓને**—"તાલેબે ઇલ્મ" યાને "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નુમની તલબ કરનારાઓને"—જરથોશ્તી ધર્મની મોતેબરી સમજાવવા માટે જરથોસ્તી કુટુંબોમા મોકલવા.

૩. **ઉસ્તાદ સાહેબ**—આ "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નુમ ઇન્સ્તીત્યુત"ના કલાસોનુ શિક્ષણ જરથોસ્તી સાહેબ દીલાન ટોળા તરફથી "ક્ષ્નુમ" સંપાદન કરી આવેલા ઉસ્તાદ સાહેબ મી૦ બેહરામશાહ નવરોઝજી શરાફ તરફથી આપવામાં આવશે

૪. **કલાસોનું ધોરણ**—આ "જરથોશ્તી ઇલ્મે ક્ષ્નુમ ઇન્સ્તીત્યુત"ના કલાસોનું ધોરણ ફકત મોઢેથી દરેક બાબદો વિષેનુ શિક્ષણ આપવાનુજ રહેશે, અને ઉસ્તાદ સાહેબ મી૦ બેહરામશાહની પરવાનગી વગર શિક્ષણની બાબદની નોધ કોઇબી મેમ્બરથી કરી શકાશે નહી.

૫. **સવાલો અને લીફલેટો**—આ ઇન્સ્ટીત્યુતના કલાસોમાં ચાલેલી બાબદો નહી સમજ પડવે મેમ્બરો તે બાબે સવાલો પુછી શકશે, અને કલાસોમા ચાલેલી અમુક બાબદો અવાર નવાર ઘટતે પ્રસગે લીફલેટ રૂપે ખાનગી વપરાસ માટે છપાવી મેમ્બરોને આપવામા આવશે.

૬. મેમ્બરશીપ અને રાજીનામુ.

(૧) આ ઇન્સ્તીત્યુતના કલાસમા ૧૮ અને તેથી વધુ ઉમરના દરેક પારસી જરથોશ્તી ગૃહસ્થ મેમ્બર થઇ શકશે. આવી રીતે મેમ્બર થવા માટે "અરજીનો ફોર્મ" ભરી આપવો પડશે તથા દાખલ થવાની ફી રૂા ૧ આપવી પડશે.

(૨) આ ઇન્સ્તીત્યુતના ખરચ તથા નીભાવ માટે દરેક મેમ્બર દીઠ દર મહીને રૂા ૧ ની ફી લેવામા આવશે, અને દરેક મહીનાની ફી તે મહીનાના પેહલા અઠવાડયામા આપવી પડશે

(૩) આ ઇન્સ્તીત્યુતના કલાસમાંથી કોઇબી મેમ્બર પોતાનુ રાજીનામુ આપી શકશે. આવી રીતે રાજીનામુ આપવા માટે બરોબર એક મહીનો આગમજથી "રાજીનામું આપવા માટેની અરજીનો ફોર્મ" ભરી આપવો પડશે અને જે મહીનામા

આ ફોર્મ ભરી મોકલ્યો હોય તે મહીના સુધાંની સઘળી ફી વસુલ થયલી હોવી જોઇશે, અને તોજ તે રાજીનામું આ ઇન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓ લેખીત રીતે સ્વીકારશે

૭. **નાણા વગેરેની ભેટો**—આ "જરથોસ્તી ઇલ્મે ક્ષ્નમ ઇન્સ્તીત્યુત"ને નાણા વગેરેની જે કઇ સ ગીન મદદ કરવામા આવશે તે ભેટની પહોચનો લેખીત સ્વીકાર આ ઇન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓ તરફથી કરવામાં આવશે. સર અવસરે આ નાદર ઇન્સ્તીત્યુતને મદદ કરવા માટે જરથોસ્તી બાનુઓ તથા ગૃહસ્થોને માનપુર્વક અરજ કરવામાં આવે છે

૮. આ ઇન્સ્તીત્યુતને લગતો પત્રવહેવાર તથા વધુ વીગતો માટે "ઇલ્મે ક્ષ્નમ ઇન્સ્તીત્યુત"નો વહીવટ કરનારાઓને સરનામે લખવુ.

૯. ઉપલી નેમો તથા કાયદા કાનુનો ઉસ્તાદ સાહેબ મી૦ બેહેરામશાહ નવરોજી શરાફની પસદગીથી રચવામાં આવ્યા છે, અને ભવિષ્યમાં જરવાન યાને વખતના બદલાવા સાથે આ કાયદાકાનુનો તથા નેમો એવણ સાહેબની પસદગીથી સુધારા વધારાને આધીન છે, અને ઉપલી સઘળી નેમો સજોગો તથા વખતને અનુસાર ઉસ્તાદ સાહેબની મરજીને આધીન રહીનેજ અમલમાં મુકવામા આવશે.

વધુ વિગતો માટે નીચલે સરનામે લખવુ :—

ઇલ્મે ક્ષ્નૂમ ઈન્સ્તીત્યુતનો વહીવટ કરનારાઓ,

જરથોસ્તી ઇલ્મે ક્ષ્નમ ઇન્સ્તીત્યુત ઑફીસ,

એરચશા બીલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ,

મુંબઇ.